અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

24 MAY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 321 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ટ્રમ્પે મોદીને અમેરિકા આવવાનું આમંત્રણ આપ્યું : US વિદેશ મંત્રી માર્કો રુબિયોની PM સાથે મુલાકાત; અમેરિકી મીડિયા બોલ્યું- આ ડેમેજ કંટ્રોલનો પ્રયાસ

4

ઘરના રસોડાથી મોક્ષ સુધી વિસ્તરેલી એક અલૌકિક યાત્રા જ્યાં અધિક માસના આઠમા અધ્યાયે સ્નેહના દીપથી પ્રગટાવ્યો

6

કાનના રેડ કાર્પેટ પર ઐશ્વર્યા રાય 'બ્રહ્માંડના પ્રકાશ'ની જેમ ચમકી! ઐશ્વર્યા રાયે વર્ષ 2002માં કાનમાં ડેબ્યૂ કર્યું હતું

7

ભારતમાં ભાવ વધ્યા, પાકિસ્તાને પેટ્રોલ-ડીઝલ સસ્તાં કર્યાં : પેટ્રોલ-ડીઝલમાં 6 રૂપિયાનો ઘટાડો, અઠવાડિયામાં 11 રૂપિયા સસ્તાં

PM બોલ્યા- હવે તમે દેશની વિકાસ યાત્રામાં સામેલ છો, 12.50 લાખથી વધુ લોકોને નોકરી મળી ચૂકી છે

# રોજગાર મેળામાં 51000 યુવાનોને જોબ લેટર મળ્યા

## 18મો રોજગાર મેળો: મોદીએ કહ્યું- આજે ઘણા સ્ટાર્ટઅપમાં મહિલા ડાયરેક્ટર, ઓક્ટોબર 2022થી રોજગાર મેળાની શરૂઆત થઈ હતી

**નવી દિલ્હી તા.23**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે 51 હજારથી વધુ યુવાનોને સરકારી નોકરી માટે નિમણૂક પત્રો આપ્યા. તેમાં પસંદ કરાયેલા યુવાનોને રેલવે, ગૃહ મંત્રાલય, આરોગ્ય વિભાગ, નાણાકીય સેવાઓ અને ઉચ્ચ શિક્ષણ સહિત ઘણા સરકારી વિભાગોમાં નોકરી મળી.

દેશના 47 શહેરોમાં યોજાયેલા 19મા રોજગાર મેળામાં પીએમ મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયા. તેમણે યુવાનો સાથે વાતચીત પણ કરી.




આ પહેલા દેશભરમાં 18 રોજગાર મેળા યોજાઈ ચૂક્યા છે, જેમાં લગભગ 12 લાખ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું કે સરકાર યુવાનોના સારા ભવિષ્ય અને તેમને મજબૂત બનાવવા માટે સતત કામ કરી રહી છે. તેમણે કહ્યું કે રોજગાર મેળાથી યુવાનોને સરકારી નોકરી મેળવવાની તક મળી રહી છે. વડાપ્રધાને 22 ઓક્ટોબર 2022ના રોજ રોજગાર મેળાનો પ્રથમ તબક્કો શરૂ કર્યો હતો. ત્યારે PM એ કહ્યું હતું કે - અમારો લક્ષ્ય દેશના યુવાનોને 2023ના અંત સુધીમાં 10 લાખ સરકારી નોકરીઓ આપવાનો હતો. લોકસભા ચૂંટણી પહેલા 12 ફેબ્રુઆરી 2024 ના રોજ 12મો રોજગાર મેળો યોજાયો હતો, જેમાં સૌથી વધુ 1 લાખ જોબ લેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. 11 લાખનો આંકડો 2025 માં પૂરો થયો હતો. પીએમ મોદીએ 18મા રોજગાર મેળામાં યુવાનોને 61 હજાર જોબ લેટર આપ્યા. આ નિમણૂકો ગૃહ મંત્રાલય, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ સહિત અન્ય વિભાગોમાં કરવામાં આવી છે. પીએમએ વર્ચ્યુઅલ સંબોધનમાં કહ્યું કે યુવાનોને નવી તકો મળે, તે અમારો પ્રયાસ છે. દેશભરના સ્ટાર્ટઅપ્સમાં મહિલાઓ આગળ છે. મહિલા સ્વરોજગારના દરમાં 15% નો વધારો થયો છે. આજે 8000 થી વધુ દીકરીઓને નિમણૂક પત્રો મળ્યા. મહિલા સ્વરોજગારના દરમાં 15% નો વધારો થયો છે. આજે ઘણા સ્ટાર્ટઅપ્સમાં મહિલા ડિરેક્ટર છે. ગામડાઓના ઘણા રોજગારમાં મહિલાઓ નેતૃત્વ કરી રહી છે. આ નિમણૂકો ગૃહ મંત્રાલય, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ સહિત અન્ય વિભાગોમાં કરવામાં આવી છે. પીએમએ વર્ચ્યુઅલ સંબોધનમાં કહ્યું કે યુવાનોને નવી તકો મળે, તે અમારો પ્રયાસ છે. દેશભરના સ્ટાર્ટઅપ્સમાં મહિલાઓ આગળ છે. મહિલા સ્વરોજગારના દરમાં 15% નો વધારો થયો છે. આજે 8000 થી વધુ દીકરીઓને નિમણૂક પત્રો મળ્યા. મહિલા સ્વરોજગારના દરમાં 15% નો વધારો થયો છે.

## 'અનામત આંદોલન નીતિન પટેલે ઊભુ કર્યું' : 'મેં તેમનું પિક્ચર પૂરૂ કર્યું', મહેસાણા ભાજપના કોર્પોરેટરનો બફાટ, પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ કહ્યું-'આવું કેમ બોલ્યા તેને જ પૂછો'




**મહેસાણા, તા.23**

મહેસાણા મહાનગરપાલિકાની ચૂંટણી બાદ વોર્ડ-8માંથી ચૂંટાયેલા કોર્પોરેટર ચંદ્રકાંત પટેલની એક ઓડિયો ક્લિપ શુક્રવારે વાઈરલ થઈ હતી. જેમાં ચંદ્રકાંત પટેલ ભાજપના અન્ય એક નેતા સાથે ચૂંટણી મુદ્દે વાત કરી રહ્યા હતા. આ દરમિયાન ચંદ્રકાંત પટેલ એવું કહેતા જણાઈ આવ્યા હતા કે તેમણે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું પિક્ચર પૂરૂ કરી નાખ્યું હતું. અમારી ટિકિટ કાપી એટલે નીતિનભાઈની જોડે જે ચમચા હતા અમારા સમાજના. મેં જાહેરમાં કીધું હતું કે, તમે બધા યાદ રાખજો મારો ટાઈમ આવશે એ દિવસ સમાજના કોઈ આગેવાનોનું નહીં સાંભળું. હું નીતિન પટેલ સામે પૂરેપૂરી તાકાતથી ઉભો રહીશ અને કરી બતાવ્યું. ગમે એવો મજબૂત નેતા હોય પણ આપણે પિક્ચર પૂરૂ કરી દીધું. વિધાનસભા અને લોકસભાની ટિકિટ નહીં આપી. બધી ફોર્મ્યુલા આપણી પાસે હતી. અમે નીતિનભાઈને તેમની ઓફિસમાં મળવા ગયા હતા ત્યારે મેં તો 10 ધારાસભ્યોની હાજરીમાં કહી દીધું કે અનામતનું આંદોલન અનિલભાઈ અને તમે બે જણે ઊભું કર્યું હતું. મારા મોબાઈલમાં તમારા ફોટા છે.પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, 10 દિવસ પહેલા મારા ધ્યાન ઉપર આવેલું કે એક વ્યક્તિ જેનું નામ ચંદ્રકાંત પટેલ છે એણે વિના કારણે, મારે એની સાથે કોઈ લેવા દેવા નથી. કોઈ જાતનો સંપર્ક નહીં. એ વ્યક્તિએ મારા વિરૂદ્ધ બીજા કોઈ વ્યક્તિ સાથે વાત કરતા અપશબ્દો બોલ્યા. મારા વિશે ખરાબ બોલ્યા અને મારૂ રાજકારણ પૂરું થઈ ગયું અને હવે હું ક્યાંયનો નથી રહ્યો એવી એણે એ ઓડિયોમાં બીજા એક વ્યક્તિ જોડે વાતચીત કરી હતી.

# NEET પેપર લીકની આરોપી ફિઝિક્સ ટીચર સસ્પેન્ડ

## ધરપકડ બાદ મેનેજમેન્ટે કાર્યવાહી કરી, અત્યાર સુધીમાં 11 લોકોની ધરપકડ

**દિલ્હી, તા.23**

મહારાષ્ટ્રની સ્કૂલ શેઠ હીરાલાલ સરસ્વતી પ્રશાલાએ સિનિયર ફિઝિક્સ લેક્ચરર મનીષા સંજય હવાલદારને NEET પેપર લીકમાં સામેલ હોવાના આરોપસર ધરપકડ બાદ તરત જ સસ્પેન્ડ કરી દીધા છે.

સ્કૂલ સેક્રેટરી ડો. સતીશ ગાવડેએ જણાવ્યું કે મનીષા, 1992થી સંસ્થામાં ફિઝિક્સના લેક્ચરર છે. તેમની પાસે MSc. BEdની ડિગ્રી છે. તેઓ 30 જૂને નિવૃત્ત થવાના છે.

ગાવડેએ મનીષાના આ કૃત્યને વિદ્યાર્થીઓ, સંસ્થા અને દેશ સાથે વિશ્વાસઘાત ગણાવ્યો. તેમણે કહ્યું કે આ મામલાની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય આંતરિક તપાસ સમિતિ બનાવવામાં આવી છે.

ડો. ગાવડેએ કહ્યું- અમને આ NEET મામલા વિશે કોઈ જાણકારી નથી કે તેઓ શું કરી રહ્યા હતા, તેમને ક્યારે નિયુક્ત



કરવામાં આવ્યા હતા, કે કોણે નિયુક્ત કર્યા હતા. NEET પેપર લીક કેસમાં 11મા આરોપી તરીકે ધરપકડ કરાયેલા મનીષા પરીક્ષા પ્રક્રિયામાં સામેલ હતા. NTAએ તેમને નિષ્ણાત તરીકે નિયુક્ત કર્યા હતા. મનીષાની પહોંચ ફિઝિક્સના પ્રશ્નપત્ર સુધી હતી. એપ્રિલ 2026માં તેમણે ફિઝિક્સ સંબંધિત કેટલાક પ્રશ્નો અન્ય આરોપી મનીષા મંધારે સાથે શેર કર્યા હતા. 3 મેના રોજ યોજાયેલી NEET પરીક્ષા પછી તેના પેપર લીક થવાના સમાચાર સામે આવ્યા. આ કેસમાં દિલ્હી, જયપુર, ગુરુગ્રામ, નાસિક, પુણે, લાતુર અને અહિલ્યાનગરથી 11 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. NTA એ શુક્રવારે NEET-UG 2026 ના ઉમેદવારો માટે એક ખાસ પોર્ટલ ખોલ્યું છે, જેથી તેઓ આ મહિનાની શરૂઆતમાં પ્રવેશ પરીક્ષા રદ થયા પછી પરીક્ષા ફી રિફંડ માટે તેમના બેંક ખાતાની વિગતો જમા કરાવી શકે. બેંક ખાતાની વિગતો જમા કરાવવાની સુવિધા 22 મે થી 27 મે (રાત્રે 11:50 વાગ્યા સુધી) સુધી ઉપલબ્ધ રહેશે. NEET-UG પરીક્ષા 3 મેના રોજ દેશના 551 શહેરો અને વિદેશના 14 કેન્દ્રો પર યોજાઈ હતી. તેમાં લગભગ 23 લાખ ઉમેદવારોએ ભાગ લીધો હતો. NTA અનુસાર, 7 મેની સાંજે પરીક્ષામાં ગેરરીતિની માહિતી મળી હતી. ત્યારબાદ આ મામલો કેન્દ્રીય એજન્સીઓને સોંપવામાં આવ્યો હતો. 12 મેના રોજ પરીક્ષા રદ કરવામાં આવી હતી અને ફરીથી પરીક્ષા લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નીટ યુજી- 2026 પેપર લીક કૌભાંડમાં સીબીઆઈની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ ચોંકાવનારા ખુલાસા સામે આવી રહ્યા છે. સીબીઆઈના જણાવ્યા મુજબ, પાંચ રાજ્યોમાં નીટના પ્રશ્નપત્રો વેચાયા હતા, જેમાં મહારાષ્ટ્ર સૌથી મોટું કેન્દ્ર બનીને સામે આવ્યું છે, જ્યારે રાજસ્થાન બીજા ક્રમે છે. અત્યાર સુધી ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ અને ડિજિટલ ઉપકરણોની તપાસમાં જાણવા મળ્યું છે કે, મહારાષ્ટ્રમાંથી તૈયાર કરાયેલા પ્રશ્ન સંચ અન્ય રાજ્યો સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

# કોકરોચ જનતા પાર્ટીનો દાવો - વેબસાઈટ બંધ, ઈન્સ્ટાગ્રામ હેક : સ્થાપકે કહ્યું- સરકાર તાનાશાહ, આંદોલન રોકી શકતી નથી

**નવી દિલ્હી, તા.23**

કોકરોચ જનતા પાર્ટી (CJP)એ શનિવારે સરકાર પર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરવા અને વેબસાઈટ બંધ કરવાનો આરોપ લગાવ્યો. પાર્ટીએ સવારે 8.25 વાગ્યે X પોસ્ટમાં જણાવ્યું કે CJPનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ એક્સેસ કરી શકતા નથી. ત્યારબાદ પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેએ બપોરે 1.14 વાગ્યે X પર કહ્યું- સરકારે અમારી વેબસાઈટ બંધ કરી દીધી છે. તેના પર 10 લાખ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. 6 લાખ લોકોએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરતી અરજી પર હસ્તાક્ષર કર્યા હતા. અહીં, પર્યાવરણવિદ્ અને શિક્ષણવિદ્ સોનમ વાંગચુકે 'કોકરોચ મૂવમેન્ટ'ને સમર્થન આપ્યું છે. તેમણે ન્યૂઝ એજન્સી PTIને કહ્યું- હું ન તો બેરોજગાર છું, ન તો આળસુ, તેથી પાર્ટીનો સભ્ય બની શકતો નથી. પરંતુ હું મારી જાતને ઓનરરી કોકરોચ માનું છું. અભિજીતે લખ્યું- સરકાર કોકરોચથી આટલી



ડરેલી કેમ છે? પરંતુ આ તાનાશાહી વલણ ભારતના યુવાનોની આંખો ખોલી રહ્યું છે. અમારો એકમાત્ર ગુનો એ છે કે અમે અમારા માટે એક સારા ભવિષ્યની માગ કરી રહ્યા હતા. પરંતુ તમે આટલી સરળતાથી અમારો પીછો છોડાવી શકતા નથી. અમે હજુ એક નવા ઘર પર કામ કરી રહ્યા છીએ. કોકરોચ ક્યારેય મરતા નથી. CJP ના સ્થાપક અભિજીત દીપકેએ શુક્રવારે દાવો કર્યો હતો કે તેમને વોટ્સએપ પર જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. તેમણે સ્ક્રીન શોટ પણ શેર કર્યા છે. આ ઉપરાંત, દીપકેએ ગઈકાલે પહેલી ઓનલાઈન પિટિશન લઈને આવ્યા. તેમાં તેમણે NEET પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માંગ્યું. શનિવારે સવારે 10 વાગ્યા સુધીમાં ઓનલાઈન પિટિશનમાં 5 લાખ 68 હજારથી વધુ લોકોએ સહી કરી છે. 'કોકરોચ જનતા પાર્ટી' નામનો અધિકાર મેળવવા માટે ત્રણ અલગ-અલગ ટ્રેડમાર્ક અરજીઓ દાખલ કરવામાં આવી છે. ટ્રેડમાર્ક રજિસ્ટ્રી પોર્ટલ પર દાખલ કરાયેલી અરજીઓમાં રાજકીય અને સામાજિક સેવાઓ પૂરી પાડતી શ્રેણી હેઠળ ટ્રેડમાર્ક રજીસ્ટ્રેશન માંગવામાં આવ્યું છે. આ અરજીઓ અઝીમ આદમભાઈ જમ, અખંડ સ્વરૂપ અને 'કોકરોચ જનતા પાર્ટી' નામની એક પ્રોપરાઈટરશીપ ફર્મ દ્વારા દાખલ કરવામાં આવી છે.



# ક્રાઈમ બ્રાન્ચે સોનું-1 લાખ પડાવ્યા, સેલ્સ ગર્લનો સનસનીખેજ આરોપ : અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને નિકોલ પોલીસને કોર્ટનું તેડું

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે હર્ષિદા શેટ્ટી માણકેચોકમાં દાગીના વેચવા આવી ત્યારે ધરપકડ કરી હતી

**અમદાવાદ, તા.23**

અમદાવાદના નિકોલમાં સેલ્સ ગર્લ હર્ષિદા શેટ્ટી દ્વારા 1.66 કરોડના ઘરેણાની ચોરીના કેસમાં હવે નવો વળાંક સામે આવ્યો છે. આરોપી સેલ્સ ગર્લે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે ક્રાઈમ બ્રાન્ચે સોનું અને 1 લાખ રૂપિયા પડાવ્યા છે. ધરપકડ સમયે યોગ્ય નિયમોનું પાલન નથી થયું અને કોઈ પણ મહિલા પોલીસ વિના ક્રાઈમ બ્રાન્ચે ચેકિંગ કર્યું હોવાનો હર્ષિદા શેટ્ટીએ આરોપ લગાવ્યો છે. સમગ્ર મામલે કોર્ટે ક્રાઈમ બ્રાન્ચ અને નિકોલ પોલીસને નોટિસ ફટકારી છે. આ મામલે સોમવારે વધુ સુનાવણી હાથ ધરાશે. અમદાવાદના નિકોલ વિસ્તારમાં 11 મે 2026ના રોજ જ્વેલર્સ શો રૂમમાં કામ કરતી હર્ષિદા શેટ્ટીએ 1.66 કરોડના દાગીનાની ચોરી કરી હતી. જે મામલે હર્ષિદાએ તેના બોયફ્રેન્ડ સાથે રહેવા માટે ચોરી કરી હતી. ત્યાર બાદ બંને ભાગીને ઉત્તર ભારતના અલગ અલગ રાજ્યોમાં સાથે રહ્યા હતા. જોકે, હર્ષિદા નાહવા ગઈ તે સમયે બોયફ્રેન્ડ દાગીના લઈને ફરાર થઈ ગયો હતો. નિકોલ વિસ્તારમાં




આભૂષણોની દુકાનમાંથી 1.66 કરોડના ઘરેણા ચોરીના કેસમાં આરોપી મહિલા સેલ્સગર્લ દ્વારા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ઉપર ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. જણાવ્યા મુજબ તેની ધરપકડ સમયે યોગ્ય નિયમોનું પાલન થયું નથી. પોતે મહિલા હોવા છત્તા મહિલા પોલીસને રાખીને તેનું ચેકીંગ કે ધરપકડ કરવામાં નથી આવી. સાથે જ આરોપી મહિલાએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પર સોનું અને 1 લાખ રૂપિયા પડાવ્યાનો ગંભીર આક્ષેપ મૂકયો છે. વર્તમાનમાં અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટે ક્રાઈમ બ્રાન્ચ અને નિકોલ પોલીસને નોટિસ પાઠવીને સોમવારે વધુ કાર્યવાહી રાખી છે. મહિલા આરોપી હર્ષિદા શેટ્ટીના રિમાન્ડ પૂર્ણ થઈ ચૂક્યા છે, જયારે મયુર માળી 25 મે સુધી રિમાન્ડ પર છે. આરોપીઓ પાસેથી 800 ગ્રામ જેટલું સોનું રિકવર કરવાનું બાકી છે. મયુર માળીએ બાકીનું સોનુ ઉદયપુરથી 40 કિલોમીટર દૂર બઠેડા ગામમાં દાટ્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસ તેને લઈને ઉદયપુર તપાસ કરવા જવાની હતી. નિકોલ વિસ્તારમાં અનમોલ સર્કલ પાસે ગ્રેવિટી શોપિંગ મોલમાં દર્શનભાઈ આભૂષણ નામનો સોના-ચાંદીનો શો રૂમ ધરાવીને વ્યવસાય કરે છે. દર્શનભાઈના શો રૂમમાં મેનેજર, સેલ્સમેન, માર્કેટિંગ સહિત કૂલ 19 લોકોનો સ્ટાફ કામ કરે છે. 11 મહિના પહેલા શો રૂમમાં હર્ષિદા શેટ્ટી નામની યુવતી સેલ્સ ગર્લ્સ તરીકે જોડાઈ હતી. જોકે, 11 મે 2026ના રોજ સાંજે 5 વાગ્યે દર્શનભાઈ શો રૂમ ઉપર આવ્યા હતા અને તે સમયે એક ગ્રાહક ખરીદી કરવા આવ્યો, ત્યારે સ્ટાફના કાનજીભાઈને ટ્રેમાં રાખેલી સોનાની એક લકી ઓછી જણાઈ હતી. આ દરમિયાન શો રૂમમાં હાજર સેલ્સ ગર્લ્સ તરીકે નોકરી કરતી હર્ષિદા શેટ્ટી હાજર નહોતી. જેથી આ બાબતે પૂછતા તેણે કહ્યું કે, તમારી રજા લઈને ઈમરજન્સી કામ હોવાથી 4:30 વાગ્યે નીકળી ગઈ હતી. દર્શનભાઈએ કોઈ રજા આપી નહોતી અને કહ્યા વગર નીકળી જતા સીસીટીવી તપાસ્યા હતા. જેમાં શો રૂમમાં લાગેલા CCTV તપાસતા હર્ષિદા સાંજે 4થી 4:30 વાગ્યાના સમયગાળા દરમિયાન બેઠકની પાછળના ભાગે કબાટમાં રાખેલા સોનાના દાગીના કાઢી ખિસ્સામાં મુક્તિ જોવા મળી હતી. ત્યાર બાદ હર્ષિદા દુકાનના બીજા માળે આવેલા સ્ટોર રૂમ તરફ ગઈ હતી અને ત્યાંથી પોતાની બેગ લઈને બહાર નીકળી હતી. હર્ષિદાના મોબાઈલ ફોન ઉપર ફોન કરતા તે સ્વિચ ઓફ આવતો હતો. જેથી આખા શો રૂમમાં સોનાના દાગીનાની તપાસ કરતા સોનાની ચેન, લકી, ઘડિયાળ, બુટ્ટી, મંગળસૂત્ર, પેન્ડલ અને વીંટીઓ મળી કૂલ 1.66 કરોડના સોનાના દાગીના લઈને ફરાર થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. સમગ્ર મામલે નિકોલ પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, હર્ષિદા દાગીના લઈને માણેકચોકમાં વેચવા આવી છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્યાં પહોંચી હર્ષિદા દાગીના વેચે તે પહેલાં જ તેની અટકાયત કરી હતી. હર્ષિદાને ક્રાઈમ બ્રાન્ચ લઈ જવામાં આવી હતી. જ્યાં તપાસ કરતા તેની પાસેથી 18 લાખના ચોરીના દાગીના મળી આવ્યા હતા. હર્ષિદાએ 1.66 કરોડના દાગીના ચોર્યા હતા, ત્યારે 18 લાખના દાગીના મળતા બાકીના મુદ્દામાલ અંગે પૂછપરછ કરવામાં આવી હતી.

# સાસરિયાઓને સીટી સેશન્સ કોર્ટે નિર્દોષ છોડ્યા : પરિણીતાએ ઘરેલું હિંસા, દહેજ અને સસરા ઉપર છેડતીના આક્ષેપ સાથે ખોખરામાં પોલીસ ફરિયાદ કરી હતી

## મહિલા પોતાની દીકરીને સાસુ સસરાના હવાલે મૂકીને નોકરી જતી હતી

**અમદાવાદ, તા.23**

અમદાવાદના ખોખરા પોલીસ મથકે નવેમ્બર, 2024માં 24 વર્ષીય પરણીતાએ પોતાના પતિ અને સાસુ સસરા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને દહેજ પ્રતિબંધ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. જેનો કેસ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો હતો. ત્યારે કોર્ટે 05 સાહેદ, 03 પુરાવા અને આરોપીઓના વકીલ અલ્પા.જી.જોગીની દલીલો ગ્રાહ્ય રાખીને સાસરિયાઓને નિર્દોષ છોડ્યા છે. કેસની વિગત પ્રમાણે વર્ષ 2019માં ફરિયાદી યુવતીએ પ્રેમ લગ્ન કર્યા હતા, તે પોતાના સાસરે રહેવા ગઈ હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ શરૂઆતમાં 02 વર્ષ તેને સારી રીતે રાખવામાં આવી હતી,પરંતુ ત્યારબાદ તેને હેરાન કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. તેના સાસુ તેને રસોઈ બનાવતા નહીં આવડતી હોવાને બાબતે હેરાન કરતા હતા. જ્યારે પતિ પણ સાસુ સસરાની વાતોમાં આવીને તેને માર મારતો હતો. તેના પતિએ તેને બાઈક લેવા માટે પિયરમાંથી 02 લાખ રૂપિયા




લઈ આવવાનું કહીને દહેજની માંગણી કરી હતી. તેમને સંતાનમાં એક દીકરીનો જન્મ થયો હતો. પતિ એક દિવસ બહારગામ જવાનું કહીને ઘર છોડીને જતા રહ્યા હતા અને તેની સાથેનો સંપર્ક તોડી નાખ્યો હતો. ત્યારબાદ જાન્યુઆરી, 2024માં પતિએ ફેમિલી કોર્ટમાં છૂટાછેડાનો કેસ દાખલ કર્યો હતો. સાસરિયાઓએ યુવતીને જો તે ઘર છોડીને નહીં જાય તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવતીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે એક દિવસ રાત્રીએ તે જ્યારે ઊભી થઈ, ત્યારે તેના સસરાએ તેની છેડતી કરી હતી. તે બાબતે તેણે પોતાની સાસુને જણાવતા સાસુએ પોલીસ ફરિયાદ નહીં કરવા વિનંતી કરી હતી. કોર્ટમાં કેસ ચાલવા પર આવતા કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે મહિલા ઉપર કોઈપણ પ્રકારનો શારીરિક કે માનસિક ત્રાસ આચરવામાં આવ્યો નથી. જ્યારે તેનો પતિ ઘર છોડીને જતો રહ્યો, ત્યારે મહિલા પોતાની દીકરીને સાસુ સસરાના હવાલે મૂકીને નોકરી જતી હતી. યુવતીએ પોતાના પિયર પહોંચ્યાના એક મહિના બાદ પોલીસ ફરિયાદ દાખલ કરી છે વળી મહિલા 18 ઓક્ટોબર, 2024 ના રોજ ઘર છોડીને ગઈ પિયર હતી અને તે દિવસે મોડી રાત્રીએ તેના સસરાએ તેની છેડતી કરી હોય તે શંકા ઉપજાવે તેવી બાબત છે. વળી જો મહિલાને રસોઈ બનાવતા ન આવડતી હોય અને સાસુ ટકોર કરે તો તેને ત્રાસ આપ્યો કહેવાય નહીં. મહિલાના પિતા પણ આ પ્રેમ લગ્નની વિરુદ્ધમાં હતા. સાસરીયાઓએ લગ્ન સમયે કોઈ પણ પ્રકારના દહેજની માંગ કરી હોવાનું પણ સામે આવ્યું નથી. પોલીસે પડોશીઓના નિવેદન લીધા નથી. આમ ઉપરોક્ત બાબતોને ધ્યાને રાખીને કોર્ટે સાસરીયાઓને નિર્દોષ છોડ્યા છે.

# અરવિંદ કેજરીવાલ 3 દિવસની ગુજરાત મુલાકાતે : નર્મદા જિલ્લા પંચાયતમાં પાર્ટીની ભવ્ય જીત બાદ 25મીએ રાજપીપળામાં રોડ શો કરશે

**વડોદરા, તા.23**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં નર્મદા જિલ્લા પંચાયત પર આમ આદમી પાર્ટીની જીત થઈ છે. ત્યારે આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આવતીકાલ ( 24 મે) થી 3 દિવસ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. 3 દિવસ દરમિયાન કેજરીવાલ 25મી તારીખે રાજપીપળામાં રોડ શો કરશે. જ્યારે 24 અને 26 તારીખે આપના પદાધિકારીઓ સાથે બેઠક યોજી પાર્ટીની ભાવિ રણનીતિને લઈ ચર્ચા કરશે. આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ આવતીકાલથી ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. 24મી તારીખે કેજરીવાલ ગુજરાત આપના પદાધિકારીઓ સાથે બેઠક યોજશે. જ્યારે 25મી તારીખે નર્મદાના રાજપીપળામાં રોડ શો કરશે.



26મી તારીખે પણ કેજરીવાલ ગુજરાત રોકાશે અને પાર્ટી નેતાઓ સાથે બેઠક યોજી ભાવિ રણનીતિને લઈ ચર્ચા કરાશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મહાનગરપાલિકમાં તો સફળતા ન મળી. પરંતુ, જે 34 જિલ્લા પંચાયતની ચૂંટણી હતી તેમાં એક નર્મદા જિલ્લા પંચાયતમાં જીત મેળવવામાં સફળતા મળી છે. આ ઉપરાંત રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ આમ આદમી પાર્ટીએ નોંધપાત્ર બેઠકો જીતી છે. ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી પાર્ટીએ રણનીતિ ઘડવાનું શરૂ કર્યું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મહાનગરપાલિકમાં તો સફળતા ન મળી. પરંતુ, જે 34 જિલ્લા પંચાયતની ચૂંટણી હતી તેમાં એક નર્મદા જિલ્લા પંચાયતમાં જીત મેળવવામાં સફળતા મળી છે. આ ઉપરાંત રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ આમ આદમી પાર્ટીએ નોંધપાત્ર બેઠકો જીતી છે. ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી પાર્ટીએ રણનીતિ ઘડવાનું શરૂ કર્યું છે.

# RBIને રૂ. 8.70 કરોડનો ચૂનો લગાવનાર બેંક કર્મચારી ઝડપાયો : ચોરીના પૈસાથી 2 કરોડનો બંગલો અને 1.40 કરોડની દુકાન ખરીદી, પત્ની RPFમાં હેડ કોન્સ્ટેબલ

**અમદાવાદ, તા.23**

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડામાં RBIની કરન્સી ચેસ્ટમાંથી રૂ. 8.70 કરોડ સગેવગે કરનારા જોઈન્ટ કસ્ટોડીયનને પોલીસ ઝડપી પાડ્યો છે. કરોડો રૂપિયાની ચોરી કર્યા બાદ આરોપીએ અમદાવાદમાં બે કરોડનો બંગલો અને 1.40 કરોડની દુકાન ખરીદી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી પાસેથી 2.20 કરોડની રોકડ કબજે કરી છે. આરોપીની પત્ની રેલવે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હોવાનું સામે આવ્યું છે. અમદાવાદના કાલુપુર ગાંધીરોડ બ્રાંચના ચીફ મેનેજર હરીહર દેવ દ્વારા



નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ બેંકમાં RBI દ્વારા કરન્સી ચેસ્ટ (મોટી તિજોરી) રાખવામાં આવી છે, જ્યાંથી અન્ય બેંકોને જરૂરિયાત મુજબ નાણાં મોકલાય છે. આ કરોડોની રોકડના હિસાબ માટે મુખ્ય કસ્ટોડિયન તરીકે સંજય શર્મા અને જોઈન્ટ કસ્ટોડિયન તરીકે હરસિદ્ધ કડિયાર (રહે. ચાંદખેડા, અમદાવાદ) કાર્યરત હતા.બેંકમાં ઓડિટ કરવાનો સમય આવ્યો અને નવા કસ્ટોડિયનોએ તપાસ કરી ત્યારે રૂપિયા 500ના દરની કુલ 174 રીલ (બંડલો) ઓછી જોવા મળી હતી. જેની કુલ કિંમત 8.70 કરોડ રૂપિયા થતી હતી. બેંક સત્તાવાળાઓએ તાત્કાલિક સીસીટીવી (CCTV) ફૂટેજ તપાસતા માલૂમ પડ્યું કે, ગત 13 જાન્યુઆરીના રોજ આરોપી હરસિદ્ધ કડિયાર બેંકમાંથી કેટલાક બોક્સ લઈને બહાર જઈ રહ્યો હતો. તે સમયે તેણે અન્ય સ્ટાફને એવું બહાનું આપ્યું હતું કે, આ બોક્સમાં ભંગાર ભરેલો છે અને તે ભંગાર બહાર ફેંકવા જઈ રહ્યો છે.ગત 13 એપ્રિલના રોજ તેણે ચીફ મેનેજરને તબિયત ખરાબ હોવાનો મેસેજ કરીને એક દિવસની રજા લીધી. તે પછી વધુ 5 દિવસની મેડિકલ લીવ લીધી અને ત્યારબાદ 20 એપ્રિલથી ગાયબ થઈ ગયો હતો. ફરિયાદ થતા પોલીસે તપાસ શરૂ કરી હતી ત્યારે ઝોન 3 એલસીબી સ્કોડના PSI વી. એચ રાઠોડની ટીમે આરોપીને સોલા વિસ્તારમાંથી ઝડપી લીધો હતો.આરોપી સોલામાં ઔડાના મકાનમાં રોકાયો હતો. ઔડાના મકાનની નીચે પાર્ક કરેલી આર્ટિકા કારમાંથી પોલીસને 2.20 કરોડ રોકડ પણ મળી આવી હતી જે આરોપીએ ચોરી કરી હતી. આરોપીની ધરપકડ કરીને 2.20 કરોડ,આર્ટિકા કાર અને મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા હતા.

# સુરતમાં સીઝનનો સૌથી ગરમ દિવસ : 5 શહેરોમાં ગરમીનો પારો 44 ડિગ્રીને પાર પહોંચતા લોકો અકળાયા

**અમદાવાદ, તા.23**

ગુજરાતમાં આગામી ચાર દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે.અમદાવાદ સહિતના અનેક શહેરોમાં તાપમાનનો પારો 45 ડિગ્રી પહોંચવાની આગાહી છે. હવામાન વિભાગ દ્વારા આજે પણ કચ્છ અને સુરેન્દ્રનગરમાં ઓરેન્જ એલર્ટ જ્યારે 12 શહેરોમાં યલો એલર્ટ જાહેર કરાયું હતું. આજે દિવસભર નોંધાયેલા મહત્તમ તાપમાનની વાત કરીએ તો, સુરેન્દ્રનગરમાં હાઈએસ્ટ 45.5 ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદ, ગાંધીનગર, કંડલા એરપોર્ટ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં તાપમાનનો પારો 44 ડિગ્રી પાર પહોંચ્યો હતો. સુરતમાં આજે સિઝનનો સૌથી ગરમ દિવસ રહ્યો અને હિટવેવ અનુભવાઈ. સુરતમાં 42.2 ડિગ્રી તાપમાન નોંધાયું. જે સામાન્ય કરતા 6.8 ડિગ્રી નોંધાયું છે. હીટવેવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 11થી 14 મે સુધી ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લા માટે આગામી ત્રણ દિવસનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. આ સિવાય સૌરાષ્ટ્રના દ્વારકા, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી અને ગુજરાત પ્રદેશના બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, આણંદ, વડોદરા, સુરત અને અમદાવાદ જેવા વિસ્તારોમાં 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાનું અનુમાન છે. તાજેતરમાં કંડલા એરપોર્ટ પર સૌથી વધુ 45.2 ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં 45 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ઘણું વધારે છે. સુરત, પોરબંદર, કેશોદ અને કંડલા જેવા સ્થળોએ અત્યારે હીટવેવની સ્થિતિ યથાવત છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, 11થી 17 મે દરમિયાન સમગ્ર ગુજરાતમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે. આગામી ચાર દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. હીટવેવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 11થી 14 મે સુધી ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લા માટે આગામી ત્રણ દિવસનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. આ સિવાય સૌરાષ્ટ્રના દ્વારકા, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી અને ગુજરાત પ્રદેશના બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, આણંદ, વડોદરા, સુરત અને અમદાવાદ જેવા વિસ્તારોમાં 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે.

# યુવા કોંગ્રેસની કારોબારીમાં ગેરહાજર નેતાઓને કારણદર્શક નોટિસ : 28 જિ.પ્ર. અને 27 પદાધિકારીઓને 3 દિવસમાં ખુલાસો આપવા આદેશ

**અમદાવાદ, તા.23**

ગત 20 તારીખે પાલડીમાં આવેલા રાજીવ ગાંધી ભવન ખાતે યુથ કોંગ્રેસની રાજ્ય કારોબારીનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશમાં ચાલી રહેલા મુદ્દે આગામી સમયમાં કેવા પ્રકારની રણનીતિ બનાવવી અને કેવા પ્રકારના કાર્યક્રમ આપવા તે મુદ્દે ચર્ચા થવાની હતી. જે માટે ઓલ ઈન્ડિયા યુવા કોંગ્રેસના સચિવ પણ અમદાવાદ આવ્યા હતા. પરંતુ રાજ્ય કારોબારીમાં પ્રદેશ યુવા કોંગ્રેસના કુલ 55 જેટલા પદાધિકારીઓ અને જિલ્લા અધ્યક્ષ હાજર રહ્યા નહતા. જેથી તમામને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. જો યોગ્ય



જવાબ રજૂ નહીં કરે તો ફરજમુકત કરી નવા લોકોને જવાબદારી સોંપવાની તૈયારી દર્શાવવામાં આવી છે. ગુજરાત યુવા કોંગ્રેસમાં સંગઠનાત્મક શિસ્તને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ગત 20 તારીખે યોજાયેલી રાજ્ય કારોબારી બેઠકમાં ગેરહાજર રહેલા કુલ 55 પદાધિકારીઓ સામે સંગઠને કડક વલણ અપનાવી કારણદર્શક નોટિસ ફટકારી છે. જેમાં 28 જિલ્લા પ્રમુખો ઉપરાંત 27 પ્રદેશ સ્તરના પદાધિકારીઓનો સમાવેશ થાય છે. કારોબારી બેઠકમાં પ્રદેશ ઉપપ્રમુખ, મહામંત્રીઓ અને સચિવ સ્તરના નેતાઓ પણ હાજર રહ્યા નહતા. બેઠક પૂર્વનિર્ધારિત હતી અને તમામ પદાધિકારીઓને સમયસર જાણ કરવામાં આવી હોવા છતાં કેટલાક નેતાઓ પૂર્વ સૂચના કે પરવાનગી વિના ગેરહાજર રહ્યા હતા. જેથી હાજરીના રેકોર્ડના આધારે બેઠકમાં હાજર ન રહેનાર નેતાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે અને ગેરહાજર પદાધિકારીઓને ત્રણ દિવસની અંદર લેખિત ખુલાસો રજૂ કરવા સૂચના અપાઈ છે.

# અમદાવાદના સેટેલાઇટમાં રત્નાકર 3 બિલ્ડિંગની આગ કાબૂમાં : 3 રૂમ બળીને ખાક, મકાન માલિકે કહ્યું- AC અને ચાર્જર ચાલું હોવાથી આગ લાગી; 15 લોકોનું રેસ્ક્યુ

**અમદાવાદ, તા.23**

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં જોધપુર પ્રેરણા તીર્થ રોડ પર રત્નાકર-3 બિલ્ડિંગની બી વિંગમાં આવેલા ત્રીજા માળે આજે (23 મે) આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગતા જ ફ્લેટમાં રહેતા લોકો નીચે દોડી આવ્યા હતા. તેમજ બનાવની જાણ થતાં ફાયરવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોચી હતી. 6 ગાડીએ પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવી લીધો હતો. આગ બેડરૂમમાં લાગી હતી અને પ્રસરી હતી જેમાં 3 રૂમ બળીને ખાક થઈ ગયા હતા. ફ્લેટના રહીશે કહ્યું કે AC અને ચાર્જર ચાલું હોવાથી આગ લાગી હતી. ધુમાડાના કારણે 15 લોકોને રેસ્ક્યુ



કરાયા હતા. બી બ્લોકમાં આવેલા ત્રીજા માળે ફ્લેટમાં અચાનક આગ લાગતા ત્રણ રૂમ બળીને ખાક થઈ ગયા હતા. રૂમમાં રાખેલા તમામ સામાનને મોટું નુકસાન થયું હતું. એસી, પંખા અને બેડ સહિતની વસ્તુઓ બળી ગઈ હતી. આગ લાગવાની ઘટનામાં કોઈપણ પ્રકારની મોટી જાનહાનિ થઈ નથી. ઘરમાં માત્ર એક જ વ્યક્તિ હોવાથી મોટી દુર્ઘટના ટળી છે. તેમજ ફ્લેટમાં ફાયરના સાધનો હોવાથી આગ પર કાબૂ મેળવવા પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગના અધિકારી પંકજ રાવલે જણાવ્યું હતું કે, રત્નાકર 3ની બી વિંગમાં 302 નંબરના ફ્લેટમાં આગ લાગી હતી. બેડરૂમમાં વહેલી સવારે આગ લાગવાની ઘટના બની હતી. ફ્લેટના રહીશે એવું જણાવ્યું છે કે એસી ઓન હતું અને ચાર્જર ચાલુ હતું જેથી આગ લાગી હતી, પરંતુ આગ લાગવાની ઘટના કેમ બની તે તપાસ બાદ જ સામે આવશે. વધુમાં પંકજ રાવલે જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો છે. ફ્લેટની સિસ્ટમથી આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. તાપમાન જ્યારે 44 ડિગ્રીએ પહોંચી જાય છે ત્યારે ઈલેક્ટ્રીક સાધનો ઓવર હીટ થવાની ઘટના બનતી હોય છે. આગ માત્ર ફ્લેટ સુધી પ્રસરી હતી. પરંતુ ધુમાડાના કારણે 15 લોકોને રેસ્ક્યુ કરીને બહાર લાવવામાં આવ્યા હતા. એસી સહિતની વસ્તુઓને નુકશાન થયું છે.

# 'ભારતી આશ્રમના ઈકાબાપુ મારી પાસે અશ્લીલ હરકત કરાવતા' : યુવકે કહ્યું-' મેં સબૂત માટે વીડિયો બનાવ્યો

**અમદાવાદ, તા.23**

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલો ભારતી આશ્રમ વધુ એકવાર વિવાદમાં આવ્યો છે. આશ્રમના ઈકાબાપુનો એક યુવક પાસે અશ્લીલ હરકતો કરાવતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ખળભળાટ મચ્યો છે. ભોગ બનનાર યુવકે આક્ષેપ કર્યો છે કે, ઈકાબાપુ તેમની પાસે મસાજ અને હસ્તમૈથુન કરાવતા હતા. ઈકાબાપુ નશો કરતા અને તેને પણ નશો કરવા માટે દબાણ કરતા હતા. વીડિયો વાઈરલ થતા આશ્રમ ટ્રસ્ટ દ્વારા તાત્કાલીક ઈકાબાપુને આશ્રમની તમાર જવાબદારીઓમાં દૂર કરી દેવામાં આવ્યા છે. સંસ્થાનું નામ, પદ અને પ્રતિનિધિત્વનો




ઉપયોગ ન કરવા સૂચના આપી છે. ભોગ બનનાર યુવક દ્વારા આ મામલે પોલીસ પર પણ ગંભીર આક્ષેપ કર્યો છે. પોલીસે પાંચ કલાક સુધી બેસાડી નિવેદન લીધા બાદ ગુનો ન બનતો હોવાનું કહી અરજી ફાડી નાખી હોવાનો આક્ષેપ કર્યો છે. અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા ભારતી આશ્રમના ઈકાબાપુ એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં તેની સાથે એક યુવકની હાજરી જોવા મળી રહી છે. ઈકાબાપુ યુવક પાસે અશ્લીલ હરકત કરાવતા હોવાનું દેખાઈ રહ્યું છે. ઈકાબાપુનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ભોગ બનનાર યુવક પણ સામે આવ્યો છે. જેને ઈકાબાપુ પર આક્ષેપ કરતા કહ્યું કે, તે પોતે સરખેજ આશ્રમમાં રહેતો હતો. ઈકાબાપુ તેમના રૂમમાં બોલાવી મસાજ અને હસ્તમૈથુન કરાવવા દબાણ કરતા હતા.યુવકે કહ્યું કે, હું આ પ્રકારની પ્રવૃતિથી કંટાળી ગયો હોવાના કારણે મેં સબૂત ભેગા કરવા માટે વીડિયો બનાવી લીધો હતો. યુવકે કહ્યું કે હું પુરાવા લઈને સરખેજ પોલીસ સ્ટેશનમાં ગયો હતો. પોલીસે મને 5 કલાક સુધી બેસાડી રાખ્યો હતો અને મારી અરજી લખી હતી. ત્યારબાદ પીઆઈએ મને કહ્યું હતું કે આ બનાવમાં ગુનો બનતો નથી. મારી જે અરજી લખવામાં આવી હતી તે PIએ ફાડી નાખી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# ટ્રમ્પે મોદીને અમેરિકા આવવાનું આમંત્રણ આપ્યું : US વિદેશ મંત્રી માર્કો રુબિયોની PM સાથે મુલાકાત; અમેરિકી મીડિયા બોલ્યું- આ ડેમેજ કંટ્રોલનો પ્રયાસ

**નવી દિલ્હી, તા.23**

અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સેવા તીર્થમાં મુલાકાત કરી. આ દરમિયાન તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી પીએમ મોદીને અમેરિકા આવવાનું આમંત્રણ આપ્યું. મીડિયા રિપોર્ટ અનુસાર મોદી અને રુબિયો વચ્ચે 1 કલાકથી વધુ સમય સુધી બેઠક ચાલી. આ બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર ઉપરાંત એનએસએ અજીત ડોભાલ પણ હાજર રહ્યા. આ દરમિયાન અમેરિકા અને ભારત વચ્ચે સુરક્ષા, વેપાર અને મહત્વપૂર્ણ તકનીકોના ક્ષેત્રમાં સહયોગને વધુ ગાઢ બનાવવા પર ચર્ચા થઈ. રુબિયોની આ યાત્રા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના ચીન પ્રવાસના માત્ર 7 દિવસ પછી થઈ રહી છે. આવા સમયે અમેરિકી મીડિયાનું કહેવું છે કે રુબિયોની આ યાત્રા માત્ર રાજદ્વારી જ નહીં પરંતુ ડેમેજ કંટ્રોલ મિશન પણ છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર ટ્રમ્પની તાજેતરની ચીન યાત્રાએ એશિયાની રાજનીતિમાં નવી બેચેની પેદા કરી દીધી છે. બીજિંગમાં ટ્રમ્પે ચીની રાષ્ટ્રપતિ



શી જિનપિંગની ખુલ્લેઆમ પ્રશંસા કરી. તેમણે જિનપિંગને મહાન નેતા અને ખાસ મિત્ર ગણાવ્યા. ભારત-અમેરિકામાં 1 વર્ષથી તણાવ ચાલુ રૂબિયોની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ગયા વર્ષના મધ્યથી ભારત-અમેરિકા સંબંધોમાં કેટલાક મુદ્દાઓને લઈને તણાવ જોવા મળ્યો હતો. માનવામાં આવે છે કે આ યાત્રાનો હેતુ બંને દેશોના સંબંધોને ફરીથી મજબૂત કરવાનો પણ છે.

હવે દિલ્હીમાં રૂબિયોની વાતચીતનો સૌથી મોટો હેતુ એ જ માનવામાં આવે છે કે ભારત એ સમજી શકે કે ટ્રમ્પ સરકાર એશિયામાં આગળ શું રણનીતિ અપનાવવાની છે અને ચીન સાથે તેના સંબંધોની દિશા શું હશે.

ગયા વર્ષે ટ્રમ્પે ભારત પર ભારે ટેરિફ લગાવ્યા હતા કારણ કે વડાપ્રધાન મોદીએ તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરવાનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પનો દાવો હતો કે તેમણે ભારત-પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ રોકવામાં મોટી ભૂમિકા ભજવી હતી, પરંતુ ભારતે જાહેરમાં આ દાવાને નકારી કાઢ્યો હતો.

હવે નવો તણાવ પાકિસ્તાનને લઈને ઊભો થયો છે. ટ્રમ્પ તાજેતરમાં પાકિસ્તાનના નેતાઓની પ્રશંસા કરી ચૂક્યા છે અને તેમને ઈરાન યુદ્ધમાં મધ્યસ્થી ગણાવવા લાગ્યા છે. આનાથી ભારતમાં એવો સંદેશ ગયો કે ટ્રમ્પ સરકાર પાકિસ્તાનને ફરીથી મહત્વ આપવા લાગી છે. ક્વાડ ગ્રુપમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. આ વખતે બેઠકની યજમાની ભારત કરી રહ્યું છે. આ બેઠકમાં ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગ અને જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોતેગી પણ સામેલ થશે. વિદેશ મંત્રાલય અનુસાર, બેઠકમાં ઓપન અને ફ્રી ઈન્ડો-પેસિફિક રિજનને મજબૂત બનાવવા પર ચર્ચા થશે. સાથે જ ડિફેન્સ સહયોગ, સપ્લાય ચેઈન, નવી ટેકનોલોજી અને પ્રાદેશિક સુરક્ષા જેવા મુદ્દાઓ પર પણ વિચાર કરવામાં આવશે. નિષ્ણાતોનું માનવું છે કે ચીનના વધતા પ્રભાવને જોતા ક્વાડ દેશો વચ્ચે સહયોગ સતત વધી રહ્યો છે. માર્કો રુબિયોની મુલાકાતમાં ઊર્જા સુરક્ષા એક મોટો મુદ્દો રહેવાનો છે. ભારત હાલમાં રશિયા પાસેથી મોટા પ્રમાણમાં સસ્તું ક્રૂડ તેલ ખરીદી રહ્યું છે. જ્યારે અમેરિકા ઈચ્છે છે કે ભારત અમેરિકી તેલ અને LNG ગેસની આયાત પણ વધારે. મિડલ ઈસ્ટમાં સતત ચાલી રહેલા તણાવને કારણે દુનિયાભરમાં ઊર્જા સપ્લાયને અસર થઈ રહી છે. આવા સંજોગોમાં ભારત પોતાના માટે ઘણા દેશો પાસેથી ઊર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા માંગે છે જેથી ભવિષ્યમાં કોઈ સંકટની અસર ઓછી થાય. ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા કેટલાક સમયમાં ટેરિફ અને વ્યાપારી પ્રતિબંધોને લઈને મતભેદ જોવા મળ્યા હતા. હવે બંને દેશો સંબંધોને ફરીથી મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ મુલાકાત દરમિયાન વેપાર કરારો, રોકાણ અને મહત્વપૂર્ણ ખનિજોની સપ્લાય ચેઈન પર વાતચીત થઈ શકે છે. સેમિકન્ડક્ટર, બેટરી ઉત્પાદન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આધુનિક ટેકનીકોમાં સહયોગ વધારવા પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે.

## બાંગ્લાદેશના બે પોર્ટનો અમેરિકા ઉપયોગ કરશે : એક આંદામાનથી માત્ર 1100 કિમી દૂર; ગુપ્ત માહિતી શેર કરવાનો પણ કરાર

**ઢાકા, તા.23**

બાંગ્લાદેશે અમેરિકાને બે મહત્વપૂર્ણ બંદરોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ બંને દેશો વચ્ચે ગુપ્ત માહિતી શેર કરવા અંગે પણ સમજૂતી થઈ છે. રિપોર્ટ અનુસાર, અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચે કુલ ત્રણ મોટા કરારો થયા છે. આ કરારો પછી બંગાળની ખાડી ક્ષેત્રમાં અમેરિકાની હાજરી અને પ્રભાવ ઘણો વધી શકે છે. અમેરિકાને બાંગ્લાદેશના ચિટગાંવ અને મતારવાડી બંદરો સુધી પહોંચ મળશે. આ બંદરોનો ઉપયોગ અમેરિકી નૌકાદળ અને સૈન્ય જહાજો કરી શકશે. આનાથી અમેરિકાને હિન્દ મહાસાગર અને બંગાળની ખાડી ક્ષેત્રમાં પોતાની સૈન્ય અને વ્યૂહાત્મક તાકાત વધારવામાં મદદ મળશે. ચિટગાંવ બંદર ભારતનાં અંદમાન-નિકોબાર ક્ષેત્રથી માત્ર 1100 કિમી દૂર છે. અમેરિકાની ખાસ નજર મલક્કા સ્ટ્રેટ પર છે. આ દુનિયાનો સૌથી જરૂરી ટ્રેડ રૂટ્સમાંથી એક માનવામાં આવે છે. દુનિયાનો લગભગ 60% દરિયાઈ વેપાર આ જ રસ્તેથી થાય છે. તેલ, ગેસ અને અન્ય જરૂરી સામાનની સપ્લાય માટે પણ આ માર્ગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. નિષ્ણાતોનું માનવું છે કે આ વિસ્તારમાં પોતાની હાજરી વધારીને અમેરિકા ચીનની હિલચાલ પર પણ



નજર રાખવા માંગે છે. બે બંદરોના ઉપયોગનો કરાર- અમેરિકાને બાંગ્લાદેશના ચિટગાંવ અને મતારવાડી બંદરો વાપરવાની મંજુરી આપવામાં આવશે. અમેરિકી યુદ્ધ જહાજો અને સૈન્ય જહાજો અહીં અવર-જવર કરી શકશે. ગુપ્ત માહિતી શેર કરવાનો કરાર- બંને દેશો સૈન્ય અને સુરક્ષા સંબંધિત ગુપ્ત માહિતીઓ એકબીજા સાથે શેર કરશે. દરિયાઈ હિલચાલ અને સુરક્ષા પર સાથે મળીને નજર રાખવામાં આવશે. સૈન્ય અને વ્યૂહાત્મક સહયોગ વધારવાનો કરાર- બંગાળની ખાડી અને મલક્કા સ્ટ્રેટ ક્ષેત્રમાં અમેરિકાની સૈન્ય ઉપસ્થિતિ વધારવા, દરિયાઈ દેખરેખ અને વ્યૂહાત્મક સહયોગને મજબૂત કરવા પર સહમતિ બની છે. મલક્કાને આખી દુનિયાના વેપારની લાઈફલાઈન કહી શકાય છે. અહીંથી તેલની સાથે-સાથે ઈલેક્ટ્રોનિક્સ, મશીનો અને અન્ય સામાન પણ મોટા પ્રમાણમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચે છે. ચીન માટે તો મલક્કાને સૌથી મોટી વ્યૂહાત્મક નબળાઈ માનવામાં આવે છે. ચીનની લગભગ 80% તેલ આયાત આ જ રસ્તેથી આવે છે. આ ઔદ્યોગિક અર્થતંત્ર અને એક્સપોર્ટ સિસ્ટમ માટે અત્યંત જરૂરી છે. આ જ કારણોસર ચીન લાંબા સમયથી તેના પરની પોતાની નિર્ભરતાને એક નબળાઈ માને છે. આ જ કારણ છે કે પૂર્વ ચીની રાષ્ટ્રપતિ હુ જિન્તાઓએ તેને 'મલક્કા ડિલેમા' કહ્યું હતું. હાલમાં ચીને આ વિસ્તારની આસપાસ દરિયાઈ મેપિંગ અને મોનિટરિંગ પ્રવૃત્તિઓ વધારી છે. મલક્કા સ્ટ્રેટ ભારત માટે પણ એટલો જ મહત્વનો છે. દેશનો લગભગ 55% વેપાર આ જ માર્ગે અને સિંગાપોર ક્ષેત્રમાંથી પસાર થાય છે.

## ચીનની કોલસાની ખાણમાં બ્લાસ્ટ, 90 લોકોના મોત : અંદર 247 મજૂરો કામ કરી રહ્યા હતા

**નવી દિલ્હી, તા.23**

ચીનના શાંક્સી પ્રાંતમાં એક કોલસાની ખાણમાં થયેલા ભયાનક વિસ્ફોટમાં ઓછામાં ઓછા 90 લોકોના મોત થયા. આ દુર્ઘટના ચીનમાં છેલ્લા એક દાયકાની સૌથી મોટી કોલસા ખાણ દુર્ઘટના માનવામાં આવે છે. સરકારી સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, વિસ્ફોટ શુક્રવારે શાંક્સી પ્રાંતના કિનયુઆન કાઉન્ટીમાં થયો હતો. આ વિસ્તાર બેઈજિંગથી લગભગ 520 કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં આવેલો છે. દુર્ઘટના પહેલા ખાણમાં કાર્બન મોનોક્સાઈડ ગેસનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. તેના થોડા સમય પછી જોરદાર વિસ્ફોટ થયો. વિસ્ફોટ થયો, તે સમયે ખાણની અંદર 247 મજૂરો કામ કરી રહ્યા હતા. હજુ એ સ્પષ્ટ નથી કે કેટલા લોકો હજુ પણ અંદર ફસાયેલા છે. રાહત અને બચાવ અભિયાન ચાલુ છે. રસપ્રદ વાત એ છે કે દુર્ઘટનાના તરત જ પછી



શિન્હુઆએ પ્રારંભિક રિપોર્ટમાં માત્ર આઠ લોકોના મોતની જાણકારી આપી હતી અને કહ્યું હતું કે 200થી વધુ મજૂરોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે. પરંતુ બાદમાં અચાનક મૃતકોની સંખ્યા વધીને 82 જણાવવામાં આવી. સરકારી મીડિયાએ એ સ્પષ્ટ કર્યું નથી કે આંકડો આટલી ઝડપથી કેવી રીતે વધ્યો. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ગુમ થયેલા લોકોને બચાવવા માટે પૂરી તાકાતથી ઓપરેશન ચલાવવાના આદેશ આપ્યા છે. તેમણે દુર્ઘટનાની સંપૂર્ણ તપાસ કરાવવા અને જવાબદાર લોકો વિરુદ્ધ કાયદા હેઠળ કાર્યવાહી કરવાની વાત કહી છે. સરકારી સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, ખાણની અંદર કાર્બન મોનોક્સાઈડ ગેસનું સ્તર ઘણું વધી ગયું હતું. એવું માનવામાં આવે છે કે આ જ કારણે વિસ્ફોટ થયો. હાલમાં દુર્ઘટનાના સાચા કારણની તપાસ કરવામાં આવી રહી છે. શાંક્સી પ્રાંત ચીનમાં કોલસા ઉત્પાદનનું મોટું કેન્દ્ર માનવામાં આવે છે. પરંતુ અહીંની ખાણોનો સુરક્ષા રેકોર્ડ ઘણો ખરાબ રહ્યો છે.

## રશિયન સેનામાં ભરતી થયેલો પંજાબી યુવક 8 મહિનાથી ગુમ : છેલ્લા 8 મહિનાથી અમૃતસરમાં રહેલા પરિવાર સાથે સંપર્ક નહીં; ઉચ્ચ શિક્ષણ માટે મોસ્કો ગયો હતો

**કપૂરથલા, તા.23**

રાજ્યસભા સાંસદ સંત બલબીર સિંહ સીચેવાલે રશિયન સેનામાં જોડાઈને છેલ્લા 8 મહિનાથી ગુમ થયેલા એક પંજાબી યુવકનો મામલો કેન્દ્રીય વિદેશ મંત્રી સમક્ષ ઉઠાવ્યો છે. અમૃતસર જિલ્લાની નવદીપ કૌરે નિર્મલ કુટિયા, સુલતાનપુર લોધીમાં સંત સીચેવાલને મળીને પોતાના પતિ હીરા સિંહને શોધી કાઢવા વિનંતી કરી છે. નવદીપ કૌરે જણાવ્યું કે તેમના પતિ હીરા સિંહ ઓક્ટોબર, 2024માં ઉચ્ચ શિક્ષણ માટે મોસ્કો ગયા હતા. તેમને ઓગસ્ટ 2025માં રશિયન સેનામાં ભરતી કરવામાં આવ્યા હતા. પરિવાર મુજબ, ભરતી સમયે હીરા સિંહને તરત જ 14 લાખ રૂપિયા અને દર મહિને અઢી લાખ રૂપિયા પગાર



આપવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. નવદીપ કૌર મુજબ, હીરા સિંહને ફક્ત 15 દિવસની સૈન્ય તાલીમ પછી જ યુદ્ધ ક્ષેત્રમાં મોકલી દેવામાં આવ્યા. જ્યારે ભરતી સમયે એવું કહેવામાં આવ્યું હતું કે તેમની પાસેથી ફક્ત સેના માટે ભોજન પહોંચાડવા અને બંકર બનાવવા જેવા બિન-લડાયક કાર્યો જ કરાવવામાં આવશે. પરિવારનું કહેવું છે કે હીરા સિંહ માનસિક રીતે યુદ્ધ લડવા માટે તૈયાર ન હતા. તેમણે જણાવ્યું કે સપ્ટેમ્બર 2025માં તેમની તેમના પતિ સાથે છેલ્લી વાત થઈ હતી. ત્યારબાદ છેલ્લા 8 મહિનાથી તેમનો કોઈ સંપર્ક થઈ શક્યો નથી. નવદીપ કૌરનો 6 વર્ષનો મોટો દીકરો સેરેબ્રલ પાલ્સી જેવી ગંભીર બીમારીથી પીડાઈ રહ્યો છે, જેનો ઈલાજ હાલમાં સંપૂર્ણપણે શક્ય માનવામાં આવતો નથી. આ બીમારી બાળકની હિલચાલ, સ્નાયુઓ અને અવાજને અસર કરે છે અને ઉંમર વધવાની સાથે મગજ પર તેની અસર વધતી જાય છે. તેમનું બીજું બાળક અઢી વર્ષનું અને ત્રીજું ફક્ત એક વર્ષનું છે. મોટો દીકરો ન બોલી શકે છે, ન સાંભળી શકે છે, ન બેસી શકે છે અને ન જ ચાલી-ફરી શકે છે. સંત સીચેવાલે નવદીપ કૌરને ખાતરી આપી કે તેમના ગુમ થયેલા પતિને શોધવા માટે વિદેશ મંત્રાલય અને મોસ્કો ખાતેના ભારતીય દૂતાવાસ સાથે સતત સંપર્ક જાળવી રાખવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે વડાપ્રધાન રાહત કોષમાંથી બીમાર બાળકના ઈલાજની વ્યવસ્થા કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ સાથે તેમણે પરિવારને આશ્વાસન આપ્યું કે બાળકોના ભણતરનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવામાં આવશે અને તેઓ જ્યાં સુધી ભણવા માંગશે, તેમનું શિક્ષણ ચાલુ રાખવામાં આવશે. આ સાથે તેમણે પરિવારને આશ્વાસન આપ્યું કે બાળકોના ભણતરનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવામાં આવશે અને તેઓ જ્યાં સુધી ભણવા માંગશે, તેમનું શિક્ષણ ચાલુ રાખવામાં આવશે.

## દુનિયાના સૌથી શક્તિશાળી રોકેટનું 12મું પરીક્ષણ : ઈલોન મસ્કના 403 ફૂટ ઊંચા 'સ્ટારશિપ V3'નું એન્જિન ફેલ થયા પછી પણ હિંદ મહાસાગરમાં લેન્ડિંગ

### બૂસ્ટર કંટ્રોલ્ડ લેન્ડિંગ કરી શક્યું નહીં, બર્ન ટેસ્ટ નિષ્ફળ રહ્યો, સ્ટારશિપનું છઠ્ઠું એન્જિન સ્ટાર્ટ થયું નહીં

**સ્ટારશિપ તા.23**

દુનિયાના સૌથી શક્તિશાળી રોકેટ 'સ્ટારશિપ'ના નવા અને મોટા વર્ઝન (V3)નું પ્રથમ લોન્ચ સફળતાઓ અને નિષ્ફળતાઓનો મિશ્ર પ્રવાસ રહ્યો. અમેરિકાના ટેક્સાસના દક્ષિણ છેડે આવેલા 'સ્ટારબેઝ' લોન્ચિંગ પેડ પરથી ઉડાન ભર્યા પછી એન્જિનમાં ખામી સર્જાઈ હતી. આ કારણે રોકેટના નાશ થવાનો ખતરો મંડરાઈ રહ્યો હતો. તેમ છતાં, લગભગ એક કલાક પછી સ્ટારશિપ સ્પેસક્રાફ્ટ હિંદ મહાસાગરમાં સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં સફળ રહ્યું. 'સ્ટારશિપ' સિરીઝના અગાઉ પણ ઘણા લોન્ચ થઈ ચૂક્યા છે, પરંતુ આ ત્રીજી પેઢી (V3) ના અપગ્રેડ રોકેટનો આ પહેલો જ ટેસ્ટ હતો અને 'સ્ટારશિપ'નો 12મો ટેસ્ટ હતો. તેને ભારતીય સમય અનુસાર 23 મેની સવારે લોન્ચ કરવામાં આવ્યું. દુનિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે આ રોકેટ બનાવ્યું છે. 'સ્ટારશિપ' સ્પેસક્રાફ્ટ (ઉપલો ભાગ) અને સુપર હેવી બૂસ્ટર (નીચલો ભાગ)ને સામૂહિક રીતે 'સ્ટારશિપ' કહેવામાં આવે છે. આ વાહનની ઊંચાઈ 403 ફૂટ છે. આ સંપૂર્ણપણે ફરીથી વાપરી શકાય તેવું (રીયુઝેબલ) છે. રોકેટનો પહેલો ભાગ એટલે કે 'સુપર હેવી બૂસ્ટર' પોતાનો 'બૂસ્ટ બેક' બર્ન પૂરો કરી શક્યો નહીં. આ એવી પ્રક્રિયા છે, જેની મદદથી બૂસ્ટર પાછું આવીને જમીન પર કે સમુદ્રમાં નિયંત્રિત લેન્ડિંગ કરે છે. બર્ન પૂરો ન થવાને કારણે આ બૂસ્ટર સંપૂર્ણપણે નિયંત્રિત રીતે પાણીમાં પડી શક્યું નહીં. બૂસ્ટરથી અલગ થયા પછી જ્યારે મુખ્ય સ્ટારશિપ સ્પેસક્રાફ્ટને આગળ વધવાનું હતું, ત્યારે તેના છમાંથી ફક્ત પાંચ એન્જિન જ ચાલુ થઈ શક્યા. એક એન્જિન સ્ટાર્ટ ન થવાને કારણે તે સંપૂર્ણપણે સચોટ ઓર્બિટલ પાથ પર પહોંચી શક્યું નહીં. આમ છતાં તેની ટ્રેજેક્ટરી એટલી સુરક્ષિત સીમામાં હતી કે તે એક 'સબઓર્બિટલ' ફ્લાઈટ પૂરી કરી શક્યું. આ તકનીકી ખામીને કારણે ટીમ અવકાશમાં ફરીથી એન્જિન સ્ટાર્ટ કરવાનો ટેસ્ટ કરી શકી નહીં. આ ટેસ્ટનો મુખ્ય હેતુ રોકેટને સફળતાપૂર્વક લોન્ચ કરવું, તેને ઉપર લઈ જવું, ઉપરના ભાગ (સ્ટારશિપ)થી અલગ કરવું અને પછી એન્જિનને ફરીથી ચાલુ કરીને સમુદ્ર (ગલ્ફ ઓફ અમેરિકા)માં નિર્ધારિત જગ્યાએ સુરક્ષિત રીતે લેન્ડ કરાવવાનો હતો. 11મો ટેસ્ટ: પ્રથમ વખત આઠ ડમી સેટેલાઈટ અવકાશમાં છોડ્યા સ્ટારશિપનો 11મો ટેસ્ટ 14 ઓક્ટોબર 2025ના રોજ સવારે 5:00 વાગ્યે ટેક્સાસના બોકા ચિકાથી કરવામાં આવ્યો હતો. આ ટેસ્ટ 1 કલાક 6 મિનિટનો હતો, જેમાં સુપર હેવી બૂસ્ટરનું અમેરિકાની ખાડીમાં વોટર લેન્ડિંગ કરાવવામાં આવ્યું.

## ટ્રમ્પે વર્ષો જૂના દુશ્મનને કચરાપેટીમાં નાખ્યો ટીકા કરતા કોમેડિયનનો શો બંધ થયો

**અમેરીકા, તા.23**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક કોમેડિયનને કચરાના ડબ્બામાં ફેંકવાનો એક AI વીડિયો શેર કર્યો છે. આનાથી સોશિયલ મીડિયા પર ભારે વિવાદ ફાટી નીકળ્યો છે. કોમેડિયન સ્ટીફન કોલબર્ટ અને ટ્રમ્પ વચ્ચે કેટલાય વર્ષોથી દુશ્મની ચાલી રહી છે. કોલબર્ટ પોતાના શોમાં સતત ટ્રમ્પ, તેમની નીતિઓ અને MAGA (મેક અમેરિકા ગ્રેટ અગેન) આંદોલનની મજાક ઉડાવતા રહ્યા છે. બીજી તરફ ટ્રમ્પ પણ સોશિયલ મીડિયા પર વારંવાર કોલબર્ટને નિશાન બનાવતા રહ્યા હતા. કોલબર્ટના શુક્રવારે આશરે 11 વર્ષ પછી સીબીએસ (CBS)ના 'ધ લેટ શો' (The Late Show)ને અલવિદા કહી દીધું. આ શો ખતમ થવાના તરત જ બાદ ટ્રમ્પે આ AI જનરેટેડ વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તેઓ કોમેડિયનને ઢસડીને કચરાના ડબ્બામાં ફેંકે છે અને પછી પોતાના પ્રખ્યાત ડાન્સ સ્ટેપ્સ કરતા જોવા મળે છે. આ દરમિયાન બેકગ્રાઉન્ડમાં 'YMCA' ગીત વાગે છે. શો બંધ થવા પાછળ રાજકીય દબાણ? 'ધ લેટ શો' બંધ થવાને લઈને CBSએ જણાવ્યું કે, આને બંધ કરવાનો નિર્ણય સંપૂર્ણપણે આર્થિક કારણોસર લેવામાં આવ્યો છે. પરંતુ ટિકાકારોનો આક્ષેપ છે કે આની પાછળ રાજકીય દબાણ પણ હોઈ શકે છે. કોલબર્ટે પણ સીધા ટ્રમ્પને શો બંધ થવા માટે જવાબદાર ઠેરવ્યા નથી. પરંતુ કેટલાય કોમેડિયન અને તેમના સમર્થકોએ આવો સંકેત જરૂર આપ્યો છે. શોના ફિનાલેના એક દિવસ પહેલા પ્રખ્યાત રોક સ્ટાર બ્રુસ સ્પ્રિંગસ્ટીને કોલબર્ટને કહ્યું હતું કે: 'તું અમેરિકાનો પહેલો એવો માણસ છે જેણે માત્ર એટલા માટે નોકરી ગુમાવી કારણ કે રાષ્ટ્રપતિ પોતાના પર થયેલી મજાક સહન ન કરી શક્યા.' કોલબર્ટના આ શોમાંથી જવા સાથે જ 'ધ લેટ શો' ફ્રેન્ચાઈઝીનો એક લાંબો દોર ખતમ થઈ ગયો છે. આ શોની શરૂઆત 1993માં ડેવિડ લેટરમેને કરી હતી. હવે આ સ્થિતિને અમેરિકામાં લેટ-નાઈટ ટીવીના બદલાતા દોરની નિશાની માનવામાં આવી રહી છે, જ્યાં લોકો પરંપરાગત ટીવી જોવાના બદલે સોશિયલ મીડિયા અને ઓનલાઈન ક્લિપ્સ જોવાનું વધારે પસંદ કરી રહ્યા છે.

## ઈરાન પર ફરી હુમલાની તૈયારીમાં અમેરિકા

**ઈરાન, તા.23**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાનો વીકએન્ડ ગોલ્ફ કાર્યક્રમ રદ કરીને અચાનક વ્હાઈટ હાઉસ પાછા ફર્યા છે. આ પછી અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવને લઈને અટકળો તેજ બની ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકા ઈરાન વિરુદ્ધ નવા સૈન્ય હુમલાઓની તૈયારી કરી શકે છે. CBS ન્યૂઝે દાવો કર્યો છે કે ટ્રમ્પ પ્રશાસન સંભવિત નવા હુમલાઓની યોજના પર વિચાર કરી રહ્યું છે, જોકે હજુ અંતિમ નિર્ણય લેવાયો નથી. રિપોર્ટ્સ અનુસાર, અમેરિકી પ્રશાસન અને સેનાના ઘણા વરિષ્ઠ અધિકારીઓએ પણ પોતાના રજા અને હોલિડે કાર્યક્રમો રદ કરી દીધા છે. આ દરમિયાન ઈરાનની સરકારી સમાચાર એજન્સી



તસ્નીમે દાવો કર્યો કે ઈરાની સેના દુશ્મનની કોઈપણ મૂર્ખામીનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ઈરાનની નૌકાદળે દાવો કર્યો છે કે છેલ્લા 24 કલાકમાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી 25 જહાજો પસાર થયા છે. છેલ્લા કેટલાક દિવસોમાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોની સંખ્યા સતત બદલાતી રહી છે. યુદ્ધ અને તણાવને કારણે ટ્રાફિક સામાન્ય સ્તરથી ઘણો નીચે છે. IRGC એ શુક્રવારે દાવો કર્યો હતો કે તેમના 26 જહાજો હોર્મુઝમાંથી પસાર થયા છે. એટલે કે, હાલમાં સતત બે દિવસથી ટ્રાફિક લગભગ દરરોજ 25-26 જહાજોની આસપાસ જળવાઈ રહ્યો છે, જ્યારે સામાન્ય સમયમાં આ સંખ્યા 100 થી વધુ રહેતી હતી. ટ્રમ્પ સરકારે ઈરાન સાથે ચાલી રહેલી યુદ્ધવિરામ અને પરમાણુ વાટાઘાટોમાંથી ઈઝરાયલને લગભગ બહાર કરી દીધું છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, ઈઝરાયલી અધિકારીઓને અમેરિકા-ઈરાન વાટાઘાટોની માહિતી સીધી વોશિંગ્ટનથી મળી રહી નથી. તેમને પ્રાદેશિક નેતાઓ, રાજદ્વારી સંપર્કો અને ઈરાન અંદરની તેમની ગુપ્તચર દેખરેખ દ્વારા માહિતી એકત્રિત કરવી પડી રહી છે.

## જૈશ-એ -મોહમ્મદના આતંકીઓને ઓપરેશન સિંદૂરનો ભય : જૈશે કબૂલ્યું, એ રાત્રે આકાશમાંથી આગ વરસતી હતી

**બહાવલપુર તા.23**

આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદને આજે પણ ઓપરેશન સિંદૂરનો ભય છે. આતંકીઓ એ વિચારીને ફફડી રહ્યા છે કે ગમે ત્યારે, ગમે ત્યાંથી ભારતીય સેનાની મિસાઈલ આવશે. જૈશ-એ -મોહમ્મદે ઉર્દૂમાં એક પોસ્ટ સોશિયલ મીડિયામાં શેર કરી છે. તેમાં ભય સ્પષ્ટ દેખાય છે. બીજી તરફ બહાવલપુરમાં જ્યાં જૈશનું હેડક્વાર્ટર હતું ત્યાં એક વર્ષથી એટલે ઓપરેશન સિંદૂર સ્થગિત થયું ત્યારથી રિપેરિંગ કામ ચાલી રહ્યું છે. જૈશના કેમ્પસમાં મસ્જિદ હતી, તેના ગુંબજ તૂટી પડ્યા હતા તેને ફરીથી બનાવાઈ રહ્યા છે અને અંદર પણ મોટાપાયે રિપેરિંગ કામ થઈ રહ્યું છે. સૂત્રો અનુસાર, બહાવલપુર સ્થિત આ પરિસરમાં તૂટેલા ગુંબજોને ફરીથી બનાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મિસાઈલ હુમલાઓથી ક્ષતિગ્રસ્ત ભાગોનું સમારકામ કરવામાં આવી રહ્યું છે અને નવું માળખું પણ તૈયાર કરવામાં આવી રહી છે. પાકિસ્તાનના બહાવલપુર સ્થિત જૈશ-એ-મોહમ્મદના હેડક્વાર્ટર મરકઝ સુભાનઅલ્લાહને લઈને ફરી એકવાર મોટા દાવાઓ સામે આવ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, 2025માં થયેલા ઓપરેશન સિંદૂરમાં ભારે નુકસાન વેઠ્યા બાદ હવે આ પરિસરનું ફરીથી નિર્માણ કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે આ પુનર્નિર્માણ માટે પાકિસ્તાન સરકારે લગભગ 25 કરોડ રૂપિયા આપ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે ઓક્ટોબર 2025માં ફંડ જારી થયા બાદ માર્ચ 2026થી નિર્માણ કાર્ય ઝડપી કરી દેવામાં આવ્યું છે. સૂત્રો અનુસાર, બહાવલપુર સ્થિત આ પરિસરમાં તૂટેલા ગુંબજોને ફરીથી બનાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મિસાઈલ હુમલાઓથી ક્ષતિગ્રસ્ત ભાગોનું સમારકામ કરવામાં આવી રહ્યું છે અને નવું માળખું પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે પરિસરની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે અને પાકિસ્તાનના વિશેષ સુરક્ષા એકમોને ત્યાં તહેનાત કરવામાં આવ્યા છે. 7 મે 2025 ની રાત્રે ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનમાં હાજર આતંકવાદી માળખા પર સચોટ એરસ્ટ્રાઈક કરી હતી. આ કાર્યવાહીમાં બહાવલપુર સ્થિત જૈશ-એ-મોહમ્મદના ઓપરેશનલ સેન્ટર મરકઝ સુભાનઅલ્લાહને નિશાન બનાવવામાં આવ્યું હતું. મુખ્ય ઈમારતને ભારે નુકસાન થયું હતું. ઘણા ગુંબજ ધરાશાયી થયા હતા. અને સમગ્ર પરિસરમાં મોટા પાયે તબાહી થઈ હતી.

## તંત્રી લેખ

# 'શુદ્ધિ સભા'માં દર અઠવાડિયે 400 મુસ્લિમ હિન્દુ બને છે

તારીખ- 28 એપ્રિલ 2026, સ્થળ- દિલ્હીના કમલા નગરનું આર્ય સમાજ મંદિર. મંદિરના કુંડમાંથી ધુમાડો નીકળી રહ્યો હતો. હવનની સુગંધ પ્રસરી રહી હતી. અમે ત્યાં ઉભેલા મંદિરના સેવાદારને પૂછ્યું કે હમણાં હવન થયો છે કે શું? તેમણે જવાબ આપ્યો- હા, હમણાં જ શુદ્ધિ થઈ છે. એક મુસ્લિમ છોકરીએ હિંદુ ધર્મ સ્વીકાર કર્યો છે. આર્ય સમાજમાં જણાવેલી રીતોથી તેની વૈદિક ધર્મમાં વાપસી કરાવવામાં આવી છે. મંદિરથી 50 મીટર દૂર એક તૂટેલો-ફૂટેલો ઓરડો છે. બહાર સફેદ રંગની નેમ પ્લેટ લાગેલી છે, જેના પર લખેલું છે- શુદ્ધિ સભા. ઓરડાની અંદર કેટલીક રેક છે, જેમાં ડોક્યુમેન્ટ્સનો ઢગલો છે. આમાં શુદ્ધિ એટલે કે વૈદિક ધર્મમાં વાપસી કરનારાઓનો હિસાબ-કિતાબ છે. શુદ્ધિ કેવી રીતે થાય છે? તેના જવાબમાં મંદિરના સેવાદાર કહે છે, 'તમે 15 મિનિટ પહેલા આવત તો શુદ્ધિકરણ થતું જોઈ લેત.' તેમણે અમને 18-20 મિનિટનું એક રેકોર્ડિંગ બતાવ્યું. તેમાં એક છોકરી બે મહિલાઓ સાથે હતી. વૈદિક મંત્રો સાથે હવનકુંડમાં આહુતિઓ આપ્યા પછી પંડિતજીએ છોકરીના કપાળ પર રોલીથી તિલક લગાવ્યું. હાથમાં કલાવો બાંધ્યો. પૂજા પછી બોલ્યા- હવે છોકરી હિંદુ થઈ. છોકરીનું નામ રીટા (બદલેલું નામ) રાખવામાં આવ્યું. તેણે પંડિતજી, સાસુ અને નણંદના ચરણ સ્પર્શ્યા. એક સેવાદારે પાછળથી કહ્યું- 'ઘર વાપસીની શુભેચ્છાઓ.' છોકરી શાંત હતી, ચહેરા પર કૃતજ્ઞતા હતી કે દ્વિધા, તે ખબર નથી, પરંતુ હળવું સ્મિત ચોક્કસ હતું. કમલા નગરમાં એક સમયે બિરલા મિલ ચાલતી હતી. હવે તે બંધ છે. તેના નામ પર ગલીનું નામ બિરલા લેન થઈ ગયું છે. આ એક ભીડભાડવાળો વિસ્તાર છે, પરંતુ શુદ્ધિ સભા વિશે પૂછવા પર લોકો આજુબાજુ જોવા લાગે છે. આર્યસમાજ મંદિર વિશે પૂછશો તો તરત જ જણાવી દેશે. ભારતીય શુદ્ધિકરણ સભા ભવનની 10 બાય 10ની ઓફિસ છે. અંદર એક ટેબલ, બે ખુરશીઓ અને એક રેક રાખેલી છે. અહીં અમારી મુલાકાત કેર-ટેકર સાથે થઈ, જે પોતાની ઓળખ જાહેર કરવા માંગતા નથી. તે જણાવે છે, 'જે ઓફિસમાંથી આટલું મોટું આંદોલન ચાલી રહ્યું છે, તેનું સરનામું કોઈને શા માટે જણાવીએ. હંમેશા હુમલાનો ખતરો રહે છે. અમે પ્રચાર ઓછો, કામ વધારે પર ભરોસો કરીએ છીએ.' તેઓ ઓફિસની રેકમાં રાખેલી એક ફાઈલ કાઢીને કંઈક લખવા લાગ્યા. અમે પૂછ્યું કે આ રજિસ્ટર શા માટે છે, તેમાં શું લખ્યું છે? જવાબ મળ્યો, 'આજે જે શુદ્ધિકરણ કરાવવામાં આવ્યું, તેની એન્ટ્રી કરી છે. છોકરી મુસ્લિમમાંથી હિન્દુ બની છે. તેની થનારી સાસુ અને નણંદ તેને લઈને આવ્યા હતા. તે હિંદુ છોકરા સાથે લગ્ન કરવા માંગે છે, તેથી મરજીથી હિંદુ બનવાનું સ્વીકાર્યું.' તેના પરિવારજનો ન આવ્યા? આના પર તેઓ કહે છે, 'ના. માતા રાજી હતી, પરંતુ ડરના કારણે સાથે ન આવી. ઘરવાળાઓને ખબર પડી જશે તો છોકરી, છોકરા અને તેમના પરિવારને જાનનો ખતરો થઈ જશે.' શું દરેક શુદ્ધિકરણની એન્ટ્રી થાય છે? જવાબ મળ્યો - 'હા, ડેટા તો રાખવો પડે છે.' એક અઠવાડિયામાં કેટલા લોકોનું શુદ્ધિકરણ કરાવો છો? તેઓ કહે છે, 'ડેટા જણાવી શકતા નથી, ગોપનીય છે.'

# ટ્વિશા શર્મા અને દિપિકા નાગોર! આ બંન્નેનાં પ્રાણ દહેજનાં દૂષણ એ હરી લીધા!!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આપણે એકવીસમી સદીમાં પહોંચી ગયાને પણ 25 વર્ષ પૂરાં થઈ ગયા! પરંતુ ભારતીય સમાજની સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબધને જોવાની દ્રષ્ટિ હજી બદલાઈ નથી! તાજેતરમાં જ આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઈટાલીનાં પ્રવાસે ગયાં છે, અને ત્યાંની પીએમ જ્યોર્જીયા મેલોની સાથેના એમનાં ફોટોગ્રાફ પરથી મીમ અને ઓકવર્ડ મેસેજનાં મારાથી આખું સોશિયલ મીડિયા પ્રભાવિત થઈ ગયું છે! અને જે સદા આપણાં જ નહીં, સમગ્ર વિશ્વનાં યુવાનોનાં આદર્શ રહ્યાં છે! એની પર શું અસર થશે? એવું કંઈ વિચાર્યા વગર બસ...! માત્ર આધુનિક કપડાં પહેરવાથી કંઈ આધુનિક થવાતું નથી! એની માટે વૈચારિકતામાં બદલાવ જરૂરી છે. તો બીજા સમાચાર થોડાં દિવસ પહેલાંનાં છે, કે જેમાં બે 25 અને 33 વર્ષની સફળ યુવતીઓનાં રહસ્ય મય સંજોગોમાં મૃત્યુ થયા! એમાંથી એક તો સ્યુસાઈડ દેખાડે છે, અને બીજીનો મૃતદેહ મળી આવ્યો! પરંતુ બંનેનાં સગા સંબંધીઓ એ મર્ડર છે, એવો દાવો કર્યો છે. વિચારીને પણ કેટલું આશ્ચર્ય થાય છે, કે વૈચારિકતાની દ્રષ્ટિએ આપણે હજી કેટલાં પછાત છીએ! વુમન્સ ડે કે મધર્સ ડે પર એની સફળતાનાં ગુણગાન ગાતાં કે પછી મધર્સ તરીકે એનાં ત્યાગ અને બલિદાનની ગાથા ગાતાં, આ સમાજમાં જ આવી અરેરાટી વ્યાપી જાય એવી ઘટના ઘટે! આઝાદી પછી કન્યા કેળવણીનો ગ્રાફ જોઈએ, તો એ સતત વધતો દેખાય છે! અને યુવતીઓ એ લગભગ બધાંજ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી છે! પણ એ જ રીતે આઝાદી પછી, કિશોરી હોય ત્યારે યૌન શોષણ, છેડછાડ કરવી, બલાત્કાર, ઘરેલુ હિંસા, કે પછી આ રીતે હત્યા કરવી, એની સંખ્યાનો દર પણ વધતો જ જાય છે! જે હકીકતમાં ઘટવો જોઈએ! આનો સીધોસાદો અર્થ એ થાય કે અમુક પુરુષો હજી પણ સ્ત્રીને એક સાધન સમજે છે, અને એની સફળતાને સાખી શકતાં નથી! અથવા તો રુઆબ જમાવી શકાય એટલે કાયમ માનસિક ત્રાસ આપે છે.

ઉત્તર પ્રદેશના નોઈડાની રહેવાસી ટ્વિશા શર્મા ઉચ્ચ શિક્ષિત અને બહુમુખી પ્રતિભા ધરાવતી યુવતી હતી. તેની પાસે એમબીએ ની ડિગ્રી હતી. માર્કેટિંગ અને કોમ્યુનિકેશન ક્ષેત્રે દિલ્હીમાં કામ કર્યું હતું. આ ઉપરાંત ગ્લેમર જગત સાથે પણ જોડાયેલી હતી, તેણે 'મિસ પુણે'નો તાજ જીત્યો હતો, મોડેલિંગ કર્યું હતું અને એક તેલુગુ ફિલ્મમાં અભિનય પણ કર્યો હતો. તે યોગ ટ્રેનર હોવાની સાથે વિપશ્યનાનો પણ અભ્યાસ કરતી હતી, એટલે આધ્યાત્મિક વિચારો વાળી સકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી હતી! એ આત્મહત્યા તો કરે જ નહીં. 12 ડિસેમ્બર 2024નાં લગ્ન થયાં અને

લગ્નના ગણતરીના મહિનાઓમાં જ એક હોનહાર યુવતીનું ભોપાલમાં શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું. ટ્વિશાનો મૃતદેહ એણે






'જિમ્નાસ્ટિક બેલ્ટ'થી ફાંસો ખાધો હોય એવી રીતે લટકેલી હાલતમાં મળ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને લિગેચર ટેસ્ટના તારણો આ મૃત્યુને આત્મહત્યા સાબિત કરે છે, કે પછી સુનિયોજિત હત્યા? સીસીટીવી ફૂટેજમાં ચોખ્ખું જોવાં મળ્યું કે, ટ્વિશા છત તરફ ગઈ હતી અને પછી તેનો પતિ સમર્થ સિંહ અને બે પુરુષો દ્વારા પકડીને તેનાં મૃતદેહને નીચે લાવવામાં આવ્યો હતો.

ગ્રેટર નોઈડાનાં જલપુરા ગામમાં રહેતી 25 વર્ષીય દિપિકા નાગોરનાં શંકાસ્પદ મોત પાછળ તેના પતિ અને સાસરિયાઓ મુખ્ય આરોપી છે. દિપિકાનાં પિતાએ દહેજ માટે શારીરિક, માનસિક ત્રાસ આપીને તેની હત્યા કર્યાનો આક્ષેપ કર્યો છે. દિપિકાના પરિવારે આરોપ લગાવ્યો છે કે લગ્નમાં રૂ. 1 કરોડ ખર્ચવા છતાં સાસરિયાઓ ફોરચ્યુનર કાર અને રૂ. 50 લાખ રોકડા દહેજમાં માંગતા હતા. દહેજની આ માંગ પૂરી થઈ નહીં, એટલે તેની હત્યા કરીને મૃત્યુને આત્મહત્યા અથવા અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ થયો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં દિપિકાનાં શરીર પર ગંભીર ઈજાઓ, મગજમાં લોહી જામી જવું અને બરોળ ફાટી જવાનાં, ચિંતાજનક પુરાવા મળ્યાં છે.

આ બંને કિસ્સાની સચ્ચાઈ જાણીને તો,જૂનાં જમાનાની ગુજરાતી ચલચિત્રની પ્રખ્યાત હિરોઈન સ્નેહલતાની કોઈ ફિલ્મનો એન્ડ જોતાં હોઈએ એવી લાગણી થઈ! જોકે ક્રાઈમ પેટ્રોલ અને સાવધાન ઈન્ડિયામાં આવાં સત્ય ઘટના પર આધારિત કિસ્સાઓ આવે જ છે. મહિને બે મહિને આવું સાંભળીને વિચાર આવે, કે શું ભારતીય સમાજમાં હજી પણ દિકરી તો પારકી થાપણ કહેવાય! એ જ માન્યતા છે? દિકરીઓને માત્ર શિક્ષણ આપવું પુરતું નથી! એને કમાતી કરવી એટલું પણ પર્યાપ્ત નથી! તમે ખોટું સહન કર્યું એ એને પણ કરવું જોઈએ, એવું શીખવવાની જરૂર નથી! સ્ત્રીઓના હક્ક અને માંગ આ બંને અલગ વસ્તુ છે! માંગ માં સમાધાન થઈ શકે! એટલે કે પત્ની સોનું ચાંદી કે હીરાના દાગીના કે પછી ફોન ઘર કે અન્ય ફેશન એસેસરીની ડિમાન્ડ કરે તો, પતિ હાં ના કરે ત્યારે સમાધાન કરવું એવું શીખવી શકાય, પણ સ્વમાનનો હક્ક તો મળવો જ જોઈએ! એની પોતાનું એક સ્વતંત્ર વ્યક્તિત્વ છે, અને પોતાને લગતાં નિર્ણયો કોઈપણ ના દબાવમાં આવ્યાં વગર લઈ શકે છે, અને એમાં માતાપિતા તરીકે અમે તારે પક્ષે હંમેશા રહીશું આવો ભરોસો આપવો જોઈએ. એટલે જ એક સ્ત્રી હોવાને નાતે, ક્યાંક ક્યાંક વિચાર એ પણ આવે છે, કે આ બંને યુવતી ઓનાં મૃત્યુ માટે એનાં માતાપિતા પણ એટલાં જ જવાબદાર છે! હવે કેસ કરવાથી શું ફાયદો થશે? ન્યાય ગમે તે આવે કદાચ આજીવન જેલ થાય કે પછી ફાંસી! પણ દિકરીઓ તો પાછી આવશે નહીં! બંને એ પોતાનાં માતાપિતાને એનાં લગ્ન જીવન વિશે ફરિયાદ કરી હતી, અને વોટ્સએપ નાં માધ્યમથી જણાવ્યું હતું કે, લગ્ન કરીને ફસાઈ ગઈ હોય એવું લાગે છે! અહીં એનો શ્વાસ રુંધાય છે! એની ઈચ્છાઓ ને કોઈ મહત્વ નથી! તેમજ કોઈને આત્મિયતા પણ નથી, અને છતાં દિકરીઓને બધું સરખું થઈ જશે! એવી શીખામણ આપી! થોડું એડજેસ્ટ કરવાની સલાહ આપી, લગ્ન જીવનમાં આવું તો થાય!શું આ યોગ્ય હતું? કેમ અત્યારે જ ચાલી આવ, આ ઘર તારું જ છે! અમે તારી સાથે જ છીએ! એમ કેમ કહ્યું નહીં? સ્ત્રી માટે સહનશક્તિનો અર્થ શું કરીશું? કોઈ તેની સાથે ગમે તે કરે એ સહન કરી લેવું? અરે આજનાં યુગમાં હસવા બોલવા પર પણ પ્રતિબંધ કોઈ કંઈ રીતે લગાવી શકે? અને આટલી સફળતા પ્રાપ્ત કરેલી યુવતીએ ખોટું ટોર્ચરીંગ શું કામ સહન કરવું જોઈએ! પોતે આર્થિક રીતે સદ્ધર હતી! તો એ દોઝખમાં રહેવું શું કામ જોઈએ? આમપણ ભણેલી ગણેલી અને ખાસ્સી આવક ધરાવતી યુવતીઓ લગ્ન પછી સંયુક્ત પરિવારમાં નહીં રહે એવી શરત તો કરે જ છે, પણ પતિ પણ હત્યારો નીકળશે, એવી દહેશત રહેશે તો લગ્ન સંસ્થા ભયમાં છે, એમ કહેવું જરાય અતિશયોક્તિ ભર્યું નથી! સ્ત્રી અને પુરુષ બંને એકબીજાનાં પૂરક છે, આજનું આ સત્ય આવતીકાલે નહીં રહે! અને શક્ય છે, સમાજમાં સમલૈંગિક સંબંધો વધતાં જશે! એટલે જાતિય વિકૃતિ પરાકાષ્ઠા સર્જી શકે છે!

એટલે લોકોનાં રહેન સહેન કે આધુનિક પોષક પરથી સમાજ સુધરી ગયો છે, એવુ વિચારવું ભૂલ ભરેલું છે! કારણકે આ બંને યુવતીઓનાં સાસરિયાં હાઈ પ્રોફાઈલ ધરાવતા હતાં! સમાજમાં એનું એજ્યુકેટેડ ફેમિલી તરીકેનું સ્ટેટ્સ હતું! અને છતાં દહેજ ને કારણે... હાં સમાજમાં ઘણે અંશે સુધારો આવ્યો છે એમ ચોક્કસ કહી શકાય! એમાં પણ ગુજરાતી સમાજે તો ખરેખર ઘણી વૈચારિક ક્રાંતિ કરી છે! દીકરા દીકરીનો ભેદભાવ વગર શૈક્ષણિક ઉછેર, એમની ઈચ્છા મુજબ જીવનસાથીની પસંદગીનો અધિકાર! અને આ બધું જ ભવિષ્યની કોઈ શરત વગર! સાસરે મોકલતી વખતે

## ચોમાસામાં અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા મંત્રી ઋષિકેશ પટેલનો આદેશ, હવે DISCOMsને આપવી પડશે સેલ્ફ કમ્પ્લાયન્સ રિપોર્ટ

### વાવાઝોડું, ભારે વરસાદ, પવનના કારણે વીજ માળખાને નુકસાન થવાની સંભાવના રહેતી હોવાથી પરિસ્થિતિને પહોંચી વળવા પૂર્વ-તૈયારીના આદેશો



ગાંધીનગર, તા. 23

રાજ્યના નાગરિકોને ચોમાસા દરમિયાન કોઈ પણ અડચણ વગર સાતત્યપૂર્ણ વીજળી મળી રહે તે માટે ગુજરાત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં અવિરત વીજ પુરવઠો જાળવી રાખવા માટે વીજ કંપનીઓને એક તાકીદનો પત્ર લખી કડક નિર્દેશો જાહેર કર્યા છે. મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું છે કે ચોમાસામાં વીજ પુરવઠો ખોરવાય નહીં તે સરકારની સર્વોચ્ચ અગ્રતા છે. રાજ્યાના ઊર્જા મંત્રી નાગરિકો માટે ગુણવત્તાયુક્ત, સાતત્યપૂર્ણ આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે કટિબદ્ધ છે. આગામી ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને રાજ્યભરના તમામ ગ્રાહકોને કોઈ પણ વિક્ષેપ વિના અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે મંત્રી ઋષિકેશ પટેલે એક મહત્વપૂર્ણ અને તાકીદનો પત્ર જાહેર કર્યો છે. ચોમાસા દરમિયાન વાવાઝોડું, ભારે વરસાદ કે તેજ પવનના કારણે વીજ લાઈનો અને વીજ માળખાને મોટા પાયે નુકસાન થવાની સંભાવના રહે છે. આ સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે મંત્રીશ્રીએ આગોતરા આયોજનના ભાગરૂપે તમામ વીજ વિતરણ કંપનીઓ DISCOMs ના સબ-ડિવિઝન, ડિવિઝન અને સર્કલ કક્ષાના અધિકારીઓને સક્રિય થવા જણાવ્યું છે. તમામ વિસ્તારોના વીજ ફીડર્સ તેમજ તેની સાથે જોડાયેલા તમામ ઈલેક્ટ્રિકલ સાધનોને સંપૂર્ણપણે તૈયાર કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આગામી દિવસોમાં તેમજ સમગ્ર ચોમાસા દરમિયાન લૂઝ વાયરો, નમેલા વીજ થાંભલા, કે ખુલ્લા ડીપી બોક્સ જેવી જોખમી સ્થિતિઓનું તાત્કાલિક નિવારણ લાવવાનું રહેશે. રાજ્યમાં ક્યાંય પણ કોઈ અનિચ્છનીય વીજ અકસ્માત કે જાનહાનિ ન થાય તે સુનિશ્ચિત કરવા ખાસ સૂચના અપાઈ છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ ને તમામ વીજ વિતરણ કંપનીઓ DISCOMs સાથે તાત્કાલિક ધોરણે સંકલન સાધીને આ સમગ્ર બાબતમાં વિગતવાર સૂચનાઓ અને માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવા આદેશ અપાયો છે. તમામ કંપનીઓએ આ અંગેનો 'સેલ્ફ-કમ્પ્લાયન્સ રિપોર્ટ' તારીખ ૦૫.૦૬.૨૦૨૬ સુધીમાં GUVNL ને રજૂ કરવાનો રહેશે. ત્યારબાદ GUVNL આ સંકલિત અહેવાલ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને મોકલશે. આ કામગીરી માત્ર કાગળ પર ન રહે તે માટે સરકારે કડક સમયમર્યાદા નક્કી કરી છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ GUVNL ને તમામ ડિસ્કોમ્સ સાથે સંકલન સાધીને વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવા કહેવાયું છે. તમામ વીજ વિતરણ કંપનીઓએ PGVCL, DGVCL, MGVCL, UGVCL આ આદેશોનું ચુસ્ત પાલન કરીને તારીખ ૦૫.૦૬.૨૦૨૬ સુધીમાં પોતાનો 'સેલ્ફ-કમ્પ્લાયન્સ રિપોર્ટ' GUVNL ને સબમિટ કરવો પડશે. ત્યારબાદ આ સંકલિત અહેવાલ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને મોકલવામાં આવશે.

# ઘરના રસોડાથી મોક્ષ સુધી વિસ્તરેલી એક અલૌકિક યાત્રા જ્યાં અધિક માસના આઠમા અધ્યાયે સ્નેહના દીપથી પ્રગટાવ્યો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

સંબંધ ધર્મ પરિવાર એટલે માત્ર લોહીના સંબંધોનું માળખું નથી, તે તો સંસ્કાર, સહિષ્ણુતા અને સ્નેહથી ગૂંથાયેલું એક જીવંત મંદિર છે. અને જ્યારે આ મંદિર ના થાંભલા સાસુ અને વહુના પરસ્પર પ્રેમ,આદર અને સમર્પણ પર ટકેલા હોય,ત્યારે તે ઘર સ્વયં વૈકુંઠ બની જાય છે. હિંદુ ધર્મશાસ્ત્રોમાં પારિવારિક સંબંધોને ખૂબ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે.તેમાં પણ પુરુષોત્તમ માસ,જેને અધિક માસ કે મલમાસ પણ કહેવાય છે, તેનો મહિમા અપરંપાર છે. આ માસ સ્વયં ભગવાન શ્રી કૃષ્ણને અતિ પ્રિય છે,તેથી તેનું નામ 'પુરુષોત્તમ'પડ્યું.આ પાવન માસની કથાઓમાં જીવનના ગૂઢ રહસ્યો છુપાયેલા છે,અને તેમાંય આઠમો અધ્યાય તો સંસારમાં રહીને પરમાત્માને પામવાનો રાજમાર્ગ બતાવે છે.

*આઠમા અધ્યાયનું હાર્દ:

સ ં બ ં ધ ો મ ા ં થ ી સદગતિસામાન્ય રીતે આપણે ધર્મ-ભક્તિને મંદિર, પૂજા-પાઠ કે તીર્થયાત્રા સાથે જોડી દઈએ છીએ.પણ પુરુષો ત્તમ માસનો આઠમો અધ્યાય એક ક્રાંતિકારી વિચાર મૂકે છે: તમારું ઘર જ તમારું પહેલું તીર્થ છે,અને ઘરના સભ્યો જ તમારા પહેલા દેવ છે.આ અધ્યાયની કેન્દ્રમાં છે એક સાસુ-વહુની કથા સમાજમાં સાસુ-વહુના સંબંધને ઘણીવાર ખટરાગ અને ક્લેશનું પ્રતીક માનવામાં આવે છે.પણ આ કથા તે પૂર્વગ્રહને તોડી નાખે છે.અહીં સાસુ વહુ માટે માત્ર સત્તા નથી,પણ વાત્સલ્યની મૂર્તિ છે.અને વહુ સાસુ માટે માત્ર કામ કરનાર નથી, પણ દીકરી સમાન સેવા અને સમર્પણનું પ્રતિક છે.

આ કથામાં જ્યારે બંને સાથે મળીને પુરુષોત્તમ માસનું વ્રત કરે છે,કથા સાંભળે છે, અને દાન- પુણ્ય કરે છે,ત્યારે તેમનો સ્નેહ માત્ર લૌકિક રહેતો નથી,તે અલૌકિક બની જાય છે.તેમનો સંવાદ કકળાટ નથી,પણ ધર્મ ચર્ચા બને છે.તેમનો સાથે વિતાવેલો સમય ફરજ નથી, પણ ભક્તિ બની જાય છે. આ અધ્યાય સ્પષ્ટ કરે છે કે જે ઘર માં સાસુ-વહુ એકબીજાને સમજીને,એકબીજાની ભૂલોને પચાવીને,પ્રભુ ભક્તિમાં સહ ભાગી બને છે,ત્યાં કલેશ પ્રવેશી જ શકતો નથી.ઘરમાંઆપોઆપ શાંતિ,લક્ષ્મી અને સરસ્વતીનો વાસ થાય છે.

*વ્રત,દાન અને કથા-શ્રવણ: ત્રિવેણી સંગમ આ અધ્યાય માત્ર ભાવનાત્મક કથા નથી,તે વ્યવહા રિક ધર્મનો માર્ગ પણ બતાવે છે. અધિક માસમાં કરેલા કાર્યોનું ફળ અનેકગણું મળે છે. તેમાં ત્રણ બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે:

*વ્રત:અહીં વ્રત એટલે માત્ર ભૂખ્યા રહેવું નહીં.સાચું વ્રત છે ઈન્દ્રિયોનું,વાણીનું અને વિચારોનું સંયમ.સાસુએ વહુનાઅવગુણની ટીકા કરવાનું વ્રત લીધું,અને વહુ એ સાસુ સામે ઉદ્ધત જવાબ આપવાનું વ્રત લીધું.આ 'સંબંધનું વ્રત' સૌથી કઠિન પણ સૌથી વધુ ફળદાયી છે.

*દાન:દાન એટલે માત્ર ધનનું દાન નહીં.અહીં દાનનો અર્થ છે 'અભયદાન' અને 'પ્રેમદાન'.સાસુ વહુને સુરક્ષાની લાગણીનું દાન કરે,અને વહુ સાસુને આદર અને સમયનું દાન કરે.આ અધ્યાય કહે છે કે આવું દાન કરવાથી જન્મોજન્મનાપાપો બળીને ભસ્મ થઈ જાય છે.

*કથા-શ્રવણ:સાથે બેસીને કથા સાંભળવીએ માત્ર ધાર્મિક ક્રિયા નથી, તે 'સંવાદ સેતુ' છે. જ્યારે બે પેઢી એકસાથે બેસીને ભગવાનની વાતો સાંભળે છે, ત્યારે તેમની વચ્ચેના વૈચારિક મતભેદો આપોઆપ ઓગળી જાય છે. કથા મનને નિર્મળ કરે છે, અને નિર્મળ મનમાં જ પ્રેમનો છોડ ઊગે છે.

ભક્તિનો પ્રભાવ :સંસારમાંથી મોક્ષ તરફ આ અધ્યાયનો સૌથી ગહન સંદેશ એ છે કે ભક્તિ માટે હિમાલયમાં જવાની જરૂર નથી. સાચા મનથી, કપટ વગર, ઘરના કામ કરતાં કરતાં પણ પ્રભુનું સ્મરણ થઈ શકે છે. વહુ જ્યારે સાસુના પગ દબાવે છે ત્યારે તેને 'સેવા' સમજીને કરે, 'મજબૂરી' સમજીને નહીં.સાસુ જ્યારે વહુ ની ભૂલને માફ કરે છે ત્યારે તેને 'વાત્સલ્ય' સમજીને કરે, 'નબળાઈ' સમજીને નહીં. બસ, આ ભાવ બદલાઈ જાય એટલે કર્મ એ 'કર્મયોગ' બની જાય છે, અને ઘરએ'ધર્મક્ષેત્ર'બની જાયછે

આ અધ્યાય વચન આપે છેકે જે કોઈ આ સાસુ-વહુના પવિત્ર પ્રેમ ની કથા સાંભળશે, મનન કરશે અને પોતાના જીવનમાં ઉતારશે, તેના ઘરમાં ક્યારેય ક્લેશ નહીં રહે. પારિવારિક સંબંધો મધુર બનશે. મનની અશાંતિ દૂર થશે અને સૌથી મોટી વાત,પરમાત્મા ની અનંત અને અહેતુક કૃપા સહજ પ્રાપ્ત થશે.કારણ કે ભગવાનને મહેલો કરતાં એ ઘર વધુ પ્રિય છે, જ્યાં સંબંધોમાં પ્રેમનું સામ્રાજ્ય હોય. આમ,પુરુષોત્તમ માસનો આઠમો અધ્યાય આપણને શીખવે છે કે મોક્ષનો દરવાજો ક્યાંક બહાર નથી,તે તો આપણા ઘરના રસોડામાં,ડ્રોઈંગરૂમમાં,અને સૌથી વધુ તો સાસુ-વહુના હૃદયના તાર જોડવાથી ખૂલે છે. સંબંધોને ભક્તિનો રંગ લગાવી દઈએ એટલે આખું જીવન જ ઉત્સવ બની જાય.આ અધ્યાયનું શ્રવણ, મનન અને આચરણ એટલે જ જીવનને પુરુષોત્તમ બનાવવાની સાધના. અસ્તુ.

*વ્રત:અહીં વ્રત એટલે માત્ર ભૂખ્યા રહેવું નહીં.સાચું વ્રત છે ઈન્દ્રિયોનું,વાણીનું અને વિચારોનું સંયમ.સાસુએ વહુનાઅવગુણની ટીકા કરવાનું વ્રત લીધું,અને વહુ એ સાસુ સામે ઉદ્ધત જવાબ આપવાનું વ્રત લીધું.આ 'સંબંધનું વ્રત' સૌથી કઠિન પણ સૌથી વધુ ફળદાયી છે. *દાન:દાન એટલે માત્ર ધનનું દાન નહીં.અહીં દાનનો અર્થ છે 'અભયદાન' અને 'પ્રેમદાન'.સાસુ વહુને સુરક્ષાની લાગણીનું દાન કરે,અને વહુ સાસુને આદર અને સમયનું દાન કરે.આ અધ્યાય કહે છે કે આવું દાન કરવાથી જન્મોજન્મનાપાપો બળીને ભસ્મ થઈ જાય છે. *કથા-શ્રવણ:સાથે બેસીને કથા સાંભળવીએ માત્ર ધાર્મિક ક્રિયા નથી, તે 'સંવાદ સેતુ' છે. જ્યારે બે પેઢી એકસાથે બેસીને ભગવાનની વાતો સાંભળે છે, ત્યારે તેમની વચ્ચેના વૈચારિક મતભેદો આપોઆપ ઓગળી જાય છે. કથા મનને નિર્મળ કરે છે, અને નિર્મળ મનમાં જ પ્રેમનો છોડ ઊગે છે. ભક્તિનો પ્રભાવ :સંસારમાંથી મોક્ષ તરફ આ અધ્યાયનો સૌથી ગહન સંદેશ એ છે કે ભક્તિ માટે હિમાલયમાં જવાની જરૂર નથી. સાચા મનથી, કપટ વગર, ઘરના કામ કરતાં કરતાં પણ પ્રભુનું સ્મરણ થઈ શકે છે. વહુ જ્યારે સાસુના પગ દબાવે છે ત્યારે તેને 'સેવા' સમજીને કરે,'મજબૂરી' સમજીને નહીં. સાસુ જ્યારે વહુ ની ભૂલને માફ કરે છે ત્યારે તેને 'વાત્સલ્ય' સમજીને કરે, 'નબળાઈ' સમજીને નહીં. બસ, આ ભાવ બદલાઈ જાય એટલે કર્મ એ 'કર્મયોગ' બની જાય છે, અને ઘરએ'ધર્મક્ષેત્ર'બની જાયછે આ અધ્યાય વચન આપે છેકે જે કોઈ આ સાસુ-વહુના પવિત્ર પ્રેમ ની કથા સાંભળશે, મનન કરશે અને પોતાના જીવનમાં ઉતારશે, તેના ઘરમાં ક્યારેય ક્લેશ નહીં રહે. પારિવારિક સંબંધો મધુર બનશે. મનની અશાંતિ દૂર થશે અને સૌથી મોટી વાત,પરમાત્મા ની અનંત અને અહેતુક કૃપા સહજ પ્રાપ્ત થશે.કારણ કે ભગવાનને મહેલો કરતાં એ ઘર વધુ પ્રિય છે, જ્યાં સંબંધોમાં પ્રેમનું સામ્રાજ્ય હોય. આમ,પુરુષોત્તમ માસનો આઠમો અધ્યાય આપણને શીખવે છે કે મોક્ષનો દરવાજો ક્યાંક બહાર નથી,તે તો આપણા ઘરના રસોડામાં,ડ્રોઈંગરૂમમાં,અને સૌથી વધુ તો સાસુ-વહુના હૃદયના તાર જોડવાથી ખૂલે છે. સંબંધોને ભક્તિનો રંગ લગાવી દઈએ એટલે આખું જીવન જ ઉત્સવ બની જાય.આ અધ્યાયનું શ્રવણ, મનન અને આચરણ એટલે જ જીવનને પુરુષોત્તમ બનાવવાની સાધના. અસ્તુ.



આ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા 12 વર્ષોમાં ભારતીય રેલવેનો અભૂતપૂર્વ કાયાકલ્પ થયો છે.

# કચ્છથી દેશની રાજધાની દિલ્હી માટે નવી દૈનિક એક્સપ્રેસ ટ્રેન સેવાનો શુભારંભ

## માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે બતાવી લીલી ઝંડી

**અમદાવાદ રેલવે, તા.23**

રેલવે યાત્રીઓની સુવિધાને સર્વોપરી રાખતા તથા કચ્છ ક્ષેત્રને દેશની રાજધાની દિલ્હી સાથે સીધો અને ઉત્તમ રેલવે સંપર્ક આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે આજે તારીખ 22 મે, 2026 ના રોજ ભુજ અને દિલ્હી વચ્ચે નવી દૈનિક એક્સપ્રેસ ટ્રેન સેવાનો શુભારંભ કરવામાં આવ્યો. ટ્રેન નંબર 19403/19404 ભુજ-દિલ્હી-ભુજ એક્સપ્રેસનું ઉદઘાટન માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વીડિયો કોન્ફરન્સિંગ મારફતે લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યું. આ પ્રસંગે માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આઝાદી પછીથી ભુજ-જાલોર-પાલી ક્ષેત્રને દિલ્હી સાથે સીધી રેલવે કનેક્ટિવિટી આપવાનું સપનું આજે સાકાર થયું છે. તેમણે જણાવ્યું કે દેશભરમાં 1300 રેલવે સ્ટેશનોનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રેલવે માટે રેકોર્ડ બજેટ ફાળવવામાં આવ્યું છે, જેના હેઠળ ગુજરાતમાં 4600 કરોડ રૂપિયાના રોકાણથી 85 સ્ટેશનોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેમાંથી 15 સ્ટેશનોનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આ ઉપરાંત 24 ગતિશક્તિ કાર્ગો ટર્મિનલોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે તથા 14,000 કરોડ રૂપિયાના રોકાણથી સમર્પિત ફ્રેઈટ કોરિડોરનું કાર્ય પણ પૂરું થઈ ચૂક્યું છે. તેમણે જણાવ્યું કે તારંગા હિલ-અંબાજી રેલવે લાઈનનું કાર્ય પણ ઝડપી ગતિથી પ્રગતિ પર છે તથા તેના પ્રથમ સેક્શનનો ડિસેમ્બર મહિનામાં પ્રારંભ કરવામાં આવશે. તેમણે કહ્યું કે વર્તમાનમાં ભુજ-બરેલી સાપ્તાહિક ટ્રેન સેવા સંચાલિત કરવામાં આવી રહી છે, જેમાં આશરે 80 ટકા યાત્રીઓ બરેલી અને ઉત્તર ભારત ક્ષેત્રના હોય છે. નવી ભુજ-દિલ્હી એક્સપ્રેસના દરરોજના સંચાલનથી યાત્રીઓને વધુ સુવિધાજનક, નિયમિત અને ઉત્તમ રેલવે સેવા ઉપલબ્ધ થશે. માનનીય રેલવે મંત્રીએ વધુમાં જણાવ્યું કે નવી ભુજ-દિલ્હી એક્સપ્રેસથી ગુજરાતના 6 શહેરો તથા અન્ય 19 શહેરોને દિલ્હીથી સીધી રેલવે કનેક્ટિવિટી પ્રાપ્ત થશે. આ ટ્રેન સેવાથી વિદ્યાર્થીઓ, શ્રમિકો, હસ્તશિલ્પ ઉદ્યોગ સાથે જોડાયેલા કારીગરો, વેપારીઓ, ઉદ્યોગ જગત અને ખેડૂતોને વિશેષ લાભ મળશે. તેમણે કહ્યું કે રણોત્સવ દરમિયાન દિલ્હી અને ઉત્તર ભારતના યાત્રીઓને કચ્છ આવવા માટે દરરોજ સીધી ટ્રેન સુવિધા ઉપલબ્ધ રહેશે, જેનાથી પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. આ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા 12 વર્ષોમાં ભારતીય રેલવેનો અભૂતપૂર્વ કાયાકલ્પ થયો છે. તેમણે જણાવ્યું કે તાજેતરમાં જ અમદાવાદ-ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલવે પરિયોજનાની ભેટ પણ ગુજરાતને મળી છે. તેમણે કહ્યું કે 'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત નિર્મિત વંદે ભારત અને નમો ભારત રેપિડ રેલ જેવી આધુનિક ટ્રેનોએ માત્ર યાત્રીઓને ઉત્તમ સુવિધા જ પ્રદાન નથી કરી, પરંતુ દેશના વિકાસને પણ નવી ગતિ આપી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે દેશની પહેલી બુલેટ ટ્રેન પરિયોજના મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરનું કાર્ય ગુજરાતમાં ઝડપી ગતિથી ચાલી રહ્યું છે તથા 508 કિલોમીટર લાંબી પરિયોજનામાંથી 348 કિલોમીટરનું નિર્માણ ગુજરાતમાં થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે વર્ષ 2026 ના બજેટમાં ગુજરાતને રેકોર્ડ 17,366 કરોડ રૂપિયાની ફાળવણી પ્રાપ્ત થઈ છે, જે વર્ષ 2014 ની સરખામણીમાં આશરે 29 ગણી વધુ છે. વર્તમાનમાં ગુજરાત રાજ્યમાં 1,28,748 કરોડ રૂપિયાના ખર્ચની વિવિધ રેલવે પરિયોજનાઓ પર કાર્ય પ્રગતિ પર છે. તેમણે વધુમાં જણાવ્યું કે છેલ્લા 12 વર્ષોમાં ગુજરાતના તમામ રેલવે માર્ગોનું 100% વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ભુજ સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં શ્રી ત્રિકમભાઈ છાંગા, માનનીય ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્ય મંત્રી, ગુજરાત સરકાર તેમજ માનનીય ધારાસભ્ય - અંજાર, માનનીય સંસદસભ્ય (કચ્છ) શ્રી વિનોદ એલ. ચાવડા, માનનીય ધારાસભ્ય (ભુજ) શ્રી કેશુભાઈ શિવદાસ પટેલ, શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, માનનીય ધારાસભ્ય - અબડાસા, પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડે, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશ સહિત રેલવેના વરિષ્ઠ અધિકારીઓ તેમજ અન્ય મહાનુભાવો અને અતિથિઓ ઉપસ્થિત રહ્યા.

# મોબાઈલ એપ દ્વારા પીએમ કિસાન યોજનાનું ઈ-કેવાયસી (e-KYC) ઘરે બેઠા કરી શકાશે

**ગાંધીનગર, તા.23**

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાના તમામ લાભાર્થી ખેડૂતો માટે યોજનાનો આગામી હપ્તો મેળવવા માટે જો ઈ-કેવાયસી (e-KYC) બાકી હોય તેવા ખેડૂતોએ ઈ કેવાયસી કરાવવું ફરજિયાત છે.

ખેડૂતો પોતાના મોબાઈલ ફોન દ્વારા જ ફેસ ઓથેન્ટિકેશન (ચહેરો વેરીફાય કરીને) પદ્ધતિથી ખૂબ જ સરળતાથી ઈ-કેવાયસી કરી શકે છે. ખેડૂતો પીએમ કિસાન મોબાઈલ એપ (PM-KISAN Mobile App) નો ઉપયોગ કરીને નીચે મુજબના સરળ સ્ટેપ્સ દ્વારા પોતાનું ઈ-કેવાયસી પૂર્ણ કરી શકશે:

મોબાઈલ એપ પર ઈ-કેવાયસી કરવાની સ્ટેપ-બાય-સ્ટેપ પ્રક્રિયા

સ્ટેપ ૧: એપ ડાઉનલોડ કરવી

સૌ પ્રથમ તમારા એન્ડ્રોઈડ મોબાઈલના Google Play Store પર જઈને 'PM Kisan Mobile App' સર્ચ કરીને ડાઉનલોડ કરો. આ સાથે જ પ્લે સ્ટોર પરથી 'Aadhaar FaceRD App' પણ ડાઉનલોડ કરવી જરૂરી છે, જે ચહેરો સ્કેન કરવામાં મદદ કરશે.

સ્ટેપ ૨: એપમાં લોગ-ઈન કરવું

PM Kisan એપ ઓપન કરી, તેમાં આપનો 'Beneficiary ID' અથવા 'Aadhaar Number' દાખલ કરો. ત્યારબાદ આપના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર આવેલો OTP દાખલ કરીને લોગ-ઈન કરો. આ સાથે જ ૪ અંકનો વ્યક્તિગત MPIN પણ સેટ કરી લો.

સ્ટેપ ૩: ડેશબોર્ડ અને સ્ટેટસ ચેક કરવું

એપમાં લોગ-ઈન થયા બાદ મુખ્ય ડેશબોર્ડ ખુલશે, જ્યાં ખેડૂત પોતાની વિગતો જોઈ શકશે. અહીં 'E Corner' અથવા 'e-KYC' ના વિકલ્પ પર ક્લિક કરવાનું રહેશે.

સ્ટેપ ૪: ફેસ ઓથેન્ટિકેશન (ચહેરો સ્કેન કરવો)

હવે એપમાં રહેલા કેમેરા આઈકોન પર ક્લિક કરો. આ સમયે મોબાઈલનો ફ્રન્ટ (સામેનો) કેમેરો ચાલુ થશે. ખેડૂતે પોતાના ચહેરાને કેમેરાની સામે યોગ્ય લાઈટિંગમાં સ્થિર રાખવાનો રહેશે અને આંખો પલકાવવાની (Blink) રહેશે.

સ્ટેપ ૫: ઈ-કેવાયસી પૂર્ણ થવું

ચહેરો સફળતાપૂર્વક સ્કેન થતાં જ સ્ક્રીન પર 'e-KYC is completed successfully' નો મેસેજ પ્રદર્શિત થશે.

અન્ય ખેડૂતોનું પણ ઈ-કેવાયસી કરી શકાશે

આ એપની વિશેષતા એ છે કે કોઈ એક જાગૃત ખેડૂત આ એપના માધ્યમથી પોતાના ગામના અન્ય અન્ય ૧૦૦ જેટલા લાભાર્થી ખેડૂતોના ચહેરા સ્કેન કરીને પણ તેમનું ઈ-કેવાયસી ઘરે બેઠા કરી આપી શકે છે. સરકાર દ્વારા તમામ પાત્રતા ધરાવતા ખેડૂતોને વિનંતી કરવામાં આવે છે કે ઈ કેવાયસી બાકી હોય તેવા તમામ ખેડૂતોએ સમયસર આ પ્રક્રિયા પૂર્ણ કરી લે જેથી યોજના અંતર્ગત મળનારી આર્થિક સહાયનો હપ્તો કોઈપણ અડચણ વિના સીધો બેંક ખાતામાં જમા થઈ શકે. આ અંગેનું વધુ માહિતી માટે ખેડૂતો યોજનાની સત્તાવાર વેબસાઈટ pmkisan.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજ્યની અલગ અલગ જેલમાં રહેલા ૪૪ બંદીવાનો બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ, જેલ પ્રશાસનની મહેનત અને માર્ગદર્શનથી બંદીવાનોના જીવનમાં આવ્યું પરીવર્તન

**નડિયાદ, તા.23**

જેલના ઊંચા દરવાજા અને લોખંડના સળિયાઓ પાછળ સામાન્ય રીતે અંધકાર, પસ્તાવો અને એકલતાની કલ્પના ઉભી થાય છે. પરંતુ રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં અને રાજ્યના પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવના માર્ગદર્શન હેઠળ રાજ્યની જેલોમાં શિક્ષણ દ્વારા પુનઃવસનનું પ્રેરણાદાયક ચિત્ર સામે આવ્યું છે. આ વર્ષે રાજ્યની વિવિધ જેલોમાં રહેલા કુલ ૪૪ બંદીવાનોએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં સફળતા મેળવી છે. જેમાં ધોરણ-૧૦માં ૨૨ અને ધોરણ-૧૨માં ૨૨ બંદીવાનો પાસ થયા છે. જેલ પ્રશાસનની મહેનત, માર્ગદર્શન અને માનવીય અભિગમના કારણે બંદીવાનોના અંધકારમય જીવનમાં માટે શિક્ષણથી જ્ઞાનનો પ્રકાશ ફેલાયો છે. જેલ વિભાગ દ્વારા બંદીવાનોને પરીક્ષાના ફોર્મ ભરાવવાથી લઈને પુસ્તકો, અભ્યાસ સામગ્રી અને વિવિધ વિષયોના વર્ગો સુધીની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેલ પરિસરમાં જ બોર્ડએ પરીક્ષાના સેન્ટરની વ્યવસ્થા કરાતા બંદીવાનોને અનુકૂળ વાતાવરણ મળ્યું હતું. એક બંદીવાને પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'સજા મળ્યા બાદ લાગતું હતું કે જીવન સમાપ્ત થઈ ગયું છે. પરંતુ જેલમાં ચાલતા રેડિયો પ્રીઝન, વેલ્ફેર ઓફિસ અને જેલ અધિકારીઓ દ્વારા મળેલી પ્રેરણાએ તેને ફરી અભ્યાસ તરફ વાળ્યો. આજે પરીક્ષામાં સફળતા મળતાં તેને વર્ષો બાદ ફરી જીવતો હોવાનો અહેસાસ થયો છે.

અન્ય એક બંદીવાને જણાવ્યું હતું કે, પરિવારની આર્થિક પરિસ્થિતિને કારણે તેનો અભ્યાસ અધવચ્ચે છૂટી ગયો હતો અને સજા બાદ તે ડિપ્રેશનમાં આવી ગયો હતો. પરંતુ જેલ અધિકારીઓના કાઉન્સેલિંગ અને પ્રોત્સાહનથી તેણે ફરી ભણવાનું શરૂ કર્યું અને આજે પરીક્ષામાં સફળતા મેળવી છે. ધોરણ-૧૨માં પાસ થયેલા એક બંદીવાને જણાવ્યું હતું કે, જેલમાં હોવા છતાં તેના સપનાઓ જીવંત છે. તે અઠવાડિયામાં બે દિવસ સંગીતના ક્લાસમાં ભાગ લે છે અને બહાર જઈને ગાયક બનવાની ઈચ્છા ધરાવે છે. જેલ પ્રશાસન દ્વારા બંદીવાનો માટે આધુનિક લાઈબ્રેરીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પુસ્તકો ઉપરાંત ઓડિયો બુકની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પુસ્તકો બંદીવાનોના જીવનમાં સકારાત્મક વિચારસરણી અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદરૂપ બની રહ્યા છે. જેલ વિભાગ દ્વારા નિયમિત રીતે વિશેષ લેક્ચર્સનું આયોજન કરવામાં આવે છે, જેમાં શાળા-કોલેજના શિક્ષકો અને વિષય નિષ્ણાતો જેલની અંદર આવીને બંદીવાનોને માર્ગદર્શન આપે છે. આ ૪૪ બંદીવાનોની સફળતા માત્ર પરીક્ષાનું પરિણામ નથી, પરંતુ જીવનમાં પરિવર્તન લાવવાની શક્તિ ધરાવતા શિક્ષણનું જીવંત ઉદાહરણ છે.

# અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં 115 નવી નિમણૂંક મેળવનારા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા

## રોજગાર સર્જનની દિશામાં મોટું પગલું : માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં આયોજિત 19મા રોજગાર મેળા હેઠળ 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો સોંપ્યા

**ગાંધીનગર, તા.23**

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એ 23 મે, 2026ના રોજ વીડિયો કોન્ફરન્સિંગના મારફતે 19મા રોજગાર મેળા હેઠળ દેશભરમાં 51,000થી વધુ નવી નિમણૂંક મેળવનારા યુવાનોને નિમણૂક પત્રો વિતરણ કર્યા. વડાપ્રધાને નવી નિમણૂંક મેળવનારા કર્મચારીઓને સંબોધિત કરતા તેમને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવાની હાકલ કરી. તેમણે કહ્યું કે ભરતી પ્રક્રિયામાં હવે પારદર્શિતા આવી છે તથા તમામ પસંદગી મેરિટના આધારે કરવામાં આવી રહી છે. સાથે જ નિમણૂક પ્રક્રિયા પહેલાની સરખામણીમાં વધુ ઝડપી અને સરળ બની છે. 19મો રોજગાર મેળો દેશભરના 47 સ્થળો પર આયોજિત કરવામાં આવ્યો, જેમાં વિવિધ 19 વિભાગોમાંથી પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા. રેલવે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂકો આપવામાં આવી. રોજગાર મેળો અભિયાન શરૂ થયા પછીથી અત્યાર સુધીમાં દેશભરમાં આયોજિત વિવિધ રોજગાર મેળાઓના મારફતે આશરે 12.50 લાખ નિમણૂક પત્રો વિતરિત કરી દેવામાં આવ્યા છે.



અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં મુખ્ય અતિથિ, માનનીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી, ભારત સરકાર, શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી જીના નેતૃત્વમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આ પૂર્વે 18 રોજગાર મેળાઓનું સફળ આયોજન કરવામાં આવી ચૂક્યું છે, જેમની મારફતે આશરે 12 લાખ યુવાનોને કેન્દ્ર સરકાર દ્વારા રોજગારની તકો પૂરી પાડવામાં આવી છે. આજે પણ આ રોજગાર મેળા મારફતે આશરે 51 હજાર યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ગુજરાતને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જીના નેતૃત્વ અને વિકાસ મોડલ માટે સમગ્ર દેશ અને વિશ્વમાં ઓળખવામાં આવે છે. મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે ગુજરાતના વિકાસ મોડલને વિશ્વની સમક્ષ પ્રસ્તુત કર્યું. વડાપ્રધાન જીની વિચારસરણી હંમેશાંથી એ રહી છે કે દેશનો પ્રત્યેક યુવાન આગળ વધે, દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરે અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાની સક્રિય ભૂમિકા ભજવે. યુવાનો જ દેશની સૌથી મોટી શક્તિ છે અને ભારત આજે વિશ્વનો સૌથી યુવાન દેશ છે. યુવાનોને સાચી દિશા પૂરી પાડવાનું કાર્ય કેન્દ્ર સરકાર અને વિશેષ રૂપે વડાપ્રધાન જીના નેતૃત્વમાં નિરંતર કરવામાં આવી રહ્યું છે. આ રોજગાર મેળો માત્ર નિમણૂક પત્રો વિતરણ કરવાનો કાર્યક્રમ નથી, પરંતુ યુવાનોમાં રાષ્ટ્ર સેવાની ભાવના જાગૃત કરવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. આ પ્રસંગે મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું, જેના હેઠળ કુલ 115 નવ પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા. આમાં 50 ટકાથી વધુ ઉમેદવારો રેલવે વિભાગ સંબંધિત હતા તથા 29 મહિલા ઉમેદવારોને પણ નિમણૂક પત્રો આપવામાં આવ્યા. નિમણૂક મેળવેલા ઉમેદવારોમાં રેલવે વિભાગના 66, નાણાકીય સેવા વિભાગના 36, ટપાલ વિભાગના 09, આવકવેરા વિભાગના 02 તથા ઈપીએફઓ અને એરપોર્ટ ઓથોરિટીના એક-એક ઉમેદવાર સામેલ છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ગણતંત્ર દિવસ-૨૦૨૬ની આમંત્રણ કિટ તૈયાર કરનારા NID-અમદાવાદ સાથે જોડાયેલા ઉત્તર-પૂર્વના કારીગરોનું બહુમાન

**ગાંધીનગર, તા.23**

ગણતંત્ર દિવસ-૨૦૨૬ના અવસરે રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા એટ હોમ કાર્યક્રમ માટે આમંત્રણ કિટ (Invitation Kit) પ્રોજેક્ટની સફળતાની ઉજવણીના ભાગરૂપે NID-અમદાવાદની ડિઝાઈન ટીમ સાથે જોડાયેલા ઉત્તર-પૂર્વના કારીગરોનું રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ઉત્તર-પૂર્વ ભારતનાં 'અષ્ટલક્ષ્મી' રાજ્યોની પરંપરાગત કારીગરીવાળી આ આમંત્રણ કિટ તૈયાર કરનારા કારીગરો સાથે ખાસ મુલાકાત કરી, તેમનું વ્યક્તિગત રીતે સન્માન કર્યું હતું.

આ અનોખી આમંત્રણ કિટ રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થાન (NID) અમદાવાદ, રાષ્ટ્રપતિ ભવનની ટીમ અને ઉત્તર-પૂર્વના કારીગર જૂથો વચ્ચેના ઐતિહાસિક સહયોગથી તૈયાર કરવામાં આવી હતી. જેની અદ્ભુત કારીગરીથી પ્રભાવિત થઈને, રાષ્ટ્રપતિએ આ ક્ષેત્રના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને રાષ્ટ્રીય મંચ પર લાવનારા સર્જકોને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

આ ગૌરવપૂર્ણ પ્રસંગની સૌથી મહત્ત્વની બાબત એ હતી કે, અંદાજે ૮૦ સભ્યોના આ કારીગર પ્રતિનિધિમંડળમાં મોટા ભાગની મહિલાઓ ઉત્તર-પૂર્વના અંતરિયાળ વિસ્તારોમાંથી આવી હતી. આમાંની ઘણી મહિલાઓ માટે પોતાના રાજ્યની બહાર આ પ્રથમ પ્રવાસ હતો, જેના કારણે તેમની રાષ્ટ્રીય પાટનગર અને રાષ્ટ્રપતિ ભવનની આ મુલાકાત અત્યંત ઐતિહાસિક અને ભાવનાત્મક બની રહી હતી.

કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિએ કારીગરોને રાષ્ટ્રની પ્રશંસાના પ્રતીક રૂપે પરંપરાગત શાલ (Ceremonial Stole) ઓઢાડીને સન્માનિત કર્યા હતા. ત્યાર બાદ યોજાયેલી આત્મીય બેઠકમાં તેમણે કારીગરોની હસ્તકલાની ઝીણવટભરી વિગતો વિશે ચર્ચા કરી હતી.

આ સંવાદમાં પરંપરાગત જ્ઞાનની ઉજવણી કરવાની સાથે ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં હસ્તકલાના વારસાને જીવંત રાખવામાં અડચણરૂપ પાયાના પડકારો તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ પહેલ છેવાડાના વિસ્તારોમાં રહેતાં પાયાના કારીગરોને સશક્ત બનાવવા અને મોટા રાષ્ટ્રીય ઉત્સવોમાં પરંપરાગત ભારતીય કારીગરીને સ્થાન આપવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## કાર્યસ્થળ પર અન્યાય સામે મહિલાઓનું ડિજિટલ હથિયાર એટલે 'SHe-Box' પોર્ટલ

# મહિલાઓ કાર્યસ્થળે જાતીય સતામણી સામે ઓનલાઇન ફરિયાદ કરી ન્યાય મેળવી શકશે

## SHe-Box પોર્ટલમાં ખાનગીથી લઈને સરકારી કંપનીઓ સુધી, દરેક વર્કિંગ વુમન માટે સુરક્ષાની ગેરંટી

**ગાંધીનગર, તા.23**

આજે ભારતીય નારી આકાશ આંબી રહી છે. કોર્પોરેટ ઓફિસ હોય, સરકારી વિભાગો હોય કે સ્ટાર્ટ-અપ્સ, દરેક જગ્યાએ મહિલાઓ પોતાની ક્ષમતા સાબિત કરી રહી છે. પરંતુ આ પ્રગતિ પાછળ એક એવો અંધકાર પણ છુપાયેલો હોઈ શકે છે, જેના વિશે વાત કરતા આજે પણ ઘણી મહિલાઓ ખચકાય છે. કાર્યસ્થળ પર થતી જાતીય સતામણી એક એવી કડવી વાસ્તવિકતા છે જે મહિલાઓની પ્રગતિને રૂંધે છે. ઘણીવાર નોકરી ગુમાવવાનો ડર, સામાજિક બદનામી કે સંસ્થામાં કોઈ યોગ્ય સુનાવણી ન થવાને કારણે મહિલાઓ ચૂપચાપ અન્યાય સહન કરી લે છે અથવા તો કંટાળીને નોકરી છોડી દે છે. પરંતુ હવે સમય બદલાયો છે, કારણ કે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે દેશની દરેક 'વર્કિંગ વુમન'ને એક એવું ડિજિટલ હથિયાર આપ્યું છે જે બંધ બારણે થતા અન્યાયનો પર્દાફાશ કરી શકે છે, જેનું નામ છે SHe-Box એટલે કે 'Sexual Harrasment electronic Box'. આ સત્તાવાર ઓનલાઈન પોર્ટલ કોઈ સામાન્ય ડિજિટલ ફરિયાદ પેટી નથી, પરંતુ દેશના ઐતિહાસિક POSH Act, 2013 (વર્કપ્લેસ પર મહિલાઓની જાતીય સતામણી નિવારણ કાયદો)ને જમીની સ્તરે મજબૂતીથી અમલમાં લાવવાનું એક સશક્ત માધ્યમ છે. આ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક કાર્યરત મહિલાને સુરક્ષિત, ગરિમાપૂર્ણ અને સન્માનજનક વાતાવરણ પૂરું પાડવાનો છે. આ વ્યવસ્થાની સૌથી મોટી વિશેષતા એ છે કે પોર્ટલ પર ફરિયાદ કરનાર મહિલાની ઓળખ અને માહિતીને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે, જેથી તે કોઈપણ ભય કે સંકોચ વગર ન્યાય માટે







અવાજ ઉઠાવી શકે છે. મોટાભાગના લોકો એવું માને છે કે આવા સરકારી પોર્ટલ માત્ર સરકારી કર્મચારીઓ માટે જ હોય છે, પણ કાયદા મુજબ આ પોર્ટલની સીમા અત્યંત વ્યાપક છે.

દેશની કોઈપણ સરકારી, અર્ધ-સરકારી કે સંપૂર્ણપણે ખાનગી કંપનીમાં કામ કરતી મહિલા આનો લાભ લઈ શકે છે. તેમાં પણ હોદ્દા કે કામના પ્રકારનો કોઈ ભેદભાવ નથી, પછી ભલે તે મહિલા કાયમી કર્મચારી હોય, કોન્ટ્રાક્ટ પર હોય, હંગામી સ્ટાફ હોય, ટ્રેઈની, ઈન્ટર્ન કે ઘરકામ કરતી મહિલા હોય, તે ન્યાય મેળવી શકે છે. એટલું જ નહીં, જો કોઈ મહિલા ઓફિસમાં માત્ર ઈન્ટરવ્યુ કે બિઝનેસ મુલાકાત માટે ગઈ હોય અને ત્યાં તેની સાથે કોઈ અયોગ્ય વર્તન થાય, તો તે મુલાકાતી મહિલા પણ આ પોર્ટલ પર કાયદેસરની ફરિયાદ કરવા હકદાર બને છે.ડિજિટલ ન્યાયની આ પ્રક્રિયાને અત્યંત સરળ અને પારદર્શક બનાવવામાં આવી છે. પીડિત મહિલાએ માત્ર મંત્રાલયના સત્તાવાર પોર્ટલ પર જઈને પોતાની અને સંબંધિત સંસ્થાની જરૂરી વિગતો ઓનલાઈન ફોર્મમાં ભરવાની રહે છે. બનેલી ઘટનાની વિગતવાર માહિતી આપવાની સાથે જો કોઈ ચેટ, ઈમેઈલ કે ઓડિયો-વિડિયો જેવા પુરાવા હોય તો તે દસ્તાવેજો પણ ત્યાં જ અપલોડ કરી શકાય છે. ફરિયાદ સબમિટ થતાં જ સેન્ટ્રલાઈઝ્ડ સિસ્ટમ દ્વારા તેને સંબંધિત કંપનીની ઈન્ટરનલ કમિટી અથવા જિલ્લા સ્તરની લોકલ કમિટી પાસે કાનૂની કાર્યવાહી માટે ઓટોમેટિક મોકલી આપવામાં આવે છે.આ પોર્ટલ માત્ર ફરિયાદ સ્વીકારીને અટકી જતું નથી, પરંતુ સમયમર્યાદા સાથે તેનું કડક ફોલોઅપ પણ લે છે. કાયદા અનુસાર, ફરિયાદ મળ્યાના માત્ર નેવું દિવસની અંદર જ સમગ્ર મામલાની તપાસ પૂર્ણ કરી અહેવાલ સોંપવો અનિવાર્ય છે. પીડિત મહિલા પોતાના યુઝર આઈડીથી ઓનલાઈન ચેક કરી શકે છે કે તેની ફરિયાદ પર અત્યાર સુધી શું એક્શન લેવાયા છે, અને મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ પણ ડિજિટલ ડેશબોર્ડ દ્વારા આ પ્રક્રિયાનું સીધું મોનીટરીંગ કરે છે, જેથી કોઈ સંસ્થા તપાસમાં વિલંબ ન કરી શકે.

આ નવો નિયમ દેશની તમામ નાની-મોટી કંપનીઓ અને સંસ્થાઓ માટે એક મોટી લાલબત્તી સમાન છે. કાયદા અનુસાર, જે પણ સંસ્થામાં દસ અથવા તેથી વધુ કર્મચારીઓ કામ કરતા હોય, તેમણે ફરજિયાતપણે પોતાની આંતરિક સમિતિ એટલે કે ઈન્ટરનલ કમિટીની રચના ફરજિયાત કરવી અને હવે આ સમિતિની વિગતોને SHe-Box પોર્ટલ પર અપડેટ કરવી પણ અનિવાર્ય છે. નિયમોનું પાલન ન કરનારી કે બેદરકારી દાખવનારી કંપનીઓ સામે સરકાર દ્વારા કડક કાનૂની કાર્યવાહી અને ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. તેથી, જો તમારી સાથે અથવા તમારી આસપાસ કોઈ મહિલા સાથે કાર્યસ્થળ પર માનસિક કે શારીરિક રીતે કોઈ પણ પ્રકારની અયોગ્ય ચેષ્ટા કે જાતીય સતામણી થઈ રહી હોય, તો ચૂપ રહીને ગુનેગારના મનોબળને વધારશો નહીં. લેપટોપ કે મોબાઈલમાં, SHe-Box પોર્ટલ ( https://shebox.wcd.gov.in/ )નો ઉપયોગ કરી ગરિમાપૂર્ણ જીવન જીવવાના તમારા બંધારણીય અધિકારને સુરક્ષિત કરો, કારણ કે જ્યારે મહિલાઓ અન્યાય સામે અવાજ ઉઠાવશે, ત્યારે જ સમાજ અને કાર્યસ્થળમાં સાચો બદલાવ આવશે.

# લાઈવ મેચમાં વિરાટ કોહલી-ટ્રેવિસ હેડ બાખડ્યા : મેચ પછી હાથ પણ ન મિલાવ્યા, હૈદરાબાદે એક સિઝનમાં સૌથી વધુ 200+ સ્કોર બનાવ્યા

હૈદરાબાદ, તા.23



ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચમાં માત્ર ચોગ્ગા અને છગ્ગાનું તોફાન જ જોવા મળ્યું નહીં, પરંતુ વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડ વચ્ચે મેદાન પર થયેલી ગરમાગરમ બોલાચાલીએ ફેન્સનું સંપૂર્ણ ધ્યાન ખેંચ્યું. હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી મેચ દરમિયાન તે આક્રમક મૂડમાં જોવા મળ્યો હતો. આરસીબીના બેટ્સમેન વેંકટેશ ઐયર સતત મોટા શોટ રમી રહ્યો હતો અને શિવાંગ કુમારની ઓવરમાં રન થઈ રહ્યા હતા, ત્યારે કેમેરાનું ધ્યાન વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડ વચ્ચેની વાતચીત પર કેન્દ્રિત થયું. વિરાટ નોન-સ્ટ્રાઈકર એન્ડથી હેડ તરફ ઈશારો કરતો જોવા મળ્યો, તેને બોલિંગ માટે બોલાવતો દેખાયો. કોમેન્ટેટર્સના મતે, કોહલી મજાકિયા પરંતુ પડકારજનક સ્વરમાં કહી રહ્યો હતો, 'ચાલો, થોડા ઓફ-સ્પિન બોલ નાખો.' ચોથી ઓવરમાં વેંકટેશ ઐયરે 23 રન આપ્યા, ત્યારબાદ વિરાટ કોહલી વારંવાર હેડ તરફ જોઈને કંઈક કહેતો જોવા મળ્યો. એક સમયે, કોહલીએ હેડને દૂર જવા માટે હાથનો ઈશારો પણ કર્યો. જ્યારે બંને ખેલાડીઓ હસતા હતા, ત્યારે કોહલીની આક્રમક બોડી લેંગ્વેજએ તે ક્ષણને વધુ વાયરલ બનાવી દીધી.


મેચ દરમિયાન આ પહેલી વાર નહોતું જ્યારે બંને ખેલાડીઓ વચ્ચે વાતચીત થઈ હોય. બીજા એક પ્રસંગે, વિરાટ કોહલી ટ્રેવિસ હેડ સાથે વાત કરતો જોવા મળ્યો હતો જ્યારે તે પોતાની ફિલ્ડિંગ પોઝિશન બદલી રહ્યો હતો. સોશિયલ મીડિયા પર ફેન્સે આ બે સ્ટાર ખેલાડીઓ વચ્ચેના મુકાબલાને મેચનો સૌથી મનોરંજક મોમેન્ટ્સ ગણાવી હતી. મેચ પછી પણ, બંને ખેલાડીઓ વચ્ચે 'કોલ્ડ વોર' ચર્ચાનો વિષય રહ્યો. મેચ પછી કોહલીએ હેડ સાથે હાથ પણ મિલાવ્યા ન હતા, અને આના વીડિયો સામે આવ્યા છે. સનરાઈઝર્સ હૈદરાબાદે IPL 2026ની 67મી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 55 રનથી હરાવ્યું. વિરાટ કોહલી ટી-20માં સૌથી વધુ 211મી વખત ફિફ્ટી પાર્ટનરશિપમાં સામેલ રહ્યો. હૈદરાબાદે આ સિઝનમાં સૌથી વધુ 9મી વખત 200+ સ્કોર બનાવ્યો. મેચ પછી વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડે હાથ ન મિલાવ્યા.

1. કોહલી 211મી વખત ફિફ્ટી પાર્ટનરશિપમાં સામેલ રહ્યો

કોહલીએ હૈદરાબાદ સામે 211મી વખત ટી-20માં ફિફ્ટી પાર્ટનરશિપ કરી. તેમણે રાજીવ ગાંધી સ્ટેડિયમમાં વેંકટેશ ઐયર સાથે પ્રથમ વિકેટ માટે 60 રન જોડ્યા. તે ટી-20માં સૌથી વધુ વખત ફિફ્ટી રનની ભાગીદારીનો ભાગ બનનાર ખેલાડી બન્યો. તેણે ઈંગ્લેન્ડના એલેક્સ હેલ્સને પાછળ છોડ્યા, જેમના નામે 210 પાર્ટનરશિપ છે.

# સચિન તેંડુલકરે અમદાવાદની 'SRT10 અલ્ટેવોલ સ્પોર્ટ્સ એકેડમી'ની મુલાકાત લીધી, ટ્રેનિંગ મેળવી રહેલા યુવા ખેલાડીઓ

નવી દિલ્હી, તા.23



અમદાવાદમાં આવેલી SRT-10 અલ્ટેવોલ સેન્ટર ઑફ એક્સીલન્સ સ્પોર્ટ્સ એકેડમીમાં આજે જોરદાર માહોલ જોવા મળ્યો હતો. ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરે એકેડમીની મુલાકાત લઈને ત્યાં ટ્રેનિંગ મેળવી રહેલા યુવા ખેલાડીઓ, તેમના માતા-પિતા અને ઉભરતા ક્રિકેટરો સાથે વાતચીત કરી હતી. મેદાન પર ક્રિકેટને લગતી વિવિધ પ્રવૃત્તિઓ અને અનૌપચારિક સત્રો દરમિયાન સચિન બાળકો સાથે પોતે જોડાયા હતા. તેમણે યુવા ખેલાડીઓને રમત દ્વારા શિસ્ત, ધીરજ અને શીખવાની ખુશીને સ્વીકારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ બાદ પોતાના અનુભવો શેર કરતા સચિન તેંડુલકરે જણાવ્યું હતું કે, "કોઈપણ નાના બાળક માટે સૌથી મહત્વપૂર્ણ બાબત એ નથી કે તે ક્યાંથી શરૂઆત કરે છે, પરંતુ તેને વિકાસ કરવાની તક મળે છે કે નહીં તે છે. ભારતનું રમતગમતનું ભવિષ્ય એ વાત પર નિર્ભર રહેશે કે આપણે પાયાના સ્તરે કેટલું ગંભીરતાથી રોકાણ કરીએ છીએ અને બાળકોને કોઈપણ ભય કે દબાણ વગર રમતનો આનંદ માણવા માટે કેટલું પ્રોત્સાહન આપીએ છીએ." તેમણે વધુમાં ઉમેર્યું કે, જ્યારે બાળકો મેદાનમાં ઉતરે છે ત્યારે તેઓ માત્ર રમત જ નથી રમતા, પરંતુ શિસ્ત, ટીમવર્ક, સંઘર્ષશીલતા અને આત્મવિશ્વાસ જેવા ગુણો પણ શીખે છે. અમદાવાદના યુવા ખેલાડીઓની ઊર્જા અને જિજ્ઞાસા ખરેખર હૃદયસ્પર્શી હતી. એસજી રોડ પર વૈષ્ણોદેવી સર્કલ નજીક આવેલા શંકુસ ફાર્મ ખાતે કાર્યરત 'SRT10 અલ્ટેવોલ સ્પોર્ટ્સ એકેડમી'ની શરૂઆત આ વર્ષના પ્રારંભમાં કરવામાં આવી હતી. નવી મુંબઈની ડીવાય પાટીલ સ્પોર્ટ્સ એકેડમીમાં આવેલી ફ્લેગશિપ એકેડમી બાદ, સચિન તેંડુલકરના સમર્થનથી શરૂ થયેલી આ ભારતની બીજી એકેડમી છે. આ સંસ્થા પ્રોફેશનલ કોચિંગ, આધુનિક ફિટનેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વાંગી તાલીમ કાર્યક્રમો દ્વારા પાયાના સ્તરે રમતગમતના વિકાસને મજબૂત કરવાના ઉદ્દેશ સાથે કામ કરી રહી છે.

# CSKને દાઝ્યા ઉપર ડામ લાગ્યો! : આ 5 કારણોથી ખરાબ રીતે IPL પ્લેઓફમાંથી બહાર થઈ

નવી દિલ્હી, તા.23



ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) માટે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની સફર અત્યંત આઘાતજનક અને નિરાશાજનક રીતે સમાપ્ત થઈ છે. ગુરુવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT) સામે 89 રનની કારમી હાર વેઠ્યા બાદ ચેન્નઈ પ્લેઓફની રેસમાંથી ઓફિશિયલી બહાર થઈ ગયું છે. આ શરમજનક હારની વચ્ચે IPL ગવર્નિંગ કાઉન્સિલે પણ આખી CSK ટીમ પર મોટો આર્થિક દંડ ફટકારીને 'દાઝ્યા ઉપર ડામ' દીધો છે. ગુજરાત સામેની મેચમાં સ્લો ઓવર-રેટ બદલ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને 24 લાખનો ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. IPLની સત્તાવાર યાદી મુજબ, આ સીઝનમાં ચેન્નઈની આ બીજી ભૂલ (પહેલી ભૂલ મેચ નંબર 18માં થઈ હતી) હોવાથી, આ વખતે માત્ર કેપ્ટન જ નહીં પરંતુ પ્લેઈંગ ઈલેવનના તમામ સભ્યો અને ઈમ્પેક્ટ પ્લેયરને પણ સજા ભોગવવી પડી છે. બાકીના તમામ ખેલાડીઓને 6 લાખ અથવા તેમની મેચ ફીના 25 ટકા (જે ઓછું હોય તે) દંડ ફટકારવામાં આવ્યો છે. ગુજરાત ટાઈટન્સે પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈ સામે 230 રનનો પહાડ જેવો ટાર્ગેટ મૂક્યો હતો. રનચેઝ કરવા ઉતરેલી ચેન્નઈની શરૂઆત જ આપત્તિજનક રહી હતી. વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન પહેલા જ બોલે શૂન્ય રને (ગોલ્ડન ડક) આઉટ થઈને પેવેલિયન ભેગો થયો હતો. શિવમ દુબેએ 17 બોલમાં 47 રનની આક્રમક ઈનિંગ રમીને થોડી આશા જરૂર જગાવી હતી, પરંતુ તે ટીમને જીતાડવા માટે પૂરતી નહોતી. અંતે આખી ટીમ નિષ્ફળ રહી અને 89 રનથી મેચ ગુમાવી દીધી. એમએસ ધોનીના ભવિષ્ય પર અસમંજસના વાદળો અને ખેલાડીઓના આ ફ્લોપ શો બાદ, આગામી સીઝનમાં ચેન્નઈની ટીમમાં મોટા ફેરફારો નિશ્ચિત માનવામાં આવી રહ્યા છે.


# હૈદરાબાદે બેંગલુરુને 55 રનથી હરાવ્યું : ટીમના ત્રણ બેટર્સે ફિફ્ટી ફટકારી; હાર છતાં RCB પહેલા નંબરે રહી; IPL 2026ની ટૉપ-2 કન્ફર્મ

કોલકાતા, તા.23

IPLમાં શુક્રવારે સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)એ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ને 55 રનથી હરાવ્યું છે. રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં હૈદરાબાદે ટૉસ જીતીને 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 255 રન બનાવ્યા હતા. જવાબમાં બેંગલુરુ 4 વિકેટ ગુમાવીને 200 રન જ બનાવી શક્યું હતું. 256 રનના ટાર્ગેટને ચેઝ કરતા વેંકટેશ અય્યરે 19 બોલમાં 44 રન બનાવ્યા, જ્યારે કેપ્ટન રજત પાટીદારે 56 રનની ઈનિંગ રમી હતી. સનરાઈઝર્સ માટે ઈશાન મલિંગા સૌથી સફળ બોલર રહ્યો હતો, જેણે 2 વિકેટ ઝડપી હતી, જ્યારે સાકિબ હુસૈન અને ટ્રેવિસ હેડને 1-1 વિકેટ મળી હતી. આ હાર છતાં બેંગલુરુ પોઈન્ટ્સ ટેબલમાં પહેલા નંબર પર રહી છે. જ્યારે બીજા નંબર પર ગુજરાત છે. તો જીત છતાં હૈદરાબાદ ત્રીજા નંબર પર રહ્યું છે. એટલે આજની મેચ પછી આ સીઝનની ટૉપ-2 કન્ફર્મ થઈ ગઈ છે. મંગળવારે ક્વોલિફાયર-1માં બેંગલુરુ અને ગુજરાત વચ્ચે ટક્કર થશે.

હૈદરાબાદના ત્રણ બેટર્સ ફિફ્ટી ફટકારી

હૈદરાબાદ માટે અભિષેક શર્માએ 22 બોલમાં 56 રનની ઈનિંગ રમીને ટીમને તોફાની શરૂઆત અપાવી હતી, જ્યારે ઈશાન કિશને 46 બોલમાં 79 રન બનાવીને ઈનિંગને રમી હતી. હેનરિક ક્લાસેને પણ 24 બોલમાં 51 રનનું યોગદાન આપ્યું હતું. અંતમાં નીતિશ કુમાર રેડ્ડીએ 12 બોલમાં અણનમ 29 રન જોડીને ટીમના સ્કોરને 250ને પાર



પહોંચાડ્યો હતો. બેંગલુરુના બોલરો સંપૂર્ણપણે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા, જેમાં રાસિખ સલામે 2 વિકેટ ઝડપી હતી, જ્યારે સુયશ શર્મા અને કૃણાલ પંડ્યાને 1-1 સફળતા મળી હતી.

બન્ને ટીમની પ્લેઈંગ-11

સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH): અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ, ઈશાન કિશન (વિકેટકીપર), હેનરિક ક્લાસેન, સલિલ અરોરા, સ્મરણ રવિચંદ્રન, નીતિશ કુમાર રેડ્ડી, પેટ કમિન્સ (કેપ્ટન), શિવાંગ કુમાર, ઈશાન મલિંગા અને સાકિબ હુસૈન.

ઈમ્પેક્ટ પ્લેયર: હર્ષલ પટેલ.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB): વિરાટ કોહલી, દેવદત્ત પડિકલ, રજત પાટીદાર(કેપ્ટન), વેંકટેશ અય્યર, જીતેશ શર્મા (વિકેટકીપર), કૃણાલ પંડ્યા, રોમારીયો શેફર્ડ, ભુવનેશ્વર કુમાર, જોશ હેઝલવુડ, સુયશ શર્મા અને રાસિખ સલામ દાર. 18.2 ઓવરમાં ટ્રેવિસ હેડે બેંગલુરુના કેપ્ટન રજત પાટીદારની મહત્વપૂર્ણ ઈનિંગ્સનો અંત આણ્યો હતો. હેડના શોર્ટ બોલ પર પાટીદાર પુલ શોટ રમવા ગયો હતો, પરંતુ બોલ બેટની બરાબર વચ્ચે ન આવ્યો અને ડીપ મિડવિકેટ પર સ્મરણ રવિચંદ્રને કેચ પકડી લીધો. પાટીદારે 39 બોલમાં 56 રન બનાવ્યા, જેમાં 6 ચોગ્ગા અને 1 છગ્ગો સામેલ હતા. 17.2 ઓવરમાં રજત પાટીદારે પોતાની અડધી સદી પૂરી કરી. હર્ષલ પટેલના શોર્ટ બોલને તેણે ડીપ મિડવિકેટ તરફ રમીને એક રન લીધો અને પોતાની ફિફ્ટી સુધી પહોંચ્યો હતો. 13મી ઓવરમાં સાકિબ હુસૈને ચુસ્ત બોલિંગ પ્રદર્શન કરતા માત્ર 6 રન આપ્યા. કૃણાલ પંડ્યાએ એક ચોગ્ગો જરૂર ફટકાર્યો, પરંતુ બાકીના બોલ પર બેંગલુરુના બેટ્સમેનો મોટા શોટ રમી શક્યા નહીં. સાકિબના ધીમા બોલ અને સચોટ લાઈન-લેન્થે રનની ગતિ પર બ્રેક લગાવી દીધી હતી.



# કાનના રેડ કાર્પેટ પર ઐશ્વર્યા રાય 'બ્રહ્માંડના પ્રકાશ'ની જેમ ચમકી!

મુંબઈ, તા.23

પ્રતિષ્ઠિત કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ઐશ્વર્યા રાય બચ્ચનની હાજરીને લઈને સતત ચર્ચાઓ થયા બાદ એક્ટ્રેસ ક્લોઝિંગ સેરેમનીના એક દિવસ પહેલાં દીકરી આરાધ્યા સાથે પહોંચી હતી. ઐશ્વર્યાએ આ દરમિયાન અબિસ બ્લૂ રંગના ડિઝાઈનર ગાઉનમાં રેડ કાર્પેટ પર વોક કર્યું હતું. આ સાથે જ દીકરી આરાધ્યાએ પણ કાનમાં ગ્લેમરસ લુકમાં અનઓફિશિયલી ડેબ્યૂ કરી લીધું છે. આ ડ્રેસમાં 'ક્રિસ્ટલ વેઈન' ભરતકામ કરવામાં આવ્યું છે. એટલે કે આમાં હજારો નાના-નાના કાચના ક્રિસ્ટલ્સને એક શિલ્પ જેવા જાળીદાર માળખામાં એવી રીતે ગોઠવવામાં આવ્યા છે, જેથી કપડાં પર જ્યારે પ્રકાશ પડે, ત્યારે તે અદ્‌ભુત ચમક આપે. આ ડ્રેસને ઝીણવટભરી હાથની કારીગરીથી બનાવતા 1500 કલાકથી પણ વધુ સમય લાગ્યો છે. આ ગાઉનનો રંગ 'અબિસ બ્લુ' (એટલે કે બ્રહ્માંડના પ્રકાશ અને અનંત આકાશથી પ્રેરિત એકદમ ઘેરો વાદળી રંગ) રાખવામાં આવ્યો છે. ઐશ્વર્યા રાયે વર્ષ 2002માં કાનમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી તે સતત કાનમાં હાજર રહે છે. ગયા વર્ષે ઐશ્વર્યાએ મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરાયેલી સફેદ-ગોલ્ડન સાડી પહેરી હતી. લાલ ડાયમંડ જ્વેલરી અને સિંદૂર સાથે ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેનો ટ્રેડિશનલ લુક ઘણો ચર્ચામાં રહ્યો હતો. કાનના બીજા લુકમાં ઐશ્વર્યા રાયે ગૌરવ ગુપ્તાના કલેક્શનની બ્લેક સિક્વિન ગાઉન સાથે ટ્રેલ કેરી કરી હતી. ખુલ્લા વાળ અને મિનિમલ જ્વેલરીમાં એક્ટ્રેસ ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી. દર વર્ષે દુનિયાભરના પસંદગીના લોકોને જ્યુરીમાં સામેલ કરવામાં આવે છે. મૃણાલ સેન પ્રથમ ભારતીય હતાં, જેમને 1982માં જ્યુરીમાં સામેલ કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત જ્યુરી બનનાર પ્રથમ ભારતીય મહિલા ડિરેક્ટર મીરા નાયર હતાં. ઐશ્વર્યા રાય પ્રથમ ભારતીય એક્ટ્રેસ છે, જેમને કાનમાં જ્યુરી બનાવવામાં આવ્યા. જોકે હવે દીપિકા પાદુકોણ, વિદ્યા બાલન અને શર્મિલા ટાગોર પણ આ યાદીમાં સામેલ છે. ત્રીજા લુકમાં આલિયા ડિઝાઈનર તરુણ તાહિલિયાનીની આઈવરી સાડીમાં જોવા મળી હતી. તે ફ્રેન્ચ રિવેરામાં ભારત પેવેલિયન પહોંચી હતી, જ્યાં તેણે ફિલ્મ મેકર આશુતોષ ગોવારીકર સાથે 57મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)નું પોસ્ટર અને ક્રિએટિવ વિઝન લોન્ચ કર્યું હતું.

# 'એનિમલ'માં બોબીના વિલન બનવાથી ધર્મેન્દ્ર ખુશ નહોતા

મુંબઈ, તા.23



બોબી દેઓલે 'એનિમલ'માં ધમાકેદાર પરફોર્મન્સ આપીને ચાહકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. જોકે, બોબીના વિલન બનવાથી પિતા ધર્મેન્દ્ર વધારે ખુશ નહોતા. બોબી દેઓલે તાજેતરમાં આ અંગે ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે, પરંતુ બાદમાં સોશિયલ મીડિયા દ્વારા તેમને જાણ થઈ હતી કે તેણે ભજવેલો કિરદાર ખૂબ હિટ થઈ ચૂક્યો છે. આ ઉપરાંત, તેણે સલમાનની મદદથી કમબેક કરવા અને આશ્રમ સિરીઝમાં લીડ રોલ મળવાથી થયેલી હેરાની પર પણ વાત કરી છે. 'તું ફિલ્મમાં શર્ટ ઉતારીશ' શેખર સુમનના શો 'શેખર ટુનાઈટ'માં પહોંચેલા બોબી દેઓલે જણાવ્યું છે કે, તેની પાસે લાંબા સમયથી કામ નહોતું. એક દિવસ અચાનક તેની પાસે સલમાન ખાનનો ફોન આવ્યો. સલમાને તેને પૂછ્યું- 'તું ફિલ્મમાં શર્ટ ઉતારીશ?' બોબીએ જવાબ આપ્યો, 'હા, હું બધું જ કરી લઈશ.' આના પર સલમાને કહ્યું કે, 'સ્ક્રિપ્ટ સાંભળવા આવી જજે.' અને આ રીતે બોબી દેઓલે 'રેસ 3'થી કમબેક કર્યું. એના થોડા દિવસ પછી જ તેને 'આશ્રમ' સિરીઝના કાસ્ટિંગ માટે ફોન આવ્યો. તે ગયો અને તેણે ડિરેક્ટર પાસેથી આખી સ્ક્રિપ્ટ સાંભળી.

# 'રોકસ્ટાર'ની સિક્વલ હવે ક્યારેય નહીં બને!, ઈમ્તિયાઝ અલીનો મોટો ખુલાસો



મુંબઈ, તા.23

ઈમ્તિયાઝ અલી તેમની આઈકોનિક ફિલ્મ 'રોકસ્ટાર'ની સિક્વલ નહીં બનાવે, પરંતુ તેમની આગામી ફિલ્મ 'મૈં વાપસ આઉંગા'માં ફરી એકવાર અધૂરા પ્રેમ, વિરહ અને પાછા ફરવાની વેદના જોવા મળશે. દિલજીત દોસાંઝ, શર્વરી, વેદાંગ રૈના અને નસીરુદ્દીન શાહ અભિનીત આ ફિલ્મ માત્ર લવ સ્ટોરી નથી, પરંતુ યાદો, સ્થળાંતર અને ભાવનાત્મક ભંગાણની વાર્તા છે. દિવ્ય ભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં ઈમ્તિયાઝ અલીએ જણાવ્યું કે, તેઓ 'રોકસ્ટાર'ની સિક્વલ શા માટે બનાવવા માંગતા નથી. તેમણે દિલજીત દોસાંઝ, એ.આર. રહેમાન અને તેમની ફિલ્મોમાં વારંવાર જોવા મળતા દર્દ અને વિરહની લાગણી વિશે પણ ખૂલીને વાત કરી. શર્વરી અને વેદાંગે પણ ફિલ્મ સાથેના તેમના ભાવનાત્મક જોડાણ અને પાત્રોની તૈયારીના અનુભવો શેર કર્યા. ઈમ્તિયાઝ અલી: જ્યારે હું ફિલ્મ બનાવું છું, ત્યારે હું મારા વિશે વિચારતો નથી. કદાચ હું વાર્તાઓ બનાવીને મારાથી ભાગવાનો પ્રયાસ કરું છું. પરંતુ આ સાચું છે કે જ્યારે તમે કોઈ શહેર છોડી રહ્યા હોવ છો, ત્યારે જ તેની સૌથી વધુ યાદ આવે છે. મને યાદ છે, જ્યારે હું દિલ્હી અને જમશેદપુર વચ્ચે ટ્રેનથી મુસાફરી કરતો હતો.

# નિરુપા રોય નહીં, મૌની રોય બની બોલિવૂડની નવી મા



મુંબઈ, તા.23

વરુણ ધવન, મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે સ્ટારર ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'નું ધમાકેદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલરમાં હાસ્ય, ગૂંચવણો, ડ્રામાનું પરફેક્ટ કોમ્બિનેશન જોવા મળી રહ્યું છે. ટ્રેલર જોઈને 90ના દાયકાની ગોવિંદાની ફિલ્મોની યાદ આવી જાય છે. ટ્રેલરની શરૂઆત વરુણ ધવન (જસ) અને મૃણાલ ઠાકુર (બાની)થી થાય છે. બંને વચ્ચે ક્યુટ કેમેસ્ટ્રી અને ભરપૂર રોમાન્સ જોવા મળે છે. પણ તરત જ વાર્તામાં નવો ટ્વિસ્ટ આવે છે, બંને કોર્ટમાં છૂટાછેડાની સુનાવણી માટે પહોંચે છે. જજ (અલી અસગર) જ્યારે મૃણાલને પૂછે છે કે શું જસે (વરુણે) તેને દગો આપ્યો છે કે ઘરેલું હિંસા કરી છે? ત્યારે તે કહે છે કે, ના, તેનાથી ઉલટું તે મને અનહદ પ્રેમ કરે છે. આ સાંભળીને જજ પણ આશ્ચર્યમાં મૂકાઈ જાય છે. જ્યારે વરુણ કહે છે કે તેને પિતા બનવું છે. આ કોર્ટ કેસ દરમિયાન વરુણની મુલાકાત પૂજા હેગડે (પ્રીત) સાથે થાય છે. વરુણ તેને ખોટું બોલે છે કે તે સિંગલ (અપરિણિત) છે. બંને વચ્ચે રોમાન્સ પૂરબહારમાં ખીલી જ રહ્યો હોય છે કે, વરુણની પત્ની મૃણાલની એન્ટ્રી થાય છે. તે વરુણને ખુશ ખબર આપે છે કે, તે મા બનવાની છે. આ આંચકાને હજુ તો તે સંભાળવાનો પ્રયત્ન કરી રહ્યો હોય ત્યાંજ તેને મોટો આંચકો મળે છે કે પૂજા પણ પ્રેગ્નેન્ટ છે. વરુણ મનીષ પૌલને કૉલ કરીને કહે છે, 'મને નિરુપા રોય જેવી મા જોઈએ છે.' નકલી માતા બીજું કોઈ નહીં પરંતુ મૌની રોય છે. અહિંથી શરૂ થાય છે ગૂંચવણો અને હાસ્યનો સિલસિલો. ટ્રેલરમાં મૌની રોય, જીમી શેરગીલ, મનીષ પૌલ, રાકેશ બેદી ('ધુરંધર'ના જમીલ જમાલી'), ચંકી પાંડે સહિતના કલાકારો તેમની કોમિક ટાઈમિંગથી હસવા માટે મજબૂર કરે છે. ટ્રેલરમાં 'બીવી નંબર-1'ના ગીતોના રિમિક્સ જોવા મળી રહ્યા છે. વરુણ, મૃણાલ અને પૂજાની ત્રિપુટી 90ના દાયકાની ગોવિંદાની ફિલ્મોની યાદ અપાવે છે. ફિલ્મનું શૂટિંગ ઋષિકેશ, લંડન અને સ્કોટલેન્ડ જેવા ભવ્ય લોકેશન્સ પર કરવામાં આવ્યું છે. 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'નું ડિરેક્શન કોમેડી કિંગ ડેવિડ ધવને કર્યું છે. 'મૈં તેરા હીરો', 'જુડવા-2' અને 'કુલી નંબર 1' પછી પિતા-પુત્રની સાથે આ ચોથી ફિલ્મ છે. તેને રમેશ તૌરાનીએ પ્રોડ્યુસ કરી છે. વારંવાર રિલીઝ પોસ્ટપોન થયા બાદ હવે આ ફિલ્મ આખરે 5 જૂન 2026ના રોજ રિલીઝ થવાની છે.

# ભારતમાં ભાવ વધ્યા, પાકિસ્તાને પેટ્રોલ-ડીઝલ સસ્તાં કર્યા : પેટ્રોલ-ડીઝલમાં 6 રૂપિયાનો ઘટાડો, અઠવાડિયામાં 11 રૂપિયા સસ્તાં

**નવી દિલ્હી, તા.23**

પાકિસ્તાન સરકારે પેટ્રોલની કિંમતમાં 6 રૂપિયા અને હાઈ સ્પીડ ડીઝલ (HSD)ના ભાવમાં 6.80 રૂપિયાનો ઘટાડો કર્યો છે. આનાથી અહીં એક લિટર પેટ્રોલની કિંમત 403.78 રૂપિયા (પાકિસ્તાની રૂપિયા) અને ડીઝલની કિંમત 402.78 રૂપિયા પ્રતિ લિટર પર આવી ગઈ છે. નવી કિંમતો આજથી એટલે કે 23 મેથી લાગુ થઈ ગઈ છે. પાકિસ્તાન સરકારે સતત બીજા અઠવાડિયે પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ઘટાડો કર્યો છે. આ પહેલા ગયા અઠવાડિયે બંનેના ભાવ 5-5 રૂપિયા ઘટાડવામાં આવ્યા હતા. તાજેતરના દિવસોમાં સતત વધતી કિંમતો પછી, આ ઘટાડાથી મધ્યમ વર્ગ અને નિમ્ન-મધ્યમ વર્ગના બજેટને થોડો ટેકો મળવાની અપેક્ષા છે, કારણ કે પેટ્રોલનો



ઉપયોગ મોટાભાગે ખાનગી પરિવહન, નાના વાહનો, રિક્ષા અને ટુ-વ્હીલર્સમાં થાય છે. બીજી તરફ, હાઈ-સ્પીડ ડીઝલનો મુખ્ય ઉપયોગ ભારે પરિવહન ક્ષેત્ર અને મોટા જનરેટર ચલાવવામાં થાય છે. પાકિસ્તાન સરકાર છેલ્લા કેટલાક સમયથી દર અઠવાડિયે શુક્રવારે રાત્રે પેટ્રોલિયમ કિંમતોની સમીક્ષા કરી રહી છે. વાસ્તવમાં, 28 ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈરાન વચ્ચે શરૂ થયેલા યુદ્ધ (જે હાલમાં અટક્યું છે) પછીથી જ પાકિસ્તાનમાં ઈંધણ સંકટ છે પાક સરકારે આ પહેલા 16 મેના રોજ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં 5-5 રૂપિયાનો ઘટાડો કર્યો હતો. ત્યારે પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત 409.78 રૂપિયા પ્રતિ લિટર અને હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ની કિંમત 409.58 રૂપિયા પ્રતિ લિટર પર આવી ગઈ હતી. આના એક અઠવાડિયા પહેલા એટલે કે 9 મેના રોજ પેટ્રોલની કિંમતમાં 14.92 રૂપિયા અને ડીઝલમાં 15 રૂપિયા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો. 28 ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયાના તરત જ, સરકારે 6 માર્ચે પેટ્રોલ-ડીઝલ 55 રૂપિયા પ્રતિ લિટર મોંઘું કરી દીધું હતું. 2 એપ્રિલે પેટ્રોલની કિંમતમાં 43% અને હાઈ-સ્પીડ ડીઝલની કિંમતમાં 55%નો વધારો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ભારતમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં આજે ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં પેટ્રોલ 87 પૈસા મોંઘું થઈને 99.51 પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. ડીઝલ 91 પૈસા પ્રતિ લિટર મોંઘું થયું છે. તેના ભાવ 92.49 પર પહોંચી ગયા છે. આ ઉપરાંત, દિલ્હી-NCRમાં CNGની કિંમતોમાં 1 પ્રતિ કિલોનો વધારો થયો છે. આ ફેરફાર બાદ દિલ્હીમાં CNG હવે 81.09 પ્રતિ કિલો મળશે. છેલ્લા 9 દિવસમાં પેટ્રોલ, ડીઝલ અને CNGની કિંમતોમાં ત્રીજી વખત વધારો કરવામાં આવ્યો છે. 4 દિવસ પહેલા 19 મેના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સરેરાશ 90 પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે, 15 મેના રોજ પણ કિંમતોમાં 3 પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો. તેમજ, CNGના ભાવમાં 15 મેના રોજ 2 અને પછી 18 મેના રોજ 1નો વધારો કરવામાં આવ્યો હતો.

# પેટ્રોલ 87 પૈસા અને ડીઝલ 91 પૈસા મોંઘું થયું : 9 દિવસમાં 5 રૂપિયાનો વધારો, અમદાવાદમાં પેટ્રોલ ₹99.07 અને ડીઝલ ₹94.99 પ્રતિ લિટર થયું

**નવી દિલ્હી તા.23**

દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં પેટ્રોલ 87 પૈસા મોંઘુ થઈને 99.51 પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. ડીઝલ 91 પૈસા પ્રતિ લિટર મોંઘુ થયું છે. તેના ભાવ 92.49 પર પહોંચી ગયા છે. અમદાવાદમાં પેટ્રોલ 99.07 અને ડીઝલ 94.99 રૂપિયા પ્રતિ લિટર થયું. આ ઉપરાંત, દિલ્હી-એનસીઆરમાં સીએનજીની કિંમતોમાં 1 રૂપિયા પ્રતિ કિલોનો વધારો થયો છે. આ ફેરફાર બાદ દિલ્હીમાં CNG હવે 81.09 રૂપિયા પ્રતિ કિલો મળશે. છેલ્લા 10 દિવસમાં આ ત્રીજો વધારો છે. આ પહેલા સરકારે 15 મેના રોજ સીએનજીના ભાવમાં 2 રૂપિયા અને પછી 18 મેના રોજ 1 રૂપિયાનો વધારો કર્યો હતો. ઈંધણની કિંમતોમાં 9 દિવસમાં આ ત્રીજો વધારો છે. 4 દિવસ પહેલા 19 મેના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સરેરાશ 90 પૈસા પ્રતિ




લિટરનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે, 15 મેના રોજ પણ કિંમતોમાં 3 રૂપિયા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો. આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં થતી વધઘટ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થતા પહેલા ક્રૂડ ઓઈલના ભાવ 70 ડોલર હતા જે હવે વધીને 100 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. ક્રૂડની કિંમતો વધવાથી તેલ કંપનીઓ દબાણમાં હતી. તેથી કંપનીઓએ નુકસાન ભરપાઈ કરવા માટે આ પગલું ભર્યું છે. જો ક્રૂડ ઓઈલની કિંમતોમાં લાંબા સમય સુધી તેજી જળવાઈ રહેશે તો પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધુ વધારો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો અને ડોલર સામે રૂપિયાની સ્થિતિના આધારે દેશમાં ઈંધણના ભાવ નક્કી કરવામાં આવે છે. સરકારી તેલ કંપનીઓ 'ડેઈલી પ્રાઈસ રિવિઝન' એટલે કે ડાયનેમિક પ્રાઈસિંગ સિસ્ટમ હેઠળ દરરોજ સવારે 6 વાગ્યે નવા દરો અપડેટ કરે છે.

# નવી અપડેટેડ હોન્ડા સિટી લોન્ચ : 1.5-લિટર પેટ્રોલ એન્જિન સાથે ADAS અને નવા ફીચર્સ, કિંમત ₹12 લાખથી શરૂ

**દિલ્હી, તા.23**

હોન્ડા કાર્સ ઈન્ડિયાએ આખરે ભારતમાં તેની લોકપ્રિય સેડાન કાર 'સિટી'નું અપડેટેડ વર્ઝન લોન્ચ કર્યું છે. તેની શરૂઆતની કિંમત 12 લાખ (એક્સ-શોરૂમ) રાખવામાં આવી છે. કંપનીએ આ કારના લુક અને ફીચર્સમાં ઘણા જરૂરી ફેરફારો કર્યા છે, જેથી બજારમાં મળી રહેલી સખત સ્પર્ધા વચ્ચે તેને બિલકુલ ફ્રેશ લુક આપી શકાય. ડિઝાઈનની વાત કરીએ તો, હોન્ડાએ કારના લુકને પહેલા કરતા થોડો વધુ શાર્પ બનાવ્યો છે. તેના ફ્રન્ટમાં રિવાઈઝ્ડ ગ્રિલ, નવી બમ્પર ડિઝાઈન અને નવા એલોય વ્હીલ્સ આપવામાં આવ્યા છે. કારના LED લાઈટિંગ એલિમેન્ટ્સમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે, જેનાથી તેનો લુક ઘણો ક્લીન દેખાય છે. જોકે, કંપનીએ તેના જૂના સિગ્નેચર લુકને જાળવી રાખ્યો છે. કારની અંદરનું લેઆઉટ પહેલા જેવું જ રાખવામાં આવ્યું છે, પરંતુ ફીચર્સની યાદીમાં નવા અપડેટ્સ ઉમેરવામાં આવ્યા છે. તેમાં સ્માર્ટફોન કનેક્ટિવિટી




સાથે મોટી ટચસ્ક્રીન ઈન્ફોટેઈનમેન્ટ સિસ્ટમ, ડિજિટલ ડ્રાઈવર ડિસ્પ્લે, કનેક્ટેડ કાર ટેક અને સનરૂફ જેવા ફીચર્સ મળશે. કારને સુરક્ષિત બનાવવા માટે હોન્ડાએ તેની પ્રેઝન્ટેશન દરમિયાન ADAS (એડવાન્સ્ડ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમ) પેકેજ પર ખાસ ભાર મૂક્યો છે. નવી અપડેટેડ 'સિટી'માં ગ્રાહકોને પહેલાની જેમ 'હોન્ડા સેન્સિંગ સ્યુટ'નો સપોર્ટ મળતો રહેશે, જે મુસાફરી દરમિયાન સલામતીને સુધારે છે. મિકેનિકલ રીતે કારમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અપડેટેડ 'સિટી'માં જૂનું જ 1.5-લિટર નેચરલ એસ્પિરેટેડ પેટ્રોલ એન્જિન આપવામાં આવ્યું છે. આ એન્જિન મેન્યુઅલ (MT) અને CVT ગિયરબોક્સ બંને વિકલ્પો સાથે આવે છે. કંપનીએ આ વખતે પાવરટ્રેનમાં કોઈ ફેરફાર કર્યો નથી, જેના પરથી સ્પષ્ટ થાય છે કે તેમનું સંપૂર્ણ ધ્યાન કારના લુક અને અપીલને વધારવા પર હતું. મિડસાઈઝ સેડાન સેગમેન્ટમાં પોતાની મજબૂત પકડ જાળવી રાખવા માટે કંપનીએ તેમાં રિફ્રેશ્ડ ફ્રન્ટ-એન્ડ સ્ટાઈલિંગ, નવા એલોય વ્હીલ્સ અને એડવાન્સ કનેક્ટેડ ફીચર્સ આપ્યા છે. ભારતીય બજારમાં લોન્ચ થયા પછી આ અપડેટેડ હોન્ડા સિટીનો સીધો મુકાબલો હ્યુન્ડાઈ વર્ના, ફોક્સવેગન વર્ટુસ અને સ્કોડા સ્લાવિયા જેવી કારો સાથે થશે.

# RBI સરકારને ₹2.87 લાખ કરોડનું ડિવિડન્ડ આપશે : ગયા વર્ષ કરતા 7% વધારે

## ઈરાન-ઈઝરાયેલ સંકટ વચ્ચે સરકારી તિજોરીને મોટી રાહત મળશે

**નવી દિલ્હી, તા.23**

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ નાણાકીય વર્ષ 2025-26 માટે કેન્દ્ર સરકારને 2,86,588.46 કરોડનું ડિવિડન્ડ (નફાનો હિસ્સો) આપવાની મંજૂરી આપી છે. શુક્રવારે RBIના સેન્ટ્રલ બોર્ડની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. આ અત્યાર સુધીનું સૌથી મોટું ડિવિડન્ડ ચુકવણું છે. ગયા વર્ષે RBIએ 2.11 લાખ કરોડની સરખામણીમાં 27% વધુ એટલે કે 2.69 લાખ કરોડનું ડિવિડન્ડ આપ્યું હતું. આ વખતની રકમ ગયા રેકોર્ડ કરતાં પણ લગભગ 7% વધુ છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ અસ્થિર રહ્યા છે. ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું ઓઈલ આયાત કરે છે, જેનાથી સરકારી તિજોરી પર બોજ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં, RBI પાસેથી મળેલી આ મોટી રકમ કેન્દ્ર સરકાર માટે સુરક્ષા કવચનું કામ કરશે.




તેનાથી સરકારને ખાતર અને ઈંધણ પર આપવામાં આવતી સબસિડીના વધતા ખર્ચને સંભાળવામાં મદદ મળશે.રિઝર્વ બેંકે જણાવ્યું કે ગયા વર્ષની સરખામણીમાં તેની કુલ કમાણીમાં લગભગ 26%નો વધારો થયો છે. જોકે, બેંકના ખર્ચમાં પણ લગભગ 28%નો વધારો થયો છે. RBIની બેલેન્સ શીટ હવે 20% વધીને લગભગ 92 લાખ કરોડની થઈ ગઈ છે. જો બેંકના ચોખ્ખા નફાની વાત કરીએ (કોઈપણ પ્રકારના જોખમ ભંડોળને અલગ રાખતા પહેલા), તો આ વર્ષે RBIએ 3.95 લાખ કરોડ કમાયા છે, જે ગયા વર્ષના 3.13 લાખ કરોડની સરખામણીમાં ઘણું વધારે છે.

RBIએ આ વખતે તેના 'ઈમરજન્સી ફંડ' (કન્ટિન્જન્સી રિસ્ક બફર) માંથી થોડો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. આ તે પૈસા છે જેને રિઝર્વ બેંક કોઈપણ અચાનક આવતી આર્થિક કટોકટી અથવા બજારના ઉતાર-ચઢાવનો સામનો કરવા માટે સાચવીને રાખે છે. અગાઉ RBI તેની કુલ સંપત્તિ (બેલેન્સ શીટ) નો 7.5% હિસ્સો આ ફંડમાં રાખતું હતું, જેને હવે ઘટાડીને 6.5% કરી દેવામાં આવ્યો છે. કારણ કે બેંકે તેના ઈમરજન્સી ફંડમાં ઓછા પૈસા નાખ્યા, તેથી તેની પાસે વધુ બચત (સરપ્લસ) વધી, જેને તેણે સરકારને આપી દીધી. આ જ કારણ છે કે આ વર્ષે સરકારને મળતા પૈસામાં આટલો મોટો વધારો થયો છે.

આને એક ઉદાહરણથી સમજો: ધારો કે તમારી કમાણી 100 છે અને તમે દર મહિને 7.50 'ઈમરજન્સી ગુલ્લક'માં નાખતા હતા. આ મહિને તમે નક્કી કર્યું કે તમે ગુલ્લકમાં ફક્ત 6.50 નાખશો. આવું કરવાથી તમારી ખિસ્સામાં 1 વધારાનો બચી ગયો. RBIએ પણ બરાબર આવું જ કર્યું, જેનાથી સરકારને આપવા માટે તેની પાસે વધુ પૈસા જમા થઈ ગયા. રેટિંગ એજન્સી ICRAના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતિ નાયરના મતે, RBIનું આ ડિવિડન્ડ તેમની અપેક્ષાઓ મુજબ છે. જોકે, ફર્ટિલાઈઝર અને ફ્યુઅલ સબસિડીને કારણે સરકારની નાણાકીય ખાધ દબાણમાં રહી શકે છે. નાયરે અનુમાન લગાવ્યું છે કે ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત $95 પ્રતિ બેરલ રહેવાની સ્થિતિમાં નાણાકીય વર્ષ 2027 માટે સરકારની નાણાકીય ખાધ GDPના 4.3%ના લક્ષ્ય કરતાં 40 બેસિસ પોઈન્ટ વધુ રહી શકે છે. ડિવિડન્ડ આ ખાધને ઓછી રાખવામાં મદદ કરશે. ઈરાનના યુદ્ધને કારણે ભારતના સરકારી બોન્ડ (સરકારી રોકાણ યોજના) પર મળતું વ્યાજ એટલે કે યીલ્ડ 0.40% સુધી વધી ગયું છે. તેની અસર એ થઈ કે હવે કંપનીઓ માટે બજારમાંથી લોન લેવી ઘણી મોંઘી થઈ ગઈ છે, જે છેલ્લા ઘણા વર્ષોના સૌથી ઊંચા સ્તરે છે.

# સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાં સરકાર 8% હિસ્સો વેચશે : ઓફર ફોર સેલ દ્વારા ₹2,455 કરોડ એકત્ર કરશે

**નવી દિલ્હી, તા.23**

સરકારે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ઓફર ફોર સેલ (OFS) દ્વારા પોતાનો 8% હિસ્સો વેચવાનો નિર્ણય કર્યો છે. આ OFS માટે સરકારે ફ્લોર પ્રાઈસ 31 પ્રતિ શેર નક્કી કરી છે, જે બેંકના ગુરુવારના ક્લોઝિંગ પ્રાઈસ 33.94 કરતાં 8.5% થી વધુના ડિસ્કાઉન્ટ પર છે. આ નિર્ણય પછી આજે એટલે કે શુક્રવાર, 22 મેના રોજ બજારમાં સેન્ટ્રલ બેંકના શેરમાં 5% થી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. તે 32 રૂપિયાની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે. એક મહિનામાં તે 13% થી વધુ તૂટ્યો છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (DIPAM) દ્વારા જાહેર કરાયેલી નોટિસ મુજબ, આ OFS નોન-રીટેલ રોકાણકારો માટે 22 મે 2026 ના રોજ ખુલશે. જ્યારે, રીટેલ રોકાણકારો અને બેંકના કર્મચારીઓ આ ઈશ્યુ માટે 25 મે 2026 ના રોજ પોતાની બોલી લગાવી શકશે. બંને દિવસોએ ટ્રેડિંગ દરમિયાન સવારે 9:15 વાગ્યાથી બપોરના 3:30 વાગ્યા સુધી બોલી લગાવી શકાય છે. વર્તમાનમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં સરકારની હિસ્સેદારી 89.27% છે. સરકારની આ હિસ્સેદારીનું વેચાણ સરકારની વિનિવેશ અને પબ્લિક શેરહોલ્ડિંગ નિયમોના પાલનની રણનીતિનો ભાગ છે. ઓફર ડોક્યુમેન્ટ અનુસાર, નોન-રીટેલ રોકાણકારો માટે અનામત રાખવામાં આવેલા શેરોમાંથી ઓછામાં ઓછો 25% હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ અને ઈન્સ્યોરન્સ કંપનીઓને ફાળવવામાં આવશે. જોકે, આ માટે જરૂરી છે કે તેમની બોલીઓ ફ્લોર પ્રાઈસ અથવા તેનાથી ઉપરની કિંમતે મળે. નોન-રિટેલ રોકાણકારો તેમની ફાળવણી ન થયેલી બિડ્સને બીજા દિવસે (T+1 day) માટે પણ કેરી ફોરવર્ડ કરી શકે છે. આ ઓફર ફોર સેલમાંથી ઓછામાં ઓછા




10% શેર રિટેલ રોકાણકારો માટે અનામત રાખવામાં આવ્યા છે. રિટેલ રોકાણકારો આ મિકેનિઝમ હેઠળ કટ-ઓફ પ્રાઈસ પર પણ બોલી લગાવવા પાત્ર હશે. આ ઉપરાંત, બેંકના પાત્ર કર્મચારીઓ માટે 75,00,000 શેર અલગથી નક્કી કરવામાં આવ્યા છે. રિટેલ રોકાણકારો આ મિકેનિઝમ હેઠળ કટ-ઓફ પ્રાઈસ પર પણ બોલી લગાવવા પાત્ર હશે. આ ઉપરાંત, બેંકના પાત્ર કર્મચારીઓ માટે 75,00,000 શેર અલગથી નક્કી કરવામાં આવ્યા છે. પાત્ર કર્મચારીઓ 5 લાખ સુધીના મૂલ્યના શેર માટે અરજી કરી શકે છે. આ સાથે તેઓ નિર્ધારિત નિયમો અને મર્યાદાઓ હેઠળ રિટેલ કેટેગરીમાં પણ અલગથી બોલી લગાવી શકે છે. કર્મચારીઓની પાત્રતાનો નિર્ણય બેંક દ્વારા સ્ટોક એક્સચેન્જો સાથે શેર કરવામાં આવેલી PAN કાર્ડ વિગતોના આધારે થશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ હિસ્સેદારી વેચાણની પ્રક્રિયા દરમિયાન પણ બેંકના શેર સામાન્ય માર્કેટ સેગમેન્ટની જેમ જ શેરબજારમાં ટ્રેડ થતા રહેશે. જોકે, પર્યાપ્ત માગ ન હોવા અથવા બજાર સંબંધિત અન્ય કારણો જેવી કેટલીક વિશેષ પરિસ્થિતિઓમાં આ ઓફર પાછી ખેંચી અથવા રદ પણ કરી શકાય છે. આ સમગ્ર ટ્રાન્ઝેક્શન માટે સરકારના બ્રોકર તરીકે ગોલ્ડમેન સૅક્સ (ઈન્ડિયા) સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડની નિમણૂક કરવામાં આવી છે. આ સંપૂર્ણ OFS સેબી (SEBI) ના નિયમો અને સ્ટોક એક્સચેન્જની ગાઈડલાઈન્સ હેઠળ આયોજિત કરવામાં આવી રહ્યું છે. જોકે, પર્યાપ્ત માગ ન હોવા અથવા બજાર સંબંધિત અન્ય કારણો જેવી કેટલીક વિશેષ પરિસ્થિતિઓમાં આ ઓફર પાછી ખેંચી અથવા રદ પણ કરી શકાય છે. આ સમગ્ર ટ્રાન્ઝેક્શન માટે સરકારના બ્રોકર તરીકે ગોલ્ડમેન સૅક્સ (ઈન્ડિયા) સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડની નિમણૂક કરવામાં આવી છે. આ સંપૂર્ણ OFS સેબી (SEBI) ના નિયમો અને સ્ટોક એક્સચેન્જની ગાઈડલાઈન્સ હેઠળ આયોજિત કરવામાં આવી રહ્યું છે. કોઈ લિસ્ટેડ કંપનીના પ્રમોટર્સ અથવા સરકાર બજાર દ્વારા સીધા રોકાણકારોને પોતાની હિસ્સેદારી વેચે છે ત્યારે તેને OFS કહેવાય છે. જ્યારે ગ્રીન શૂ ઓપ્શન એક એવો વિકલ્પ છે, જે અંતર્ગત જો બજારમાં માગ વધુ હોય, તો પ્રમોટર નિર્ધારિત હિસ્સેદારી કરતાં વધુ શેર (આ કિસ્સામાં વધારાના 4%) વેચવાનો અધિકાર સુરક્ષિત રાખે છે.

# સુશાસન અને નૈતિક નેતૃત્વના ઉદ્દેશ્ય સાથે અમદાવાદ સ્પીપા ખાતે 'અટલ વ્યાખ્યાન શ્રેણી'નું બીજું સત્ર યોજાયું

**નવી દિલ્હી, તા.23**

રાજ્યના વહીવટી તંત્રમાં સુશાસન, નૈતિક નેતૃત્વ, જવાબદાર નાગરિકતા અને જાહેર નીતિ પ્રત્યે જાગૃતિ વધારવાના ઉદ્દેશ સાથે અમદાવાદની સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય વહીવટ વિભાગ (વહીવટી સુધારણા અને તાલીમ વિભાગ) તથા SPIPA, અમદાવાદ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે આયોજિત 'અટલ સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણી'ના બીજા સત્રમાં વિશ્વવિખ્યાત સામાજિક મનોવૈજ્ઞાનિક, વર્તણૂક વિજ્ઞાનના અગ્રણી સંશોધક તથા જાહેર નીતિના વિશેષજ્ઞ ડૉ. રામાધર સિંઘનું મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. રામાધર સિંઘ "Perpetual



Responsibility Underlies Mature Citizenship" (પરિપક્વ નાગરિકતાનો આધાર સતત જવાબદારીની ભાવના છે) વિષય પર પોતાના વ્યાખ્યાનમાં જવાબદાર નાગરિકતા અને સુશાસન વચ્ચેના પરસ્પર સંબંધની વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, લોકશાહી માત્ર ચૂંટણી પ્રક્રિયા સુધી મર્યાદિત નથી, પરંતુ નાગરિકોની સતત જવાબદારી, સામાજિક પ્રતિબદ્ધતા અને જાહેર હિત માટેની સક્રિય ભાગીદારી પર તેનું સફળ સંચાલન નિર્ભર રહે છે. વ્યાખ્યાન દરમિયાન ડૉ. રામાધર સિંઘે ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીના જીવનમૂલ્યો, સુશાસન પ્રત્યેની તેમની દ્રષ્ટિ અને રાષ્ટ્રનિર્માણ માટેના તેમના યોગદાનને યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, સારા શાસનની સ્થાપના માટે નાગરિકો અને શાસનતંત્ર બંનેમાં જવાબદારીની ભાવના અનિવાર્ય છે, જે આજના સમયમાં પણ એટલી જ માર્ગદર્શક છે. પોતાના સંબોધનમાં તેમણે ભારતીય સંસ્કૃતિ સહિત મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર અને પ્રેમચંદ જેવા મહાન વિચારકોના ઉદાહરણો ટાંકીને સમજાવ્યું કે, વ્યક્તિના વિચારો, મૂલ્યો અને વર્તન સમાજના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જવાબદાર નાગરિકતા માત્ર અધિકારોની માંગણી સુધી સીમિત નથી.

# ઓનલાઈન ફૂડ અને ક્વિક કોમર્સ ડિલિવરી મોંઘી થઈ શકે છે

**નવી દિલ્હી, તા.23**

ઓનલાઈન ફૂડ ડિલિવરી અને ક્વિક કોમર્સ પ્લેટફોર્મ (જેમ કે બ્લિન્કિટ, ઝેપ્ટો) થી સામાન મંગાવવો મોંઘો થઈ શકે છે. અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને ક્રૂડ ઓઈલની વધતી કિંમતોને કારણે દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં લગભગ 4 પ્રતિ લિટર એટલે કે 4% સુધીનો વધારો થયો છે. તેનાથી સ્વિગી અને ઝોમેટો જેવી કંપનીઓ પર ડિલિવરી કોસ્ટનું દબાણ વધી ગયું છે. ઈલારા કેપિટલના રિપોર્ટ અનુસાર, ફ્યુઅલની કિંમતો વધવાથી કંપનીઓના માર્જિન પર સીધી અસર પડી રહી છે. આ વધારાના ખર્ચનો બોજ કંપનીઓ ગ્રાહકો પર નાખી શકે છે. તેના કારણે તમારા દરેક ઓર્ડર માટે લાગતો ડિલિવરી ચાર્જ અથવા અન્ય ફી વધારી શકાય




છે. 2023-2026 ની વચ્ચે સ્વિગી અને ઝોમેટો પર પ્લેટફોર્મ ફી 9 ગણી વધી ગઈ. ઝોમેટોએ 20 માર્ચે જ તેની પ્લેટફોર્મ ફી 19% એટલે કે 2.40 વધારીને 14.90 (GST વગર) કરી દીધી હતી. જ્યારે, સ્વિગીએ 24 માર્ચથી દરેક ઓર્ડર પર પ્લેટફોર્મ ફીમાં 17% નો વધારો કર્યો હતો. યુઝર્સ હવે દરેક ઓર્ડર પર 14 રૂપિયાને બદલે 17.58 (GST સહિત) એટલે કે 3.58 વધુ પ્લેટફોર્મ ફી ચૂકવી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, હાલમાં ક્વિક કોમર્સ (10 મિનિટમાં ડિલિવરી) માટે કંપનીઓનો સરેરાશ ડિલિવરી ખર્ચ 35 થી 50 પ્રતિ ઓર્ડર આવે છે. જ્યારે, ફૂડ ડિલિવરી માટે આ ખર્ચ 55 થી 60 પ્રતિ ઓર્ડરની વચ્ચે આવે છે. કુલ મળીને કંપનીઓનો મિશ્રિત સરેરાશ ખર્ચ ઈટર્નલ માટે 45 અને સ્વિગી માટે 55 પ્રતિ ઓર્ડર છે. સામાન્ય રીતે કુલ ડિલિવરી ખર્ચમાં ઈંધણનો હિસ્સો લગભગ 20% હોય છે. આ હિસાબે પ્રતિ ઓર્ડર ઈંધણનો ખર્ચ 9 થી 10 થાય છે. તાજેતરમાં થયેલા 4% ના વધારાથી કંપનીઓને પ્રતિ ઓર્ડર લગભગ 44 પૈસાનું નુકસાન થઈ રહ્યું છે. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે જો આવનારા મહિનાઓમાં પેટ્રોલ-ડીઝલના ભાવ 4 થી વધીને 10 પ્રતિ લિટર સુધી પહોંચે છે, તો પ્રતિ ઓર્ડર આ દબાણ 1 થી 1.20 સુધી વધી જશે. જો કંપનીઓ આ વધેલા ખર્ચનો બોજ ગ્રાહકો પર નહીં નાખે અને તેને પોતે જ ભોગવે, તો તેમના નફા પર મોટો પ્રભાવ પડશે. રિપોર્ટ અનુસાર, સૌથી ખરાબ સ્થિતિમાં નાણાકીય વર્ષ 2026-27માં ઈટર્નલના એડજસ્ટેડ EBITDA પર 4% થી 5% અને સ્વિગીના નફા પર 10% થી 12% સુધીની નકારાત્મક અસર પડી શકે છે.

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**PSI જાળવણી અને બ્રેકડાઉન પ્રવૃત્તિઓ અને નૉન પાવર બ્લૉક પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ**

**ટેન્ડર નં. ૦૫-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામઃ** ભાવનગર ટર્મિનસ-પાલીતાણા-ધોળા જં., રાજુલા-મહુવા અને ઢસા-જેતલસર સેક્શનની PSI જાળવણી અને બ્રેકડાઉન પ્રવૃત્તિઓ અને નૉન પાવર બ્લૉક પ્રવૃત્તિઓનું ૨ વર્ષ માટે આઉટસોર્સિંગ. **ટેન્ડર રકમઃ** ₹ ૨,૧૮,૪૩,૧૭૪.૫૭/- **ટેન્ડર ફીઃ** શુન્ય, **ઈએમડી રકમઃ** ₹ ૪,૩૬,૯૦૦/- **સરનામુંઃ** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ **૧૫-૦૬-૨૦૨૬ ના ૧૫:૦૦** કલાક સુધી છે.

BVP-039

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

# ગિફ્ટ સિટીની શૂટ સ્પેસનું 100 કરોડથી વધુનું ફ્રોડ : અરવલ્લી કોંગ્રેસ પ્રમુખની ધરપકડ, પત્ની સાથે ઉત્પલ વિદેશ ભાગી છૂટ્યો, જમીનો સહિતની મિલકતો જપ્ત કરાશે

**ગાંધીનગર, તા.23**

ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં કાર્યરત શૂટસ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની દ્વારા ડેટા સ્ટોરેજ અને ટેરાબાઈટ સ્પેસમાં રોકાણના નામે રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી મામલે ડભોડા પોલીસ મથકમાં આખરે કંપનીના સંચાલકો અને જવાબદારો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. કંપની પાસે સર્વર કે ડેટા સ્ટોરેજની સુવિધા જ ન હોવાનો ઘટસ્ફોટ થયો છે.આ મામલે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરુણ પટેલ સહિત બેની ધરપકડ કરવામાં આવી છે. આ પ્રકરણમાં ઉત્પલ પટેલની મિલકતો પણ જપ્ત કરવાની



કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાથમિક તપાસમાં આ કૌભાંડ 100 કરોડ સુધી જવાની શક્યતા છે. હાલમાં 13 ફરિયાદી સામે આવ્યા છે. જેમની સાથે પાંચેક કરોડની રોકાણ નામે ઠગાઈ થઈ છે. ઉત્પલ સામે લૂક આઉટ નોટિસ પણ ઈસ્યૂ કરવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે. શૂટ સ્પેસ કંપનીના ડાયરેક્ટર ઉત્પલ પટેલ, ઉત્પલ પટેલની વાઈફ ભૂમિ પટેલ, અરુણ પટેલ, અરુણ રાય અને સચિન પટેલ અને ધ્રુવ ચૌધરીની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગુનામાં છેતરપિંડીની કલમ 316, 5, 318, પછી ફોર્જરીની કલમ, એની સાથે સાથે જીપીએડી (GPAD) એક્ટ સેક્શન 3 અને બડ્સ (BUDS) એક્ટ સેક્શન 21 અને 23નો ગુનો દાખલ કર્યો છે. આધારભૂત સૂત્રોએ જણાવ્યું કે, ઉત્પલ પટેલ પરિવાર સહિત દુબઈમાં ભાગી ગયો છે. જેણે ઉદયપુરમાં રિસોર્ટ બનાવવા માટે આશરે ચાર વીઘા જમીન ખરીદી રાખી છે. આ ઉપરાંત તેની પાસે બે ફ્લેટ છે. એ સિવાય ગિફ્ટ સિટીમાં એક ઓફિસે તેમજ ઈન્ફોસિટીમાં પણ ઓફિસ છે. ઉપરાંત મોડાસામાં પણ મકાન તેમજ જમીન છે. જેને દુબઈથી પરત લઈ જવા માટે લુક આઉટ નોટિસ ઈસ્યુ કરવામાં આવનાર છે. ઉપરાંત તેના બેન્ક એકાઉન્ટસ પણ ફ્રેસ કરી દેવામાં આવશે. આ પ્રકરણમાં નજીકના સમયમાં ત્રીજો આરોપી પણ હાથમાં આવી જશે. જોકે મુખ્ય સૂત્રધાર ઉત્પલ પટેલ તેની પત્ની સિવાયના સંચાલકો કાગળ પરના કરોડપતિ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# AEIAT મુખ્ય પરીક્ષાની તારીખ બદલાઈ : હવે 13 જૂને પરીક્ષા યોજાશે, GPSC વર્ગ-1 અને 2ની એક્ઝામના લીધે ફેરફાર

**ગાંધીનગર, તા.23**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટિટ્યુડ ટેસ્ટ (AEIAT) વર્ગ-3 (પ્રાથમિક શાળાઓ) ભરતી-2026ની મુખ્ય પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ 7 જૂન, 2026ના રોજ યોજાનારી મુખ્ય પરીક્ષા હવે 13 જૂન, 2026ના રોજ લેવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડે જાહેર કરેલા પરિપત્ર મુજબ, ઉમેદવારો દ્વારા રજૂ કરાયેલી અરજીઓ તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) વર્ગ-1 અને વર્ગ-2ની પરીક્ષા પણ 7 જૂનના રોજ યોજાનાર હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. બંને પરીક્ષાઓ એક જ દિવસે હોવાને કારણે ઉમેદવારોને મુશ્કેલી ન પડે તે માટે તારીખ લંબાવવામાં આવી છે. બોર્ડે જણાવ્યું કે, પ્રિલિમ પરીક્ષા બાદ મુખ્ય




ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં ક્વોલિફાઈડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હવે મુખ્ય પરીક્ષા 13 જૂન, શનિવારના રોજ યોજાશે. ઉમેદવારોને નવી તારીખ નોંધી લેવા તેમજ પરીક્ષા સંબંધિત તમામ માહિતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે. બંને પરીક્ષાઓ એક જ દિવસે હોવાને કારણે ઉમેદવારોને મુશ્કેલી ન પડે તે માટે તારીખ લંબાવવામાં આવી છે. બોર્ડે જણાવ્યું કે, પ્રિલિમ પરીક્ષા બાદ મુખ્ય ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં ક્વોલિફાઈડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હવે મુખ્ય પરીક્ષા 13 જૂન, શનિવારના રોજ યોજાશે. ઉમેદવારોને નવી તારીખ નોંધી લેવા તેમજ પરીક્ષા સંબંધિત તમામ માહિતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે.

# સુરતના યુવાને ડાયવોર્સી કહીને અમદાવાદની મહિલાને ફસાવીને શરીર સંબંધ બાંધ્યા

**ગાંધીનગર, તા.23**

અમદાવાદના નવાવાડજ વિસ્તારમાં રહેતી યુવતીએ સુરતમાં રહેતા યુવક સામે માધવપુરા પોલીસ સ્ટેશનમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. મેટ્રિમોનિયલ સાઈટ પરથી શરૂ થયેલો પરિચય પ્રેમ સંબંધ સુધી પહોંચ્યો હતો, પરંતુ અંતે યુવક પહેલેથી જ પરણિત અને બે બાળકોનો પિતા હોવાનું સામે આવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. માધવપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નવા વાડજમાં રહેતી યુવતીએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તે માતા અને બે ભાઈ સાથે રહે છે. 2006માં તેના લગ્ન થયા હતા અને તેને બે બાળકો પણ છે, પરંતુ પતિ સાથે મનમેળ ન રહેતા અંતે તેણે છૂટાછેડા લઈ લીધા હતા. ત્યારબાદ વર્ષ 2025માં યુવતીએ ફરી લગ્ન માટે મેટ્રિમોનિયલ સાઈટ પર પોતાની વિગતો અપલોડ કરી હતી. આ દરમિયાન સુરતમાં રહેતા પ્રકાશ ડોંડાએ યુવતીને સંપર્ક કર્યો હતો. પ્રકાશે પોતે પણ ડાયવોર્સી હોવાનું કહી 2022માં છૂટાછેડા થઈ ગયા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બંને વચ્ચે મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી અને વોટ્સએપ કોલ પર વાતચીત શરૂ થઈ હતી. બંને પ્રથમ વખત અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં મળ્યા હતાં. ત્યારબાદ યુવતી પોતાની બહેનપણી સાથે પ્રકાશને મળવા સુરત ગઈ હતી. પ્રકાશે તેને પોતાનું ઘર પણ બતાવ્યું હતું. ધીમે ધીમે બંને વચ્ચે નજીકતા વધતી ગઈ હતી. પ્રકાશે યુવતી સાથે લગ્ન કરવાની વાત કરી હતી અને બંને વિસનગર ખાતે આવેલા મંદિરમાં ગયા હતા. ત્યાં પ્રકાશે યુવતીના માથામાં સિંદૂર ભરી તેને પત્ની તરીકે સ્વીકારી હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ પ્રકાશ અમદાવાદ આવ્યો હતો અને શાહીબાગ વિસ્તારમાં આવેલી હોટેલમાં યુવતીને લઈ ગયો હતો, જ્યાં લગ્ન કરવાની લાલચ આપીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા.

# 9 દિવસમાં ત્રીજી વખત પેટ્રોલ-ડિઝલના ભાવ વધતા અમદાવાદીઓએ પિતો ગુમાવ્યો, કહ્યું- સરકાર ફેલ ગઈ અને કોઈપણ પ્રકારનું પ્લાનિંગ કરી શકી નથી

**ગાંધીનગર, તા.23**

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એક વખત વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલના ભાવમાં 86 પૈસા અને ડીઝલના ભાવમાં 94 પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા 9 દિવસમાં ત્રીજી વખત વધારો કરવામાં આવતા વાહન ચાલકોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. કારણ કે સતત ભાવ વધારાના કારણે સામાન્ય નાગરિકો, વાહન ચાલકો અને નોકરિયાત વર્ગના લોકોનું બજેટ ખોરવાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદમાં પેટ્રોલના ભાવમાં 86 પૈસાનો વધારો હવે પેટ્રોલનો ભાવ 99.07 રૂપિયા અને ડીઝલના ભાવના 94 પૈસાનો વધારો થતા હવે ડીઝલનો ભાવ 94.99 રૂપિયા પહોંચી ગયો છે. વાહન ચાલક હિતેશ ઠક્કરે જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં



વધારો થતા સામાન્ય નાગરિકને તેની ખૂબ જ અસર થવાની છે. તેમજ હજુ પણ મોંઘવારી વધે તેવી શક્યતા જોવાઈ રહી છે. સરકાર ફેલ ગઈ છે અને કોઈપણ પ્રકારનું પ્લાનિંગ કરી શકી નથી. દેશના યુવાનોને રોજગારી નથી મળી રહી, ખેડૂતોને લાઈનોમાં ઊભું રહેવું પડે છે તેમજ જ્યાં જોઈએ ત્યાં પેટ્રોલ અને ડીઝલ ભરાવવા માટેની લાઈન લાગી છે. વિકસિત ભારતની વાત કરવામાં આવે છે પરંતુ સામાન્ય નાગરિક પર રોજ આફત આવી રહી છે. મહિને કોઈપણ બચત થાય તેવું લાગતું જ નથી. વધુમાં હિતેશ ઠક્કરે જણાવ્યું હતું કે, ઉપરના લેવલથી બેજવાબદાર નિવેદન આપવામાં આવે છે. તેમજ કોઈપણ પ્રકારનું પૂર્વ આયોજન ન કરાયું હોવાથી લોકો ડરી રહ્યા છે અને પેટ્રોલ પંપ પર લાઈન લગાવી રહ્યા છે. લોકોને સાચા માર્ગે દોરવાના બદલે ઊંધા માર્ગે દોરવામાં આવે છે. કોરોના વખતે જે રીતે લોકો વધારે સ્ટોરેજ કરવા માટે લાઈનમાં ઉભા હતા તેવી જ સ્થિતિ અત્યારે તમામ જગ્યા પર જોવા મળી રહી છે. વાહન ચાલક ધર્મેશભાઈએ જણાવ્યું હતું કે, સામાન્ય પબ્લિકને પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાની ખૂબ જ અસર થવાની છે. હવે વાહનો ઉપયોગ કેટલો કરવો તે પણ વિચારવું પડે તેવી સ્થિતિ સર્જાય છે. પહેલા જે રીતે છૂટથી વાહન ચલાવી શકતા હતા તે હવે નહીં ચલાવી શકીએ. હવે એવું લાગે છે કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ વધારે કરવો જોઈએ. વધતી જતી મોંઘવારીમાં કોઈપણ પ્રકારની બચત થાય તેવું લાગતું નથી.

# 28 મેના રોજ બકરી ઈદની જાહેર રજા : ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય, 27 મે બુધવારે સરકારી કચેરીઓ અને બેંકો ખુલ્લી



**ગાંધીનગર, તા.23**

ગુજરાત સરકારે બકરી ઈદની જાહેર રજાની તારીખમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા જાહેરનામા મુજબ હવે બકરી ઈદની જાહેર રજા 27 મે 2026ના બદલે 28 મે 2026, ગુરુવારના રોજ રહેશે.

ગુજરાત સરકારે બકરી ઈદની રજામાં ફેરફાર કર્યો

અગાઉ જાહેર કરાયેલા વર્ષ 2026ના સરકારી રજાના કેલેન્ડરમાં બકરી ઈદની રજા 27 મે, બુધવાર દર્શાવવામાં આવી હતી. જોકે તહેવારની તારીખમાં થયેલા ફેરફારને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સુધારેલો આદેશ જાહેર કર્યો છે. નવી સૂચના અનુસાર રાજ્યની તમામ સરકારી કચેરીઓ, બેંકો, બોર્ડ-નિગમો, પંચાયત કચેરીઓ તેમજ રાજ્ય સરકાર હેઠળની સંસ્થાઓ 27 મે, બુધવારે નિયમિત રીતે ચાલુ રહેશે. જ્યારે 28 મે, ગુરુવારે જાહેર રજાનું પાલન કરવામાં આવશે. સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવ જ્વલંત ત્રિવેદીએ રાજ્યપાલના આદેશથી આ સુધારેલી સૂચના જાહેર કરી છે.

# સેક્ટર-17 પોસ્ટ ઓફિસનું આધાર કેન્દ્ર હવે રવિવારે પણ ખુલ્લું રહેશે

## બાયોમેટ્રિક વિગતોની સુધારણા જેવી કે નવો ફોટો પડાવવો, ફિંગરપ્રિન્ટ અપડેટ કરવા અથવા આઈરિસ સ્કેન કરાવવા જેવી પ્રક્રિયાઓ પણ કરી શકાશે

**ગાંધીનગર, તા.23**

ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં વસતા નાગરિકો તેમજ ખાસ કરીને નોકરિયાત વર્ગ માટે સરકારી કામકાજ અર્થે એક મહત્વપૂર્ણ અને રાહત આપનારા સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગર પોસ્ટલ ડિવિઝન દ્વારા સ્થાનિક જનતાની સુવિધામાં વધારો કરવાના હેતુથી હવે સેક્ટર-17 સ્થિત મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે આવેલું આધાર કેન્દ્ર દર રવિવારના દિવસે પણ સંપૂર્ણપણે કાર્યરત રાખવામાં આવશે. સામાન્ય રીતે નોકરિયાત વર્ગ, શ્રમિકો અને વિદ્યાર્થીઓ માટે અઠવાડિયાના ચાલુ દિવસો દરમિયાન પોતાના વ્યસ્ત સમયપત્રકમાંથી સમય કાઢીને આધાર કાર્ડ સંબંધિત કામગીરી કરાવવી ખૂબ જ પડકારજનક સાબિત થતી હોય છે. કામકાજના દિવસોમાં સમયના અભાવે ઘણા લોકો લાંબા સમય સુધી પોતાના દસ્તાવેજોમાં જરૂરી સુધારા વધારા કરાવી શકતા નથી. નાગરિકોની આ મુશ્કેલીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ ખાસ સુવિધા રવિવારના દિવસે પણ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી રજાના દિવસે લોકો સરળતાથી પોતાનું કામ પતાવી શકે. આ નવી વ્યવસ્થા અંતર્ગત રવિવારના દિવસે ગાંધીનગર સેક્ટર-17ની મુખ્ય પોસ્ટ




ઓફિસનું આ કેન્દ્ર સવારે 10 થી સાંજના 6 વાગ્યા સુધી સતત ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન નાગરિકો વિવિધ પ્રકારની સેવાઓનો લાભ મેળવી શકશે. જેમાં નવા આધાર કાર્ડની નોંધણી કરાવવાથી લઈને મોબાઈલ નંબર અપડેટ કે તેમાં સુધારણા કરાવવાની કામગીરી ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત બાયોમેટ્રિક વિગતોની સુધારણા જેવી કે નવો ફોટો પડાવવો, ફિંગરપ્રિન્ટ અપડેટ કરવા અથવા આઈરિસ સ્કેન કરાવવા જેવી પ્રક્રિયાઓ પણ કરી શકાશે. તેમજ રહેઠાણના સરનામામાં ફેરફાર કે અન્ય તમામ જરૂરી સુધારાઓ આ કેન્દ્ર પર એક જ છત નીચે ઉપલબ્ધ બનશે. ગાંધીનગર પોસ્ટલ ડિવિઝન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે, વહીવટી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલી આ વિશેષ સુવિધાનો નાગરિકોએ મહત્તમ લાભ લેવો જોઈએ. આ રવિવારની વિશેષ સેવા અંગેની વધુ વિગતવાર માહિતી મેળવવા માટે અથવા કોઈ પણ પ્રકારની પૂછપરછ કે માર્ગદર્શન માટે નાગરિકોએ સેક્ટર-17 ગાંધીનગરની મુખ્ય પોસ્ટ ઓફિસનો રૂબરૂ સીધો સંપર્ક સાધવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે તંત્રના આ નિર્ણયને પગલે આધાર કેન્દ્રો પર ચાલુ દિવસોમાં થતી ભીડમાં પણ મોટો ઘટાડો નોંધાશે તેવી આશા રાખવામાં આવી રહી છે. આ રવિવારની વિશેષ સેવા અંગેની વધુ વિગતવાર માહિતી મેળવવા માટે અથવા કોઈ પણ પ્રકારની પૂછપરછ કે માર્ગદર્શન માટે નાગરિકોએ સેક્ટર-17 ગાંધીનગરની મુખ્ય પોસ્ટ ઓફિસનો રૂબરૂ સીધો સંપર્ક સાધવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે તંત્રના આ નિર્ણયને પગલે આધાર કેન્દ્રો પર ચાલુ દિવસોમાં થતી ભીડમાં પણ મોટો ઘટાડો નોંધાશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

